RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.


● સંવત ૨૦૮૨ આસો વદ -૧ સોમવાર તા.૨૬-૧૦-૨૦૨૬ અંક : ૨૫૧ વર્ષ : ૨૧ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

બંગાળની ખાડીમાં વાવાઝોડાનું સંકટ, ૧૪ રાજ્યોમાં વરસાદનું એલર્ટ

જમ્મુ-કાશ્મીર, હિમાચલ અને ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાંવેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે બરફવર્ષા શરૂ

નવીદિલ્હી,

બંગાળની ખાડીમાં સર્જાયેલું ઊંડું દબાણ હવે વિધિવત રીતે તીવ્ર વાવાઝોડી તોફાન 'અર્નબ' માં ફેરવાઈ ગયું છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ વાવાઝોડું ઝડપથી ઉત્તર-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધી રહ્યું છે, જેના કારણે ૧૪ રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદનું એલર્ટ જારી કરવામાં આવ્યું છે. તટીય વિસ્તારોમાં ૬૦ થી ૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તોફાની પવનો ફૂંકાઈ રહ્યા છે.



આ વાવાઝોડાની સીધી અસર ઓડિશા, આંધ્ર પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં જોવા મળી રહી છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સંબંધિત રાજ્ય સરકારોએ ફ્ફઈફ્લ અને જીફ્ઇફ્લની ટીમો તૈનાત કરી દીધી છે તથા માછીમારોને દરિયો ન ખેડવાની કડક સૂચના આપવામાં આવી છે.

વાવાઝોડા 'અર્નબ' ના કારણે દક્ષિણ ભારત અને પૂર્વીય રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છેઃ રેડ અને ઓરેન્જ એલર્ટઃ તામિલનાડુ, કેરળ, પુડુચેરી, આંધ્ર પ્રદેશ અને કર્ણાટકમાં ભારેથી અતિભારે વરસાદનું રેડ એલર્ટ જારી કરાયું છે. જ્યારે ઓડિશા, તેલંગાણા, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢમાં ઓરેન્જ એલર્ટ અપાયું છે.

અન્ય અસરગ્રસ્ત રાજ્યોઃ આ ઉપરાંત ઝારખંડ, બિહાર અને દિલ્હીના કેટલાક વિસ્તારોમાં પણ વાવાઝોડાના પ્રભાવ હેઠળ આગામી ૨૬ થી ૨૯ ઓક્ટોબર દરમિયાન વાદળછાયું વાતાવરણ અને હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. એક તરફ દક્ષિણ ભારત વાવાઝોડા સામે ઝઝૂમી રહ્યું છે, તો બીજી તરફ ઉત્તર અને મધ્ય ભારતમાં ગુલાબી ઠંડીનો પ્રારંભ થઈ ચૂક્યો છેઃ જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના ઊંચા પહાડી વિસ્તારોમાં નવા સક્રિય થયેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે બરફવર્ષા શરૂ થઈ છે. પહાડોમાંથી આવતા બર્ફીલા પવનોને કારણે દિલ્હી-દ્વઈ, ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં સવાર-સાંજ ગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. ઉત્તરાખંડના ઊંચા વિસ્તારોમાં તાપમાન શૂન્ય નજીક પહોંચી ગયું છે.

રાજકોટમાં વ્યાજખોરોના ત્રાસથી પતિ-પત્નીનો આપઘાત

રૂપિયા ૪ લાખના બદલે ૮ લાખ ચૂકવવા દબાણ કરાતા અંતિમ પગલું, વિસ્તારમાં શોકનો માહોલ

રાજકોટ, રાજકોટ શહેરમાં વ્યાજખોરોના અમાનવીય ત્રાસથી કંટાળીને એક દંપતીએ ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો હોવાની અત્યંત દુખદ અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. રમેશ ચાવડા અને તેમના પત્ની ભારતી ચાવડા નામના દંપતીએ આત્મહત્યા કરતા સમગ્ર વિસ્તારમાં શોક અને રોષની લાગણી ફેલાઈ ગઈ છે.પ્રાથમિક તપાસ અને માહિતી મુજબ, મૃતક દંપતીએ આર્થિક જરૂરિયાતના કારણે વ્યાજખોર પાસેથી ૪ લાખ રૂપિયા વ્યાજે લીધા હતા. વ્યાજખોરો દ્વારા પઠાણી ઉઘરાણી કરીને મૂડી અને વ્યાજ સહિત કુલ ૮ લાખ રૂપિયા ચૂકવવા માટે સતત દબાણ કરવામાં આવતું હતું. આ ત્રાસ સહન ન થઈ શકતા આખરે પતિ-પત્નીએ આત્યંતિક પગલું ભર્યું હતું.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે બંનેના મૃતદેહને કબજે કરીને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યા છે. આ ગંભીર મામલે ભક્તિનગર પોલીસ સ્ટેશન દ્વારા વધુ તપાસ શરૂ કરવામાં આવી છે અને વ્યાજખોરો સામે કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

ગુજરાતમાં ફાયર સેફ્ટીના નિયમો અત્યંત કડકઃ નવા સુધારા નિયમો-૨૦૨૬ને મંજૂરી

શૈક્ષણિક સંસ્થાઓ અને પંડાલો માટે એન.ઓ.સી. ફરજિયાત

અમદાવાદ,

નાગરિકોની સુરક્ષા અને ઇમારતોની સલામતી સુનિશ્ચિત કરવા માટે ગુજરાત સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા ૨૩ ઓક્ટોબરે 'ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ સુધારા નિયમો ૨૦૨૬'ને મંજૂરી આપવામાં આવી છે. નવા કાયદા હેઠળ રાજ્યમાં જાહેર અવરજવર ધરાવતા કાયમી અને હંગામી તમામ સ્થળો માટે ફાયર સેફ્ટીના નિયમો અત્યંત કડક બનાવવામાં આવ્યા છે.

નવા નિયમો મુજબ, રાજ્યમાં ૧૫ મીટર કે તેથી વધુ ઊંચાઈ ધરાવતી તમામ ઇમારતો અને ૯ મીટર કે તેથી વધુ ઊંચાઈ ધરાવતી શૈક્ષણિક સંસ્થાઓ (શાળાઓ-કોલેજો) માટે ફાયર એન.ઓ.સી. લેવું કે રિન્યુ કરાવવું ફરજિયાત બન્યું છે. આ ઉપરાંત તમામ હોસ્પિટલો, હોટલો, પેટ્રોલ પંપો, મલ્ટિપ્લેક્સ, મલ્ટીલેવલ કાર પાર્કિંગ તેમજ ૫૦૦ ચોરસ મીટરથી વધુ બાંધકામ ધરાવતી કોમર્શિયલ ઇમારતોને પણ આ દાયરામાં આવરી લેવાયા છે.ગરબા, પ્રદર્શનો કે અન્ય જાહેર કાર્યક્રમો માટે ઊભા થતા હંગામી પંડાલો અને સ્ટ્રક્ચર્સ માટે પણ ફાયર સર્ટિફિકેટ મેળવવું અનિવાર્ય કરાયું છે. ૫૦ કે તેથી વધુ લોકો એકઠા થતા હોય તેવા સ્થળો પર ૨ થી ૩ ટ્રેન્ડ સિક્યોરિટી ગાર્ડ ૨૪ કલાક તૈનાત રાખવા પડશે અને એન્ટ્રી-એક્ઝિટ ગેટ ઓછામાં ઓછા ૫ ફૂટ સર્ટિફિકેટના રિન્યુઅલ માટે મુદત પૂરી થવાના ઓછામાં ઓછા ૬૦ દિવસ અગાઉ અરજી કરવાની રહેશે તેમજ ફાયર સિસ્ટમની ચકાસણી અંગેનું સેલ્ફ-ડેકલેરેશન ગુજરાત ફાયરબ્રિગેડના પોર્ટલ પર નિયમિત અપલોડ કરવાનું રહેશે.

જમ્મુ રેલવે સ્ટેશન સામે શિવ માર્કેટમાં ભીષણ આગ, ૩૫થી વધુ દુકાનો સ્વાહા

શોર્ટ સર્કિટના કારણે આગ લાગવાની આશંકા, કરોડો રૂપિયાનું નુકસાન

જમ્મુ,

જમ્મુઃ જમ્મુ રેલવે સ્ટેશન નજીક આવેલા પ્રખ્યાત શિવ માર્કેટમાં રવિવારે મોડી રાત્રે અચાનક ભયાનક આગ ફાટી નીકળવાની ઘટના સામે આવી છે. જોતજોતામાં આગની જ્વાળાઓએ સમગ્ર બજારને પોતાની લપેટમાં લઈ લીધું હતું. બનાવની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ હાથ ધર્યો હતો. આગ ઝડપથી ફેલાઈ ગઈ અને ૩૫થી ૪૦ દુકાનોને પોતાની ઝપેટમાં લઈ લીધી હતી. આગના કારણે લાખો કરોડો રૂપિયાનું નુકસાન થયું હોવાનો અંદાજ છે.

બનાવની ગંભીરતાને જોતાં સ્થાનિક ભાજપ વિધાયક વિક્રમ રંધાવા તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેમણે માહિતી આપતાં જણાવ્યું હતું કે, શિવ માર્કેટ એ જમ્મુ રેલવે સ્ટેશન નજીકનો એક અતિ મહત્વપૂર્ણ અને વ્યસ્ત વેપારી વિસ્તાર છે. આ માર્કેટમાં મુખ્યત્વે ડ્રાયફ્રૂટ્સ, ગરમ ધાબળા, ખાણી-પીણીના સ્ટોલ અને વિવિધ હોટેલ-ઢાબા આવેલા છે. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે, કોઈ એક દુકાનમાં શોર્ટ સર્કિટ થવાને કારણે આગ લાગી હતી. ફાયર બ્રિગેડના વાહનો પહોંચે તે પહેલાં જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આસપાસની દુકાનોમાં ઝડપથી ફેલાઈ ગઈ હતી.વિધાયક વિક્રમ રંધાવાના પ્રાથમિક અંદાજ પ્રમાણે, આ આગમાં લગભગ ૩૫થી ૪૦ જેટલી દુકાનો સંપૂર્ણપણે બળીને રાખ થઈ ગઈ છે.

ઓપરેશન સિંદૂર સાબિત કરે છે કે કોઈ પણ લક્ષ્ય ભારતીય વાયુસેનાની પહોંચની બહાર નથી,વાયુસેનાના વડા

એર ચીફ માર્શલે કહ્યું કે આપણા સ્વદેશી શસ્ત્રોએ શાનદાર પ્રદર્શન કર્યું

નવીદિલ્હી,

વાયુસેનાના વાયુસેનાના વડા, એર ચીફ માર્શલ એપી સિંહે રવિવારે 'ઓપરેશન સિંદૂર' વિશે ખુલ્લેઆમ વાત કરી. દુશ્મન પાકિસ્તાનને ચેતવણી આપતા, એર ચીફ માર્શલે કહ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય વાયુસેનાના ચોકસાઈભર્યા હુમલા, જે પશ્ચિમી મોરચા પર ૧,૨૦૦ કિલોમીટરના વિસ્તાર અને ૨૦૦ કિલોમીટર સુધી ઊંડાણમાં આવરી લે છે, તે સાબિત કરે છે કે કોઈ પણ લક્ષ્ય તેની પહોંચની બહાર નથી. વાયુસેનાના વડાની ટિપ્પણીઓને પાકિસ્તાન માટે ચેતવણી તરીકે જોવામાં આવી રહી છે. પીટીઆઈ સાથેની એક મુલાકાતમાં, વાયુસેનાના વડાએ જણાવ્યું હતું કે 'ઓપરેશન સિંદૂર' એ વાયુસેનાના ક્ષમતા-કેન્દ્રિત અભિગમને માન્ય કર્યો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ ઓપરેશને ફરી એકવાર કોઈપણ કટોકટીમાં પ્રથમ પ્રતિભાવ આપનાર દળ તરીકે વાયુસેનાની નિર્ણાયક ભૂમિકા અને દુશ્મનને હુમલો કરતા અટકાવવા માટે તેની અસરકારક લશ્કરી ક્ષમતાની પુષ્ટિ કરી છે.જોકે, વાયુસેનાના વડાએ ચેતવણી આપી હતી કે આ અભિગમને માન્ય કરવાનો અર્થ એ



નથી કે "આપણે અહીં રોકાઈ જવું જોઈએ." આપણે આપણી ક્ષમતાઓને વધુ મજબૂત અને વિસ્તૃત કરવાની જરૂર છે.

મિઝોરમ, મણિપુર અને આસામમાં કેન્દ્રીય એજન્સીના મોટા દરોડાઃ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ-હવાલા રેકેટ પર્દાફાશ

ભારત-મ્યાંમાર સરહદે ચાલતા ક્રોસ બોર્ડર રેકેટમાં ૧૮ આરોપીઓની ધરપકડ; ૧,૪૨૪ બેન્ક ખાતા ફ્રીઝ અને ૧૭.૮૨ કરોડ જપ્ત

નવીદિલ્હી,

કેન્દ્રીય એજન્સીઓ અને સ્થાનિક પોલીસ દ્વારા મિઝોરમ, મણિપુર અને આસામમાં ૩૮ સ્થળોએ સંયુક્ત દરોડા પાડીને એક મોટા આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ અને હવાલા રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ કાર્યવાહી દરમિયાન ૧૮ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, ૧,૪૨૪ શંકાસ્પદ બેન્ક ખાતા ફ્રીઝ કરવામાં આવ્યા છે અને ૧૭.૮૨ કરોડ રૂપિયા જપ્ત કરવા સાથે કુલ ૨૬ કરોડ રૂપિયાની સંપત્તિ ટાંચમાં લેવામાં આવી છે. આ નેટવર્ક ભારત-મ્યાંમાર સરહદ સાથે જોડાયેલું છે. મ્યાંમારથી હેરોઈન, બ્રાઉન શુગર અને મેથાફેટામાઈન જેવી નશીલી ટેબલેટ્સની ગેરકાયદે તસ્કરી કરી તેને મિઝોરમ અને મણિપુર થઈને ભારતના અન્ય ભાગો તેમજ બાંગ્લાદેશમાં પહોંચાડવામાં આવતી હતી, જ્યારે ભારતમાંથી મ્યાંમાર કેમિલક્સ મોકલવામાં આવતું હતું.

પટનામાં કોંગ્રેસ પ્રમુખ ખડગેનું વિવાદાસ્પદ નિવેદનમોદીનો બાપ પણ જશે', ભાજપ દ્વારા કરાઈ આકરી ટીકા

બિહાર કોંગ્રેસમાં હોબાળો અને આંતરિક વિવાદ વચ્ચે ખડગેના પીએમ પર પ્રહાર; બેલેટ પેપરથી ચૂંટણી અને 'એસઆઈઆર' રદ કરવાની માગ



પટના,

પટનામાં બિહારના પહેલા મુખ્યમંત્રી ડો. કૃષ્ણ સિંહની ૧૩૮મી જયંતી પ્રસંગે યોજાયેલા કોંગ્રેસના કાર્યક્રમમાં ભારે આંતરિક વિખવાદ અને હોબાળો જોવા મળ્યો હતો. આ દરમિયાન કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ વિવાદાસ્પદ ટિપ્પણી કરતા કહ્યું હતું કે, 'મોદીનો બાપ પણ જશે.' કાર્યક્રમની અંદર અને બહાર બિહાર કોંગ્રેસના સ્થાનિક નેતાઓને હટાવવાની માગને લઈને વિરોધ પ્રદર્શનો થયા હતા અને એક યુવકે ટોકતા ખડગેએ આ આક્રમક નિવેદન આપ્યું હતું.

ખડગેએ દેશમાં છેલ્લા બે વર્ષમાં યોજાયેલી ચૂંટણીઓ રદ કરીને આગામી તમામ ચૂંટણીઓ બેલેટ પેપરથી કરાવવાની માગ કરી હતી. તેમણે ચૂંટણી પંચની મતદાર યાદી સુધારા માટેની 'એસઆઈઆર' કાર્યવાહીને ગેરરીતિ ગણાવી તેને તાત્કાલિક રોકવાની માગ કરી હતી અને આ વિરોધને આઝાદીની બીજી લડાઈ સાથે સરખાવ્યો હતો. વધુમાં, તેમણે આરએસએસ અને ભાજપને ભાગલાવાદી ગણાવતા દાવો કર્યો હતો કે જ્યાં સુધી આરએસએસ નાબૂદ નહીં થાય ત્યાં સુધી દેશમાં શાંતિ નહીં સ્થપાય.ખડગેના આ નિવેદનથી રાજકારણ ગરમાયું છે. કેન્દ્રીય મંત્રી અન્નપૂર્ણા દેવીએ આકરી પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે વડાપ્રધાન અને તેમના દિવંગત પિતા વિરુદ્ધ અસભ્ય ભાષાનો ઉપયોગ અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે. ચૂંટણીઓમાં સતત પરાજયથી હતાશ કોંગ્રેસ પક્ષ હવે ગાળાગાળીનું રાજકારણ રમી રહ્યો છે અને દેશની જનતા આ પ્રકારનું વર્તન ક્યારેય સાંખી નહીં લે.

ફ્રાંસમાં મોંઘવારી,આર્થિક અસમાનતા સામે ભીષણ રમખાણોઃ ૭૦,૦૦૦ પોલીસ તૈનાત કરાઈ

શૈક્ષણિક પ્રશ્નો અને મોંઘવારીથી ભભૂકેલો જનઆક્રોશ હિંસક બન્યો; 'બ્લેક શર્ટ્સ' અને 'યલો શર્ટ્સ' વચ્ચે રાજકીય સંઘર્ષ



પેરિસ,

પેરિસ સહિત ફ્રાંસનાં અનેક શહેરોમાં જીવનજરૂરિયાતની ચીજોના સતત વધતા ભાવ, ગેસ-વીજળીના ઊંચા દર, શાળાઓની જર્જરિત હાલત અને આર્થિક અસમાનતા સામે જનતા રણે ચઢી છે. વિદ્યાર્થીઓ દ્વારા શરૂ થયેલું આ આંદોલન વિશાળ જનઆક્રોશમાં પરિવર્તિત થતાં પેરિસ, માર્સીલે, લીયોન, બોર્ડોક્સ અને નાન્તેઝ સહિતના શહેરોમાં તોફાનો ફાટી નીકળ્યાં છે.

સ્થિતિ નિયંત્રિત કરવા દેશભરમાં ૭૦,૦૦૦ પોલીસ જવાનો તૈનાત કરવા પડ્યા છે. પ્રદર્શન દરમિયાન મોટાપાયે પથ્થરબાજી, સાર્વજનિક મકાનોની તોડફોડ, મોલ્સ અને દુકાનોની લૂંટ તેમજ વાહનોને આગ ચાંપવાની અરાજક ઘટનાઓ બની છે. પોલીસે ભીડને કાબૂમાં લેવા લાઠીચાર્જ, ટીયર ગેસ અને બખ્તરિયા ગાડીઓ સાથે વોટર કેનનનો ઉપયોગ કર્યો હતો, જેમાં અનેક લોકોને ઈજાઓ થઈ છે.સત્તાવાળાઓના મતે આ રમખાણો ડાબેરી વલણ ધરાવતા 'બ્લેક શર્ટ્સ' દ્વારા ચગાવવામાં આવી રહ્યા છે, જેની સામે મરીન પેનની ફાર-રાઈટ પાર્ટીના 'યલો શર્ટ્સ' મેદાને પડ્યા છે. આમ, મૂળભૂત જરૂરિયાતો અને અસમાનતાથી શરૂ થયેલી આ અશાંતિ હવે રાજકીય રંગ પકડી રહી છે. ફ્રાંસની આ કટોકટી હવે ઇટાલી, સ્પેન, આલ્બેનિયા, પોર્તુગલ અને આર્જેન્ટીના સુધી પ્રસરતી જોવા મળી રહી છે, જે 'હેવ્સ અને હેવનોટ્સ' (સંપન્ન અને વિહોણા વર્ગ) વચ્ચેના ગંભીર સંઘર્ષ તરફ ઈશારો કરે છે.



શ્રીમદ્ ભગવદ્ ગીતા ૧૮ અધ્યાયો અને ઉમદા જીવનદર્શન દ્વારા માનવ જીવનને નવો રાહ ચીંધે છે: મુખ્યમંત્રી

સુરત ખાતે રૂ.૧૨૫ કરોડના ખર્ચે નિર્માણ પામનાર 'ઈસ્કોન વરાછા મંદિર'નો ભવ્ય શિલાન્યાસ અને સત્કાર સમારોહ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ની ઉપસ્થિતિમાં યોજાયો

સુરત,

સુરતના કોસમાડા ખાતે રૂ.૧૨૫ કરોડના અંદાજિત ખર્ચે નિર્માણ પામનાર ભવ્ય 'ઈસ્કોન વરાછા મંદિર'નો શિલાન્યાસ અને દાતાશ્રીઓનો સત્કાર સમારોહ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિ માં યોજાયો હતો.

મુખ્યમંત્રીશ્રીએ સુરતમાં નિર્માણ થનારા આધ્યાત્મિક અને સાંસ્કૃતિક કેન્દ્ર એવા ઈસ્કોન મંદિરની શિલાઓનું પૂજન કર્યું હતું અને નરસિંહ યજ્ઞમાં આહૂતિ આપી હતી.

કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી, આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયા, રાજ્યસભાના સાંસદશ્રી ગોવિંદભાઈ ધોળકિયાની વિશેષ ઉપસ્થિતિમાં આયોજિત સમારોહમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના 'વિરાસત ભી, વિકાસ ભી'ના વિઝનને અનુસરીને વિકાસ સાથે આપણી સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિરાસતનું જતન સૌએ જોઈએ.



દેશની આસ્થાના અદ્વિતીય કેન્દ્ર સમાન રામ મંદિરના નિર્માણથી લઈને આપણા ધાર્મિક વારસાને જીવંત રાખવાનું કાર્ય વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં થઈ રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, ભગવદ કાર્યમાં યોગદાન આપવા અને તેમાં નિમિત્ત બનવાનો અવસર મળવો એ આપણા સૌ માટે સૌભાગ્યની વાત છે, અને આવા આયોજનો સમાજમાં દિવ્યતા અને સદ્ભાવના પ્રેરિત કરે છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતાના મહત્ત્વ પર પ્રકાશ પાડતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આપણા રોજબરોજના વ્યવહારિક જીવનની મૂંઝવણો અને પડકારો વચ્ચે ભગવદ્ ગીતાના ૧૮ અધ્યાયો આપણને જીવન જીવવાનો સાચો રાહ ચીંધે છે.

પ્રથમ અધ્યાયના 'અર્જુન વિષાદ યોગ'થી લઈને અંતિમ 'મોક્ષ સંન્યાસ યોગ' સુધીના તમામ અધ્યાયો મૂંઝવણથી સમજણ તરફ, નિરાશાથી આત્મવિશ્વાસ તરફ અને નિષ્ક્રિયતાથી કર્તવ્ય તરફ લઈ જવાની પ્રેરણા આપે છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, 'સાંખ્ય યોગ' આત્મજ્ઞાન, સ્થિર બુદ્ધિ અને કર્તવ્યનું મહત્વ સમજાવે છે. 'કર્મયોગ' નિષ્કામ કર્મ જ સાચી સાધના હોવાનું અને 'જ્ઞાન કર્મ સંન્યાસ યોગ' જ્ઞાનથી કર્મ પવિત્ર બનવાનું શીખવે છે.

ગુજરાતમાં હાઈકોર્ટ એડવોકેટ્સ એસો.સહિત તમામ વકીલ મંડળોની ૧૮ ડિસેમ્બરે યોજાશે ચૂંટણી

આ વખતની ચૂંટણીમાં વન બાર વન વોટના નિયમનો થશે ચુસ્ત અમલ

અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટે એડવોકટસ એસોસિએશન સહિત રાજ્યના ૨૮૨ એસોસિએશનની ચૂંટણી ૧૮ ડિસેમ્બરે યોજાશે.આ ચૂંટણી માટેનો કાર્યક્રમ ગુજરાત બાર કાઉન્સિલની ૨૪ ઓક્ટોબરે મળેલી બેઠકમાં જાહેર કરવામાં આવ્યો હતો. આ ચૂંટણીમાં વન બાર વન વોટના નિયમનો ચુસ્તપણે અમલ કરવામાં આવશે.બાર એસોસિએશનની ચૂંટણીઓમાં ૩૦ ટકા મહિલા વકીલ પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

આ અંગે મળતી માહિતી મુજબ રાજ્યના તમામ બાર એસોસિએશનોએ તેમના વકીલમંડળમાં નોંધાયેલા સભ્યોની યાદી ૨૦ નવેમ્બર, ૨૦૨૬ સુધીમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની કચેરીમાં મોકલવાની રહેશે. જ્યારે સ્થાનિક ચૂંટણી માટે ચૂંટણી કમિશનરની નિમણૂક કરવાની અંતિમ તારીખ ૨૧ નવેમ્બર રહેશે.

ત્યારબાદ તમામ બાર એસોસિએશનોએ મતદાર યાદી પોતાના નોટિસ બોર્ડ પર ૨૩ નવેમ્બર સુધીમાં પ્રસિદ્ધ કરવાની રહેશે. મતદાર યાદી અંગે કોઈ વાંધો કે તકરાર હોય તો ૨૫થી ૨૯ નવેમ્બર દરમિયાન ચૂંટણી કમિશનર સમક્ષ વાંધા અરજી રજૂ કરી શકાશે.

જ્યારે ૩૦ નવેમ્બરે આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. ચૂંટણી લડવા ઇચ્છુક ઉમેદવારો માટે ૧ થી ૫ ડિસેમ્બર દરમિયાન ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરાશે. ઉમેદવારી ફોર્મની ચકાસણી ૭ ડિસેમ્બરે કરવામાં આવશે.

ત્યારબાદ ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખ ૮ ડિસેમ્બર રહેશે અને ઉમેદવારી પાછી ખેંચાયા બાદ ૯ ડિસેમ્બરે ઉમેદવારોની આખરી યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. અંતે ૧૮ ડિસેમ્બરે મતદાન યોજાશે.

'રાષ્ટ્રીય એકતા દિવસ – ૨૦૨૬': ગાંધીનગર સચિવાલય ખાતેથી 'નેશનલ મોટરસાઈકલ રેલી'નું પ્રસ્થાન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'નેશનલ મોટરસાઈકલ રેલી'ને લીલી ઝંડી આપી સ્ટેચ્યુ ઓફ યુનિટી—એકતા નગર માટે ફ્લેગ ઓફ કરાવી

ગાંધીનગર,

અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે આગામી ૩૧મી ઓક્ટોબરે એકતા નગર ખાતે યોજાનાર 'રાષ્ટ્રીય એકતા દિવસ પરેડ'ના ઉપલક્ષ્યમાં, કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા 'ફાઇટ અગેઇન્સ્ટ ડ્રગ્સ' થીમ હેઠળ આયોજિત ભવ્ય 'નેશનલ મોટરસાઇકલ રેલી'ને રવિવારે ગાંધીનગર સચિવાલય સંકુલ ખાતેથી રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રસ્થાન કરાવ્યું હતું. સુરક્ષા દળોના પ્રચંડ ઉત્સાહ વચ્ચે મુખ્યમંત્રીશ્રીએ લીલી ઝંડી આપી રેલીને સ્ટેચ્યુ ઓફ યુનિટી—એકતા નગર (કેવડિયા) તરફ રવાના કરાવી હતી.

આ પ્રસંગે રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકે રેલી અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે, "આ મોટરસાઇકલ રેલીમાં દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (ઝછઁઘ)ની ટીમો સહભાગી થઈ છે. દરેક રાજ્યમાંથી ૫-૫ બાઇકર્સ આ રેલીમાં જોડાયા છે, જેમાં લદ્દાખ, જમ્મુ અને કાશ્મીર, પંજાબ, દિલ્હી, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન સહિતના રાજ્યો તેમજ ઝછઁઘના જવાનોનો સમાવેશ થાય છે. આ રેલીમાં દેશના વિવિધ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (ઝછઁઘ)ની કુલ ૪૫ ટીમો અને ૫૫૦થી વધુ જવાનો/અધિકારીઓ ૪ અલગ-અલગ ઝોન મારફતે ૨૭૫થી વધુ બાઇક સાથે ભાગ લઈ રહ્યા છે."

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "ગાંધીનગર ખાતેથી ફ્લેગ ઓફ થયા બાદ આ ટીમો આગળ વધીને કેવડિયા પહોંચશે. રેલીના સમગ્ર માર્ગ દરમિયાન અલગ-અલગ સ્થળોએ જાગૃતિ કાર્યક્રમો અને શપથ ગ્રહણ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેથી લોકોને ખાસ કરીને યુવા પેઢીને નશાના દૂષણથી દૂર રહેવા પ્રેરિત કરી શકાય. તમામ બાઇકર્સ કેવડિયા પહોંચશે અને ૩૧મી ઓક્ટોબરે યોજાનારી રાષ્ટ્રીય એકતા દિવસ પરેડમાં ગૌરવપૂર્વક ભાગ લેશે."

ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ દ્વારા તા. ૨૧મી ઓક્ટોબરે નવી દિલ્હીથી નોર્થ ઝોનની આ રેલીને ફ્લેગ ઓફ કરવામાં આવ્યું હતું, જે હરિયાણા અને રાજસ્થાન થઈને ગાંધીનગર આવી પહોંચી હતી.

અમદાવાદમાં ફરી હડતાળ પાડવાની રીક્ષા અને ટેક્સી એસોસિએશનની ચીમકી

સીએનજીના ભાવમાં વધારો સહિતના મુદ્દાઓને લઈને સરકારને આપ્યું અલ્ટિમેટમ

અમદાવાદ

અમદાવાદમાં રિક્ષા અને ટેક્સી ચાલકોએ ફરી એકવાર આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. જેમાં શહેરમાં સીએનજીમાં થયેલો ભાવ વધારો પાછો ખેંચવા અથવા સબસિડી આપવા, ઓનલાઈન એપ્લિકેશનમાં સરકાર દ્વારા નક્કી કરેલા નિયમ ભાડું આપવા અને ગેરકાયદે ચાલતા સફેદ નંબર પ્લેટવાળા ટુ વ્હીલર બંધ કરવા માટે ૨૮ ઓક્ટોબર સુધીનું ટ્રાન્સપોર્ટ કમિશનર અને સરકારને અલ્ટિમેટમ આપ્યું છે. તેમજ માંગણીઓ નહી સ્વીકારવામાં આવે તો ફરીથી ભૂખ હડતાલ અને રેલી યોજીને ચક્કાજામ કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

આ અંગે ગુજરાત સારથી સંઘ અને વડોદરા શહેર જીલ્લા રીક્ષા ચાલક યુનિયન ઉપરાંત અન્ય યુનિયનોએ તાત્કાલિક સીએનજીમાં થયેલો ભાવ પરત ખેંચવા અથવા સરકારને રાહત આપવાની માંગ કરી છે. તેમણે માંગ કરી છે કે સીએનજીના ભાવ નક્કી કરવાની પ્રક્રિયા પારદર્શક બનાવવામાં આવે અને ભાવવધારાનાં કારણોની સમીક્ષા કરવામાં આવે.તેમજ રિક્ષાચાલકોના સંચાલન ખર્ચને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા સમયાંતરે રિક્ષાભાડાની સમીક્ષા કરવામાં આવે.આ ઉપરાંત રિક્ષાચાલકો અને સામાન્ય મુસાફરોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજીને વ્યવહારુ ઉકેલ શોધવામાં



આવે.તેમજ જાહેર પરિવહનના ખર્ચમાં રાહત મળે તે માટે રાજ્ય સરકાર અને સંબંધિત સત્તાધિકારીઓ સંકલિત પગલાં ભરે.ચક્કાજામ કરશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી

આ પૂર્વે રિક્ષા અને ટેક્સી ચાલકો બંધ પાળ્યા બાદ ઓનલાઈન એપ્લિકેશનનો બહિષ્કાર કર્યો છે. તેમજ ઓનલાઈન એપ્લિકેશનમાં સફેદ નંબર પ્લેટની ટુ વ્હીલર બંધ કરવા માંગ કરવામાં આવી હતી. તેમજ એક મહિના પહેલા ટ્રાન્સપોર્ટ કમિશનર સાથે મળેલી બેઠક બાદ કોઈપણ પ્રશ્નોનું નિરાકરણ ન આવતા હવે રિક્ષા અને ટેક્સી યુનિયન દ્વારા ૨૮ ઓક્ટોબર સુધીમાં માંગણીઓનું નિરાકરણ લાવવા ટ્રાન્સપોર્ટ કમિશનર અને સરકારને અલ્ટિમેટમ આપ્યું છે. જો તેમની માંગ સ્વીકારવામાં આવે તો રિક્ષા અને ટેક્સી ચાલકો ભૂખ હડતાલ કરશે અને રેલી યોજી ચક્કાજામ કરશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

જોકે, આ દરમિયાન સોમવારે ૨૬ ઓક્ટોબરના રોજ રિક્ષા અને ટેક્સી ચાલકોના યુનિયનને ટ્રાન્સપોર્ટ કમિશનર કચેરીએ બેઠક માટે બોલાવવામાં આવ્યા છે.

વડોદરાથી પસાર થતી પશ્ચિમ એક્સપ્રેસ ટ્રેનમાંથી એમડી ડ્રગ્સનો જથ્થો ઝડપાયો

બે નાઈજીરિયન નાગરિકોની કરાઈ અટકાયત

વડોદરા,

અમૃતસરથી બાંદ્રા જતી પશ્ચિમ એક્સપ્રેસ ટ્રેનમાંથી વડોદરા ખાતે સ્ઢ ડ્રગ્સનો મોટો પ્રમાણમાં જથ્થો ઝડપાયો છે. ડ્રગ્સ પકડી પાડવા મામલે ઢઈંની ટીમે બાતમીના આધારે ચાલુ ટ્રેનમાંથી ડ્રગ્સના જથ્થા સાથે બે નાઈજીરિયન નાગરિકોની પણ અટકાયત કરેલ છે. જપ્ત કરાયેલા ડ્રગ્સની કિંમત કરોડો રૂપિયામાં હોવાનો અંદાજ છે. ઢઈંની ટીમે ડ્રગ્સની તપાસ માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (ઢ્રજ્ઞ)ની મદદ લીધી છે.

આ સમગ્ર મામલે મીડિયા સુત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, ઢઈંની ટીમને પશ્ચિમ એક્સપ્રેસ ટ્રેનમાં માદક પદાર્થ લઈ જવામાં આવતો હોવાની બાતમી મળી હતી. બાતમીના આધારે ટીમે ચાલુ ટ્રેનમાં ચેકિંગ શરૂ કર્યું હતું. તપાસ દરમિયાન શંકાસ્પદ માદક પદાર્થનો જથ્થો મળી આવતાં કાર્યવાહી કરવામાં આવી હતી. આ જથ્થા સાથે બે નાઈજીરિયન નાગરિકોને ઝડપી લેવામાં આવ્યા હતા.

વડોદરા રેલવે સ્ટેશન પર આવેલ ટ્રેનમાંથી ઢઈં દ્વારા જપ્ત કરવામાં આવેલા સ્ઢ ડ્રગ્સની કિંમત કરોડો રૂપિયામાં હોવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે. હજી સુધી, જપ્ત કરાયેલા ડ્રગ્સનું ચોક્કસ વજન, તેની બજાર કિંમત અને અન્ય વિગતો અંગે સત્તાવાર માહિતી હજી સ્પષ્ટ થઈ નથી. માદક પદાર્થની ઓળખ અને તેની પુષ્ટિ માટે ઢઈંની ટીમે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (ઢ્રજ્ઞ)ની મદદ લીધી છે. ઢ્રજ્ઞની તપાસ બાદ જપ્ત કરાયેલા પદાર્થ અંગે વધુ સ્પષ્ટતા થઈ શકશે.

મહત્વનું છે કે, ઢઈંની કાર્યવાહી બાદ બંને ઝડપાયેલા નાઈજીરિયન નાગરિકોને વડોદરા રેલવે પ્રોટેક્શન ફોર્સ (ઇઁઢ્ર) મથકે લઈ જવામાં આવ્યા હતા. હવે તપાસ એજન્સીઓ દ્વારા જપ્ત કરાયેલા પદાર્થના જથ્થા અને તેની હેરફેર અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે.

વડોદરામાં કંપનીનું સર્વર હેક કરીને રૂ.૧.૨૨ કરોડનું સાયબર ફ્રોડ

વડોદરા સાયબર ક્રાઈમ પોલીસે હાથ ધરી તપાસ

વડોદરા

ગુજરાતના વડોદરા શહેરમાં રૂપિયા ૧.૨૨ કરોડનો સાયબર ફ્રોડ કરવામાં આવ્યો હતો. આ અંગે વડોદરા સાયબર સેલમાં છાણીમાં ફાઇનાન્સિયલ કામકાજ કરતી ખાનગી કંપનીના માલિકોએ ફરિયાદ નોંધાવી હતી. જેમાં બે લોકોએ છાણી રોડ પર અર્થસેતુ સોલ્યુશન પ્રા.લિ.નામની કંપની શરૂ કરી છે અને તેમાં લોકોનું ફાઇનાન્સિયલ બાબતનું કામ કરે છે. જ્યારે ૧૭ ઓક્ટોબરના રોજ ઓક્ટોબરે અમારા કંપનીમાંથી બેન્કને જુદાજુદા બેન્ક એકાઉન્ટમાં પેમેન્ટ માટે રિક્વેસ્ટ જતાં રૂપિયા ૧.૨૨ કરોડનું પેમેન્ટ થયું હતું.આ ઉપરોક્ત એકાઉન્ટ તેમની જાણ બહારની હોવાથી શંકા ગઇ હતી. તેની તપાસ થતાં જાણવા મળ્યું કે સવા બે કલાક કંપનીની સર્વર હેક કરીને આ રકમ અન્ય એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. તેમજ આ અંગે ફરિયાદીએ સાયબર સેલના નેશનલ પોર્ટલ પર જાણ કર્યા બાદ વડોદરા સાયબર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ત્યારે પોલીસે બેન્ક ખાતાની વિગતો મેળવી તપાસ શરૂ કરી છે. જેમાં મળતી માહિતી મુજબ અજાણ્યા ઈસમોએ આ સર્વરના સ્ટેટિક આઈપી એડ્રેસનો ઉપયોગ કરીને અનઅધિકૃત રીતે કંપનીના સર્વરમાં સિસ્ટમ પ્રવેશ કર્યો હતો.

તેમજ સર્વરમાં અનઅધિકૃત પ્રવેશ કર્યા બાદ આરોપીઓએ ઓનલાઈન બેંકિંગ એપીઆઈ કી અને ક્રેડેન્શિયલ વિગતોનો ગેરકાયદે દુરુપયોગ કર્યો હતો.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને 'વંદે માતરમ શિબિર'ના યુવાનો સાથે પ્રેરણાદાયી સંવાદ યોજાયો

ગાંધીનગર,

ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે 'મેરા યુવા ભારત' દ્વારા ૨૨ થી ૨૮ ઓક્ટોબર દરમિયાન આયોજિત રાષ્ટ્રીય 'વંદે માતરમ શિબિર' અંતર્ગત એક ખાસ સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતના માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ દેશના વિવિધ રાજ્યોમાંથી આવેલા ૧૫૦થી વધુ ઉત્સાહી યુવા પ્રતિનિધિઓ સાથે આત્મીય મુલાકાત કરી હતી. આ રાષ્ટ્રીય શિબિરમાં કેરળ, તેલંગાણા, હિમાચલ પ્રદેશ, બિહાર, ઓડિશા તેમજ દાદરા અને નગર હવેલી અને દમણ-દીવના ૧૫૦થી વધુ યુવા પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે.

કાર્યક્રમ દરમિયાન રાજ્યપાલશ્રીએ યુવાનોને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, ભારત વિવિધતાઓથી ભરેલો દેશ છે, પરંતુ આપણી સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પરંપરાઓ 'વસુધૈવ કુટુંબકમ'ના સૂત્રથી બંધાયેલી છે. 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' અને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ દ્વારા યુવાનોમાં રાષ્ટ્રબોધ અને સાંસ્કૃતિક સમજ સુદ્રઢ થઈ રહી છે. તેમણે ઉમેર્યું કે વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત અને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં યુવા પેઢીની ભૂમિકા સૌથી મહત્વપૂર્ણ છે, તેથી યુવાનોએ જાતિવાદ, ભાષાવાદ અને ક્ષેત્રવાદથી ઉપર ઊઠીને પોતાના નાગરિક કર્તવ્યોનું નિષ્ઠાપૂર્વક પાલન કરવું જોઈએ.

આ સંવાદ સત્ર દરમિયાન શિબિરમાં ઉપસ્થિત અલગ-અલગ રાજ્યોના યુવાનોએ રાષ્ટ્ર નિર્માણ, પ્રાકૃતિક ખેતી, સામાજિક જવાબદારીઓ અને યુવા વિકાસને લગતા વિવિધ પ્રશ્નો રાજ્યપાલશ્રી સમક્ષ રજૂ કર્યા હતા. યુવાનો દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નો અને તેમની જિજ્ઞાસાઓનું રાજ્યપાલશ્રીએ ખૂબ જ સંતોષકારક સમાધાન કર્યું હતું, જેને કારણે તમામ યુવા પ્રતિભાગીઓમાં ભારે ખુશી અને ઉત્સાહ જોવા મળ્યો હતો. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે સ્વચ્છતા, જળ સંરક્ષણ, વૃક્ષારોપણ, પ્રાકૃતિક કૃષિ અને વિશેષરૂપે વ્યસનમુક્તિ માટે યુવાનોએ આગળ આવીને ભાવી પેઢીને નશાના દુષ્પ્રભાવથી બચાવવી જોઈએ, જે સમાજનું સામૂહિક ઉત્તરદાયિત્વ છે.

આ ગૌરવપૂર્ણ કાર્યક્રમમાં મેરા

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ૯૬મી 'ફિટ ઈન્ડિયા - સન્ડેઝ ઓન સાયકલ'નું આયોજન

સાયબર સુરક્ષા જાગૃતિ અને પરંપરાગત ભારતીય રમતોને પ્રોત્સાહન આપવામાં આવ્યું

અમદાવાદ,

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (જીછૈં), પ્રાદેશિક કેન્દ્ર, ગાંધીનગર દ્વારા રવિવારે અમદાવાદના આઈકોનિક નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ૯૬મી 'ફિટ ઇન્ડિયા - સન્ડેઝ ઓન સાયકલ'નું આયોજન કરવામાં આવ્યું હતું. સાયબર સુરક્ષાને કેન્દ્રીય થીમ તરીકે રાખીને, આ કાર્યક્રમમાં સાયકલિંગ, શારીરિક ફિટનેસ, સાયબર સુરક્ષા જાગૃતિ, સમાવેશીતા અને સમુદાયની ભાગીદારીને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

ટીમ ઇન્ડિયાના પેરા-સાયકલિસ્ટ શ્રીમતી ગીતા રાવ વિશેષ અતિથિ તરીકે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. એવરેસ્ટ વિજેતા અને ફિટ ઇન્ડિયા બ્રાન્ડ એમ્બેસડર સુશ્રી નિશા કુમારીએ પણ ભાગ લીધો હતો, જેમણે ઉપસ્થિત લોકોને ફિટનેસ, સ્થિતિસ્થાપકતા અને સક્રિય જીવનશૈલી અપનાવવા માટે પ્રેરણા આપી હતી.

ગુજરાત ક્રિકેટ એસોસિએશન (ઝ્છ) ના સહયોગથી આયોજિત આ સાયકલિંગ રેલીને નરેન્દ્ર મોદી સ્ટેડિયમના ગેટ નંબર ૧ થી પ્રસ્થાન કરાવવામાં આવી હતી અને તે ડેકાથલોન સ્પોર્ટ્સ કેમ્પસ ખાતે સંપન્ન થઈ હતી. મોટી સંખ્યામાં ઉત્સાહી યુવા સહભાગીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને અંદાજે ૩.૫ કિલોમીટરનું અંતર કાપીને ફિટનેસ, સમાવેશીતા અને સાયબર સુરક્ષા જાગૃતિનો સંદેશ ફેલાવ્યો હતો.

આ કાર્યક્રમની શરૂઆત ઉર્જાવાન ઝુમ્બા સત્ર સાથે થઈ હતી, ત્યારબાદ ચેસ, ફોસબોલ, લુડો, બેડમિન્ટન, વોલીબોલ અને અન્ય રમતો સહિતની મનોરંજક અને રમતગમત પ્રવૃત્તિઓ યોજાઈ હતી. આ પ્રવૃત્તિઓએ સહભાગીઓને ફિટનેસને મનોરંજન, આંતરક્રિયા અને સમુદાય જોડાણ સાથે જોડવાની તક પૂરી પાડી હતી.

ચાલુ ફિટ ઇન્ડિયા મૂવમેન્ટના ભાગરૂપે, એક સમર્પિત ફિટ ઇન્ડિયા ગેમ્સ ઝોન પણ બનાવવામાં આવ્યો હતો, જ્યાં સહભાગીઓએ પરંપરાગત ભારતીય રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પહેલે લોકોને ભારતની સમૃદ્ધ રમતગમત વિરાસત સાથે પુનઃ જોડાવા માટે પ્રોત્સાહિત કર્યા હતા, સાથે જ શારીરિક પ્રવૃત્તિ,

'અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ'માં ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના પ્રકાશન વિભાગ દ્વારા પુસ્તક પ્રદર્શન

અમદાવાદ,

ભારત સરકારના અગ્રણી પ્રકાશન ગૃહ, માહિતી અને પ્રસારણ મંત્રાલયના પ્રકાશન વિભાગ દ્વારા ૨૪ ઓક્ટોબરથી ૧ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન સાબરમતી રિવરફ્રન્ટ ઇવેન્ટ સેન્ટર, અમદાવાદ ખાતે 'અમદાવાદ ઇન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ ૨૦૨૬'માં ભાગ લેવામાં આવી રહ્યો છે. આ પ્રદર્શનનો સમય સવારે ૧૦:૦૦ થી રાત્રે ૯:૦૦ વાગ્યા સુધીનો છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી શિક્ષણ મંત્રાલય હેઠળના નેશનલ બુક ટ્રસ્ટ (દ્ર્ટ્ર) દ્વારા છૈંમ્ભનું આયોજન કરવામાં આવ્યું છે. માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે છૈંમ્ભ ૨૦૨૬નું ઉદ્ઘાટન કર્યું હતું.

અહીં ભારત, વર્તમાન પ્રવાહો, સામાન્ય જ્ઞાન, યુપીએસસી (જીજ્ઞ), જીપીએસસી (ઁજ્જઞ), એસએસસી (જીજ્જઞ) ની પરીક્ષાની તૈયારીઓ; કળા, સંસ્કૃતિ, વિજ્ઞાન અને ટેકનોલોજી, ઇતિહાસ, સ્વતંત્રતા સંગ્રામ, વિરાસત, બાળ સાહિત્ય, ગાંધીવાદી સાહિત્ય, આધુનિક ભારતના ઘડવૈયાઓ (ઋૈં શ્રેણી), ભારતના સાંસ્કૃતિક નેતાઓ (ઋૈં શ્રેણી), મહાનુભાવો અને જીવનચરિત્રો, ભાષણો અને લખાણો, રાષ્ટ્રપતિ ભવન શ્રેણી, દેશ અને લોકો, પર્યાવરણ, સ્વાસ્થ્ય અને પોષણ, રમતગમત અને રમતગમત ક્ષેત્રની હસ્તીઓ, વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ, મીડિયા અને કમ્યુનિકેશન, સંદર્ભ ગ્રંથો અને અન્ય ઘણા વિષયો પરના પુસ્તકો અને માસિક સામયિકો અનેક ભારતીય ભાષાઓમાં ડિસ્કાઉન્ટ સાથે ઉપલબ્ધ છે.

પ્રકાશન વિભાગ ૧૩ ભાષાઓમાં વિકાસલક્ષી માસિક 'યોજના', ગ્રામીણ વિકાસના મુદ્દાઓને સમર્પિત 'કુરુક્ષેત્ર', બાળ ભારતી અને આજકાલ સહિત ૧૭ માસિક સામયિકો તેમજ અઠવાડિયા 'એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ અને રોજગાર સમાચાર' પ્રકાશિત કરે છે, જે બાળકો, યુવાનો અને નાગરિકોમાં વ્યાપક વાચકવર્ગ ધરાવે છે.

સામયિકોનું સબસ્ક્રિપ્શન મેળવવા અને પુસ્તકો ખરીદી કરવા માટે, સ્ટોલ નંબર ઝ-૫૭ ની મુલાકાત લેવા અપીલ કરવામાં આવી છે. તેમજ ર્અદ્ધઠહઙ્કષ્ટેદ્ધઠર્ઙ્કૈંચર્ઙ્કૃંષ્ટદ્ધઠૈઙ્કચર્ઙ્કૃંર્ઙ્ક પર ઈમેલ કે ફોનઃ ૦૭૯-૨૬૫૮૮૬૬૯ સંપર્ક કરવા અથવા નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ, નેહરુ બ્રિજ ખૂણા, અમદાવાદ ખાતે આવેલી કાર્યાલયની મુલાકાત પણ કરી શકાય છે.

કૃપા કરીને અમારી વેબસાઇટઃ ૅૅૅ

અમરેલીના કમિગઢ મુકામે અંદાજે ૩.૧.૬૩ કરોડના ખર્ચે બનશે આધુનિક બ્રિજ

પાકા બ્રિજના નિર્માણથી વિદ્યાર્થીઓ અને ખેડૂતોને પરિવહનમાં પૂરતી સવલત મળશે



અમરેલી:અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પરિવહન અને માળખાકીય સવલતો વધુ સુદ્રઢ બનાવવાના ભાગરૂપે આજરોજ કમિગઢ મુકામે એક મહત્વપૂર્ણ વિકાસકાર્યનો પ્રારંભ થયો છે. રાજયના કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે બ્રિજ (પુલ)ના નિર્માણ કાર્યનું વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ માટે માર્ગ અને મકાન વિભાગ-પંચાયત હેઠળની ગ્રાન્ટમાંથી અંદાજે કુલ રૂ. ૧.૬૩ કરોડની માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે. આ માતબર ગ્રાન્ટના ઉપયોગથી બ્રિજનું કામ ગુણવત્તાયુક્ત અને સમયસર પૂર્ણ થાય તે માટે આગોતરું આયોજન કરી દેવામાં આવ્યું છે.

ગ્રામીણ વિસ્તારોનો સર્વાંગી વિકાસ એ સરકારની પ્રાથમિકતા રહી છે, જેના ભાગરૂપે ગ્રામ્ય માળખાકીય સુવિધાઓને મજબૂત કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. ગામડાઓમાં પાકા રસ્તા, વીજળી અને પાણીની સુવિધા સાથે આધુનિક કનેક્ટિવિટી પૂરી પાડવાથી સ્થાનિક અર્થતંત્રને વેગ મળે છે. કમિગઢ ખાતે આ નવનિર્મિત બ્રિજ ગ્રામ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસમાં એક નવું સીમાચિહ્ન સાબિત થશે, જે ગ્રામીણ જનજીવનના સ્તરને વધુ ઊંચું લાવશે.

આ બ્રિજની સુવિધા ઉપલબ્ધ થવાથી કમિગઢ અને તેની આસપાસના વિસ્તારના લોકોને ચોમાસા દરમિયાન પડતી હાલાકીમાંથી કાયમી મુક્તિ મળશે. અગાઉ નદી કે નાળા પર પાણી ફરી વળવાના કારણે વાહનવ્યવહાર ખોરવાઈ જતો હતો, પરંતુ હવે આ પાકા બ્રિજના નિર્માણથી કોઈપણ ઋતુમાં સુરક્ષિત અને ઝડપી પરિવહન શક્ય બનશે. આ સુવિધાથી ખાસ કરીને વિદ્યાર્થીઓ, ખેડૂતો પણ મોટો ફાયદો થશે.કમિગઢ મુકામે આયોજિત આ ખાતમુહૂર્ત પ્રસંગે તાલુકા પંચાયત હોદ્દેદારો, અગ્રણીઓ, સરપંચશ્રી અને પંચાયત સભ્યશ્રીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

અમરેલીમાં ઈકો અર્થ ફાઉન્ડેશનના નેજા હેઠળ 'વૃક્ષારોપણ' અભિયાન વેગવંતુ બન્યું

ઈકો અર્થ ફાઉન્ડેશન દ્વારા 'ફ્રી ધ ટ્રી મુવમેન્ટ' શરૂ કરવામાં આવી ; વૃક્ષોને તાર, જાળીઓની પકડ અને બ્લોક કોંક્રિટના બાંધકામોથી મુક્તિ આપવાનું લક્ષ્યાંક



અમરેલી:અમરેલી સ્થિત ઠેબી ડેમ વિસ્તારમાં પર્યાવરણ સંરક્ષણના ઉમદા હેતુ સાથે ઈકો અર્થ ફાઉન્ડેશનના નેજા હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજયના કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા, રાજુલા વિસ્તારના ધારાસભ્ય શ્રી હિરાભાઈ સોલંકી, ધારી-બગસરા વિસ્તારના ધારાસભ્ય શ્રી જે.વી.કાકડીયા સહિતના મહાનુભાવોએ વૃક્ષારોપણ કરીને પર્યાવરણ જતનનો અનેરો સંદેશ પ્રસરાવ્યો હતો.

આ તકે રાજયમંત્રીશ્રીએ પ્રકૃતિના જતન માટે વૃક્ષોનું મહત્વ સમજાવી, ઉપસ્થિત યુવાનો અને નાગરિકોને વધુમાં વધુ વૃક્ષો વાવવા તેમજ પર્યાવરણની સુરક્ષા માટે સક્રિય સહભાગી બનીને સમાજમાં એક અનેરો સકારાત્મક સંદેશ પ્રસરાવવા અપીલ કરી હતી.

પર્યાવરણ સંરક્ષણની ઝુંબેશના ભાગરૂપે, ઈકો અર્થ ફાઉન્ડેશન દ્વારા 'ફ્રી ધ ટ્રી મુવમેન્ટ' શરૂ કરવામાં આવી છે, જે અંતર્ગત વૃક્ષોને તાર, જાળીઓની પકડ અને બ્લોક કોંક્રિટના બાંધકામોથી મુક્તિ આપવાનું લક્ષ્યાંક છે.

ઈકો અર્થ ફાઉન્ડેશનના 'પ્રોજેક્ટ નવજીવન'ના ભાગરૂપે અમરેલી વિસ્તારમાં એક નવતર અભિગમ હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત માત્ર નવા છોડ રોપવા પૂરતું મર્યાદિત ન રહેતા, વિસ્તારના વર્ષો જૂના અને વિકસિત થઈ ચૂકેલા વૃક્ષોની યોગ્ય જાળવણી, સાચવણી તેમજ વૈજ્ઞાનિક પદ્ધતિથી માવજત કરવાના વિશેષ કાર્યો કરવામાં આવી રહ્યા છે. ફાઉન્ડેશનના પ્રયાસો અમરેલીના હરિયાળા વાતાવરણને ટકાઉ બનાવવામાં ખૂબ જ આશીર્વાદરૂપ સાબિત થશે.

ઉલ્લેખનીય છે કે, ક્લાઇમેટ ચેન્જની વૈશ્વિક સમસ્યાઓ સામે લડવા માટે જરૂરી ગ્રીન કવર વિકસિત કરવું, નવા વૃક્ષો રોપણની સાથે હયાત જૂના વૃક્ષોની જાળવણી પણ મહત્વની છે. આ હયાત વૃક્ષો વધુ ઓક્સિજન પૂરું પાડે છે. વૃક્ષોની વધુ સારી રીતે માવજત અને જાળવણી કરીને વધુમાં વધુમાં ઓક્સિજન ઉત્સર્જન કરવા માટેની સમગ્ર પ્રક્રિયાને વધુ કાર્યક્ષમ બનાવવાનું લક્ષ્યાંક છે.

ઠેબી ડેમ સાઈટ વિસ્તારમાં વૃક્ષારોપણ બાદ રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા તેમજ અમરેલી શહેરના વિવિધ સંગઠનોના હોદ્દેદારો અને આગેવાનો તેમજ સ્થાનિક અગ્રણીઓ, કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના લોકપ્રિય રેડિયો કાર્યક્રમ 'મન કી બાત' નું સામૂહિક શ્રવણ કરવામાં આવ્યું હતું.

આ તકે રાજયમંત્રીશ્રી અને ઉપસ્થિત સર્વે મહાનુભાવોએ વડાપ્રધાનશ્રી દ્વારા દેશના વિવિધ ભાગોમાં ચાલતા પ્રેરણાદાયી કાર્યો, સામાજિક ક્રાંતિ, સ્વચ્છતા અને વૃક્ષારોપણ પ્રવૃત્તિઓ, પર્યાવરણના સંરક્ષણને લગતા કાર્યો, જલ શક્તિ અને સ્વનિર્ભરતાના નવતર વિચારોને ખૂબ જ રસપૂર્વક શ્રવણ કરી, કાર્યક્રમ નિહાળીને રાષ્ટ્રનિર્માણના આ મહાઅભિયાનમાં સક્રિય યોગદાન આપવાનો દ્રઢ સંકલ્પ દોહરાવ્યો હતો.

પોલીસ સંભારણા દિવસ નિમિત્તે રક્તદાન કેમ્પમાં કુલ ૧,૯૭૫ બ્લડ બોટલ એકત્રિત કરાયું

જિલ્લા પોલીસ અધિક્ષક સહિતના ઉચ્ચ અધિકારીઓ દ્વારા પણ કરાયું રક્તદાન

(મિલાપ રૂપારેલ દ્વારા)
અમરેલી:





સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત અમરેલી જિલ્લા પોલીસ દ્વારા દર વર્ષે તા. ૨૧ ઓક્ટોબરના રોજ પોલીસ સંભારણા તરીકે ઉજવવામાં આવે છે. આ નિમિત્તે સામાજિક ઉત્તરદાયિત્વના ભાગરૂપે જિલ્લાભરમાં રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત ચાલુ વર્ષે પણ પોલીસ અધિક્ષક સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ, અમરેલી જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનો ખાતે તા. ૨૧ થી તા. ૨૪ દરમિયાન રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

રક્તદાન એ મહાદાન છે. ગત વર્ષ ૨૦૨૫ દરમિયાન અમરેલી જિલ્લા પોલીસ દ્વારા કુલ ૧,૩૪૮ બ્લડ બોટલ એકત્રિત કરવામાં આવી હતી. આ સેવાકીય કાર્યને આગળ ધપાવતા ચાલું વર્ષ ૨૦૨૬ દરમિયાન અમરેલી જિલ્લા પોલીસ દ્વારા કુલ ૧,૯૭૫ બ્લડ બોટલ એકત્રિત કરવામાં આવી છે, જે માનવસેવા પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આ અભિયાન અંતર્ગત જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનો દ્વારા નિર્ધારિત લક્ષ્યાંક સાથે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશન દ્વારા ૨૫૫, રાજુલા પોલીસ સ્ટેશન દ્વારા ૨૦૮ અને જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશન દ્વારા ૧૧૭ બ્લડ બોટલ એકત્રિત કરવામાં આવી હતી.

આ રક્તદાન કેમ્પ દરમિયાન વિવિધ બ્લડ બેંકોના સહયોગથી રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. જેમાં રેડ ક્રોસ બ્લડ બેંક, અમરેલી દ્વારા ૩૦૦, શાંતાબા ગજેરા સિવિલ હોસ્પિટલ બ્લડ બેંક, અમરેલી દ્વારા ૪૪૬, વેદ બ્લડ બેંક, અમરેલી દ્વારા ૫૦૦ તથા કે.કે. મહેતા સરકારી હોસ્પિટલ, સાવરકુંડલા દ્વારા ૬૮૮ બ્લડ બોટલ એકત્રિત કરવામાં આવી હતી.

આમ, અમરેલી જિલ્લા પોલીસ દ્વારા રક્તદાનના આ સેવાકીય અભિયાનને વધુ વ્યાપક બનાવી જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર રક્ત મળી રહે તે માટે પ્રશંસનીય પ્રયાસ કરવામાં આવ્યો છે.

જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર રક્ત મળી રહે અને રક્તદાન પ્રત્યે લોકોમાં જાગૃતિ કેળવાય તેવા ઉમદા હેતુથી અમરેલી જિલ્લા પોલીસ દ્વારા આ સેવાકીય પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. અમરેલી જિલ્લા પોલીસ દ્વારા તમામ નાગરિકો, યુવાનો તથા સેવાભાવી લોકોને રક્તદાન અભિયાનમાં સહભાગી બની માનવતાના આ મહાયજ્ઞને સફળ બનાવવા અપીલ કરવામાં આવે છે.

કુંકાવાવ તાલુકામાં કરોડોના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ

દેવગામ મુકામે રૂ. ૭૨ લાખના ખર્ચે નવનિર્મિત અદ્યતન પ્રાથમિક શાળાનું લોકાર્પણ કરતાં રાજ્યમંત્રી

અમરેલી:



ગુજરાત રાજ્યના કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કુંકાવાવ તાલુકાના દેવગામ અને દડવા રાંદલ મુકામે વિવિધ લોકઉપયોગી વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું છે. ગ્રામીણ વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓ વધુ મજબૂત કરવાના હેતુથી રાજ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં આ વિસ્તારને વિવિધ વિકાસલક્ષી કાર્યોની ભેટ મળી છે.

આ વિકાસ કાર્યો અંતર્ગત દેવગામ મુકામે બાળકોના શ્રેષ્ઠ શિક્ષણ માટે નવનિર્મિત પ્રાથમિક શાળાના અદ્યતન બિલ્ડિંગનું રાજ્યમંત્રીશ્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ગ્રામીણ સ્તરે શિક્ષણ સ્તરને વધુ ઉંચુ લાવવા અને વિદ્યાર્થીઓને આધુનિક સુવિધાઓ પૂરી પાડવાના હેતુથી આ નવનિર્મિત બિલ્ડિંગ અંદાજે રૂ. ૭૨ લાખની માતબર રકમના ખર્ચે આકાર પામ્યું છે.

શિક્ષણ ઉપરાંત આ પંથકની રોડ કનેક્ટિવિટીને વધુ સુદ્રઢ બનાવવા માટે રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે દેવગામથી સારંગપુર અને દેવગામથી દડવા રાંદલ સુવિધાપથના વિકાસકામનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું. માર્ગ અને મકાન વિભાગ-પંચાયતની ગ્રાન્ટ અંતર્ગત અંદાજે કુલ રૂ. ૨.૫ કરોડના અંદાજિત ખર્ચે આ બંને મહત્વપૂર્ણ સુવિધાપથનું નિર્માણ કરવામાં આવશે, જે વાહનચાલકોની મુસાફરી વધુ સુગમ બનાવશે.

આ જ પ્રવાસ દરમિયાન રાજ્યમંત્રીશ્રીએ દડવા રાંદલ મુકામે પણ સ્થાનિક અને બહારથી આવતા મુસાફરોની સુવિધા માટે અને મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને અંદાજે રૂ. ૫ લાખના ખર્ચે તૈયાર થનારા નવા બસ સ્ટેન્ડના બાંધકામનું ખાતમુહૂર્ત કર્યું હતું, જે આગામી સમયમાં સ્થાનિક મુસાફરો માટે ખૂબ આશીર્વાદરૂપ સાબિત થશે.

વિવિધ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ પ્રસંગે તાલુકા પંચાયત હોદ્દેદારો, અગ્રણી શ્રી પી.વી. વસાણી, કુંકાવાવ એ.પી.એમ.સી.ના ચેરમેન શ્રી ગોપાલભાઈ અંટાળા, સરપંચશ્રીઓ અને ગ્રામ પંચાયત સભ્યો સહિતના મહાનુભાવો અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

દેવગામથી દડવા રાંદલ અને દેવગામથી સારંગપુરની મજબૂત કનેકટ્વિટી માટે અંદાજે રૂ. ૨.૫ કરોડના ખર્ચે નવા સુવિધાપથ બનશે

લીલીયા ગામે બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી દ્વારા ૧૬ ટકા ડિવિડન્ડ અપાયું

ડો. તોમર, જિલ્લા પંચાયત સદસ્ય સાવજ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયો કાર્યક્રમ

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી: ગુજરાતમાં પ્રથમ નંબરનું સ્થાન ધરાવતી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીની લીલીયા શાખા દ્વારા આજે સભાસદો માટે ડિવિડન્ડ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ મંડળી દ્વારા દરેક સભાસદોને ૧૬ ટકા ડિવિડન્ડનું વિતરણ કરવામાં આવતાં સભાસદોમાં આનંદની લાગણી જોવા મળી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજ, સરપંચ વિજય શેખલીયા, જાણીતા તબીબ ડૉ. લક્ષ્મણસિંહ તોમર તથા લીલીયા પોલીસ સ્ટેશનના પ્રતિનિધિ ભુજબલદાન ગઢવી, સંજયભાઈ ઇટાલીયા અને સંજયભાઈ રબારીના હસ્તે સભાસદોને ડિવિડન્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે મંડળીના મેનેજિંગ ડિરેક્ટર પરીનભાઈ રાજપુરા, ડિરેક્ટર અશોકભાઈ જોશી, ખોડાભાઈ માળવિયા, પૂર્વ ડિરેક્ટર મગનભાઈ પાનવાળા, દિનેશભાઈ ભદ્રેશ્વરા તેમજ પૂર્વ બોર્ડ મેમ્બર કિશોરભાઈ જોબનપુત્રા, યોગેશભાઈ દવે,સહિત મિતુલ વાઢાળા અને મનોજભાઈ સેજપાલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા

ગુજરાતમાં પ્રથમ નંબરની મંડળી તરીકે ઓળખાતી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી દ્વારા સભાસદોને ૧૬ ટકા ડિવિડન્ડનું વિતરણ કરી સહકારી ક્ષેત્રમાં સભાસદો સાથેના આર્થિક જોડાણને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધર્મેન્દ્રભાઈ ગાયજન દ્વારા કરવામાં આવ્યું હતું, કાર્યક્રમ ના અંતે અશોકભાઈ જોશીએ આભારવિધિ કરી હતી.

ઉનામાં સ્વદેશી મેળા શોપિંગ ફેસ્ટિવલનો પ્રારંભ

કૈલેશ ભટ્ટ ઉના :ઉના નગરપાલિકા દ્વારા સ્વદેશી મેળા શોપિંગ ફેસ્ટિવલ-૨૦૨૬નું આયોજન કરાયું છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને સાકાર કરવાનો આ મેળાનો ઉદ્દેશ્ય છે. ઉનાના ધારાસભ્ય કાળુ રાઠોડે રીબીન કાપીને મેળાનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા અને સ્વદેશી વસ્તુઓના ઉપયોગ અંગે જાગૃતિ ફેલાવવાનો સંદેશ અપાયો. ઉદ્ઘાટન પછી ધારાસભ્ય રાઠોડે વિવિધ સ્ટોલ્સની મુલાકાત લીધી. તેમણે સ્થાનિક કલાકારો, કારીગરો, નાના વેપારીઓ અને સ્વસહાય જૂથોની બહેનો દ્વારા તૈયાર કરાયેલી ચીજવસ્તુઓ નિહાળી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના મજબૂત નેતૃત્વમાં 'શહેરની સાથે ગામડાના વિકાસ'ની નેમ સાકાર થઈ રહી છે:રાજ્યમંત્રી કૌશિક વેકરીયા

કેરીયાનાગસ મુકામે અંદાજે રૂ. ૫.૪૩ કરોડના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત સંપન્ન,સી.સી. રોડ, નવા બ્રિજ, હયાત રોડનું રિસર્ફેસિંગ અને કોઝ-વેના વિકાસકાર્યો થકી ગ્રામ્યકક્ષાએ માળખાકીય સુવિધામાં વધારો થશે







અમરેલી: અમરેલી તાલુકાના કેરીયાનાગસ મુકામે કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં વિવિધ લોકઉપયોગી વિકાસકાર્યોના ખાતમુહૂર્ત અને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કેરીયાનગસ ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે કુલ રૂ. ૫.૪૩ કરોડની માતબર રકમના ખર્ચે વિવિધ માળખાકીય વિકાસકામોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ વિકાસકાર્યોનું રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ ખાતમુહૂર્ત કર્યું હતુ.

ઉલ્લેખનીય છે કે, આ વિકાસકાર્યોમાં રૂ. ૧.૨૦ કરોડના ખર્ચે સી.સી. રોડનું નિર્માણ, રૂ. ૧.૨૦ કરોડના ખર્ચે બે નવા બ્રિજ (પુલ)ની કામગીરી, રૂ. ૩ કરોડના ખર્ચે કેરીયાનાગસ-વરસડા રોડની રિસર્ફેસિંગ કામગીરી તેમજ રૂ. ૩ લાખના ખર્ચે નવા કોઝ-વેના નિર્માણ કાર્યનો સમાવેશ થાય છે. આ વિકાસકાર્યો થકી આગામી સમયમાં સ્થાનિક પરિવહન અને માળખાકીય સુવિધાઓમાં મોટો સુધારો જોવા મળશે.

રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ સંબોધન કરતાં જણાવ્યું કે, અમરેલી જિલ્લામાં અનેક વિકાસકામો પૂર્ણ થયા છે અને અનેક વિકાસકાર્યો પ્રગતિ હેઠળ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારમાં વિકાસના કામની રજૂઆત કરો અને એ રજૂઆતને ધ્યાને લઈને ત્વરાએ મંજૂરી મળે છે. રાજ્યમંત્રીશ્રીએ ભારપૂર્વક ઉમેર્યું કે, અમરેલીની ઐતિહાસિક ધરોહર ગાયકવાડી રાજમહેલ નવીનીકરણ હોય કે, હેરિટેજ ક્લોક ટાવરનો રીસ્ટોરેશન પ્રોજેક્ટ, દરેક કાર્યને પ્રાધાન્ય સાથે આગળ ધપાવવાની નેમ સાકાર થઈ રહી છે.

રાજ્યમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, અમરેલી શહેરમાં વીજ વાયર લાઈન અંડરગ્રાઉન્ડ થાય તે દિશામાં નક્કર કામગીરી સાથે માતબર રકમના બજેટ સાથે મેગા પ્રોજેક્ટ શરૂ થશે. ઠેબી નદી પરનો રીવરફ્રન્ટ પ્રોજેક્ટ, ખેતીવાડી વીજ લાઈનનું એમ.વી.સી.સી કેબલ પ્રોજેક્ટ અન્વયે રૂપાંતરણ વગેરે વિકાસકાર્યો સાકાર કરવાની નેમ છે.

ઉલ્લેખનીય છે કે, ભૌતિક વિકાસની સાથોસાથ ગામના પર્યાવરણને વધુ શુદ્ધ અને હરિયાળું બનાવવાના ઉદેશ્યથી એક વિશેષ વૃક્ષારોપણ ઝુંબેશ પણ શરૂ કરવામાં આવી હતી. સદ્ભાવના ટ્રસ્ટના સહયોગથી અંદાજિત રૂ. ૮૦ લાખના ખર્ચે આશરે ૨,૫૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર અને ઉછેર કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે. રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા અને ઉપસ્થિત મહાનુભાવોએ પ્રકૃતિ જતનના સંદેશ સાથે વૃક્ષારોપણ કરીને ગ્રામજનોને પણ પર્યાવરણ સંરક્ષણમાં સહભાગી થવા માટે આહ્વાન કર્યું હતુ.આ સમગ્ર કાર્યક્રમનું પ્રેરણાદાયી આયોજન અમરેલી જિલ્લા પંચાયતના દંડક શ્રી સોનલબેન જયેશભાઈ ગાંગડીયા તથા કેરીયાનાગસ ગામ પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.આ તકે જિલ્લા અને તાલુકા પંચાયતના પદાધિકારીશ્રીઓ તેમજ જિલ્લા અને તાલુકાના હોદેદારશ્રીઓ, બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર આસપાસ Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

કેપ ઓફ ગુડ હોપ અનોખો જળમાર્ગ

કેપ ઓફ ગુડ હોપ ના જલમાર્ગ નો ઉપયોગ સુરક્ષાની દૃષ્ટિએ કેટલીક પરિસ્થિતિમાં ઉપયોગી બની શકે છે, પરંતુ તેની કિંમત પણ છે. કેપ ઓફ ગુડ હોપ માર્ગે જહાજને આફ્રિકા ખંડની આસપાસ લાંબો પ્રવાસ કરવો પડે છે. અંતર વધે છે. ઇંધણનો વપરાશ વધે છે. જહાજને ગંતવ્ય સુધી પહોંચવામાં વધુ સમય લાગે છે. પરિણામે વિશ્વના સમુદ્રી વેપારમાં કેટલાક માર્ગો એવા છે, જે માત્ર બે દેશો કે બે ખંડોને જોડતા નથી, પરંતુ સમગ્ર વૈશ્વિક અર્થતંત્રને ગતિ આપે છે. સૂએઝ કેનાલ આવો જ એક મહત્વપૂર્ણ જળમાર્ગ છે. ઇજિપ્તમાં આવેલી આ માનવસર્જિત જળમાર્ગ વ્યવસ્થા ભૂમધ્ય સમુદ્રને લાલ સમુદ્ર સાથે જોડે છે. તેના કારણે એશિયા અને યુરોપ વચ્ચેના જહાજોને આફ્રિકા ખંડની આસપાસ લાંબો પ્રવાસ કરવાની જરૂર પડતી નથી.

ભારત જેવા દેશ માટે પણ સૂએઝ કેનાલનું વિશેષ મહત્વ છે. ભારતમાંથી યુરોપ તરફ જતા અને યુરોપમાંથી ભારત તરફ આવતા મોટા પ્રમાણમાં માલસામાનનો સમુદ્રી વેપાર આ માર્ગ સાથે જોડાયેલો છે. પેટ્રોલિયમ, કાચો માલ, મશીનરી, ઔદ્યોગિક ઉત્પાદનો અને કન્ટેનર માલસામાનની અવરજવર માટે આ માર્ગ અત્યંત ઉપયોગી છે. સમય અને ઇંધણની બચત થતી હોવાથી સૂએઝ માર્ગ વેપારીઓ માટે લાંબા સમયથી મહત્વનો રહ્યો છે. પરંતુ આજે સૂએઝ કેનાલ સામે પડકારો વધી રહ્યા છે. તેમાં સૌથી મોટો પડકાર કેનાલની અંદર કરતાં તેની આસપાસના વિસ્તારમાં ઊભી થયેલી સુરક્ષાની સ્થિતિ છે. ખાસ કરીને લાલ સમુદ્ર અને બાબ-અલ-મંદેબ વિસ્તારમાં સર્જાયેલા તણાવને કારણે આંતરરાષ્ટ્રીય જહાજ કંપનીઓએ પોતાના માર્ગ અંગે ફરી વિચારવું પડ્યું છે. યમનના હૂતી હુમલાઓને કારણે અનેક વેપારી જહાજો માટે લાલ સમુદ્રનો માર્ગ જોખમી બન્યો હતો. જહાજો પર હુમલાનો ભય ઊભો થતાં કેટલીક મોટી શિપિંગ કંપનીઓએ પોતાના જહાજોને સૂએઝ માર્ગે મોકલવાને બદલે આફ્રિકાના દક્ષિણ છેડે આવેલા કેપ ઓફ ગુડ હોપ માર્ગે વાળ્યાં હતાં. આ વિકલ્પ સુરક્ષાની દૃષ્ટિએ કેટલીક પરિસ્થિતિમાં ઉપયોગી બની શકે છે, પરંતુ તેની કિંમત પણ છે. કેપ ઓફ ગુડ હોપ માર્ગે જહાજને આફ્રિકા ખંડની આસપાસ લાંબો પ્રવાસ કરવો પડે છે. અંતર વધે છે. ઇંધણનો વપરાશ વધે છે. જહાજને ગંતવ્ય સુધી પહોંચવામાં વધુ સમય લાગે છે. પરિણામે માલના પરિવહનનો ખર્ચ પણ વધી શકે છે. આ વધારાનો ખર્ચ માત્ર શિપિંગ કંપની પૂરતો મર્યાદિત રહેતો નથી. આયાતકાર અને નિકાસકાર સુધી તેની અસર પહોંચે છે. કેટલાક કિસ્સામાં અંતે ગ્રાહકને પણ વધુ કિંમત ચૂકવવી પડી શકે છે. આ રીતે એક સમુદ્રી માર્ગની સુરક્ષા સમસ્યા વૈશ્વિક બજાર અને સામાન્ય ગ્રાહક સુધી અસર પહોંચાડી શકે છે. સૂએઝ કેનાલ સામેનો બીજો મોટો પડકાર ભૂરાજકીય અસ્થિરતા છે. મધ્યપૂર્વનો વિસ્તાર લાંબા સમયથી રાજકીય અને સૈન્ય તણાવનો સાક્ષી રહ્યો છે. જ્યારે આ વિસ્તારમાં યુદ્ધ અથવા તણાવ વધે છે ત્યારે તેની અસર સમુદ્રી વેપાર પર પણ પડે છે. જહાજોના વીમા ખર્ચમાં વધારો થઈ શકે છે. સુરક્ષા વ્યવસ્થા વધારવી પડે છે. ઇંધણના ભાવમાં ફેરફાર થઈ શકે છે અને માલવહનના દર પણ વધી શકે છે. આ પરિસ્થિતિમાં શિપિંગ કંપનીઓ માટે સૌથી મોટો પ્રશ્ન સુરક્ષા અને ખર્ચ વચ્ચે સંતુલન જાળવવાનો બને છે. ઓછા અંતરનો સૂએઝ માર્ગ પસંદ કરવામાં આવે તો સુરક્ષાનું જોખમ ધ્યાનમાં લેવું પડે છે. બીજી તરફ કેપ ઓફ ગુડ હોપનો માર્ગ પસંદ કરવામાં આવે તો સમય અને ખર્ચ વધે છે. એટલે વેપાર માટે બંને વિકલ્પો સંપૂર્ણપણે સરળ નથી. સૂએઝ કેનાલ સાથે જોડાયેલો બીજો મહત્વનો મુદ્દો છે એક જ માર્ગ પર વધારે નિર્ભરતા. વિશ્વના વેપારનો મોટો હિસ્સો આ માર્ગ સાથે જોડાયેલો હોવાથી અહીં કોઈ મોટી અડચણ ઊભી થાય તો તેની અસર ઝડપથી સમગ્ર સપ્લાય ચેઇન પર પડી શકે છે.

બાળ ઉછેરનો આધાર જૈવિક અને સામાજિક સ્થિતિ બને છે

શાળા વેકેશન ભાગરૂપે ભૂલકા ભવનમાં વાલી મેળાવડાનો એક કાર્યક્રમ હતો. વાલીઓ પોતાના સંતાનોને લઈ આવેલા, કાર્યક્રમના પ્રારંભે બાલમંદિરના સંચાલક શ્રી વીરેન્દ્રભાઈએ જણાવ્યું કે બાળકોનાં પ્રથમ પાંચ વર્ષના ઉછેર દરમ્યાન શરીર અને બુદ્ધિના પરસ્પર સંબંધો વિકસે છે. આથી જો મા-બાપ પોતાના બાળકને મારે છે તો બાળક તિરસ્કાર કરતું થઈ જાય છે અને જો બાળકને આવકાર મળે તો બાળક પ્રેમાળ બને છે. કાર્યક્રમનો બીજો ભાગ બાળકો માટે હતો. ઉપસ્થિત વાલી પૈકીના શ્રી સતિષભાઈ પોતાના ઘેર પાળેલા પોપટને લાવેલા. પોપટ બોલીનું પ્રદર્શન કરનાર હતો. પ્રથમ તેઓએ પોતાનો પોપટ શું શું બોલે છે તે શ્રોતાઓને કહ્યું અને પછી તો શી કમાલ ! પોપટ બોલે અને સાંભળનાર તરત કહી દે. પોપટ માસી બોલે છે. બીટ્ટુ બોલે છે, કોણ છે ? એવું બોલે છે.

કાર્યક્રમના અંતે એક બાળકે પોતાની આગવી શૈલીમાં વાર્તા કહી. વાર્તા એક સિંહની હતી કે જે સિંહ ત્રણ પેઢીથી (પાલતું પ્રાણી માટેના) જૂનો નિવાસી હતો. સિંહની દિનચર્યા વર્ણવતાં સહદેવે પાંજરામાં અપાતા ખોરાક ઉપર સિંહ કેવી રીતે કૂદે છે તે કરી બતાવ્યું ત્યારે વાલીઓ પણ જકડાઈ રહ્યા. વાર્તાનો સિંહ એક વખત બગીચાના મેનેજરની રજા લઈ જંગલમાં નીકળી પડે છે. પણ રે! સિંહભાઈને તો જંગલમાં બહુ મુશ્કેલી થઈ. ન છલાંગ મારતાં આવડે, ન ઝાડીમાં લપાતાં આવડે, ન હવાનો રૂખ પારખતાં આવડે અને એક દિવસ વિલા મોંઢે સિંહભાઈ પોતાના પાંજરામાં ભૂખ્યા પેટે પાછા ફર્યા... ને વાર્તા પૂરી કરતાં સહદેવે કહ્યું, જેનો જેવો ઉછેર તેની તેવી દુનિયા, ભૂલકા ભવનની એક સાંજ પૂરી થઈ પણ બાળઉછેર અંગે એક બાળકનું વિધાન નવો વિચાર રોંપી ગયું.

દુનિયાનાં પૃષ્ઠો ઉપર પ્રેમ અંગે ઘણું છપાયું છે. પરંતુ તાજેતરમાં એક જૈવિક રાસાયણિક પ્રક્રિયા તરીકે પ્રેમ અંગે જે સંશોધનો ઉપલબ્ધ બન્યાં છે તે જોતાં તો સ્પષ્ટ થાય છે કે પ્રેમ એ માનવીય ચેષ્ટાથી પર તેવી સાર્વત્રિક રાસાયણિક ઘટના બની રહે છે. જૈવિક રસાયણશાસ્ત્રના સંશોધનમાંથી કદાચ ફલિત થઈ રહ્યું છે કે બાળકના ઉછેરમાં જેટલો ખોરાક તરીકે રાસાયણિક પ્રક્રિયાનો ફાળો છે તેથી ઘણો ઓછો ફાળો મા-બાપના ઉછેરની તરાહનો હોય છે. જ્યારે બીજી તરફ મેડમ મોન્ટેસોરીથી શરૂ કરી આપણા બાળશિક્ષણકારોએ બાળકની અભિવ્યક્તિ તથા વર્તનને મોટેરાંઓના વ્યવહારની પ્રતિક્રિયા આડઅસર તરીકે ગણ્યું છે અને યુવકના અસંગત સામાજિક વર્તન માટે વાલીને જવાબદાર ગણવામાં આવ્યા છે. પરંતુ અહીં બાળકના સામાજિકરણ સાથે મા-બાપ કે કુટુંબના વાતાવરણ ઉપરાંત જે જે ઘટનાઓ ભળે છે તેને અંદેખી કરી દેવતા બાળકોના ઉછેર સંબંધે વાલીઓના વર્તન સાથેનો કાર્યકારણનો સંબંધ અર્ધસત્ય બની જાય છે.

બાળક વિશાળ સામાજિક વ્યવસ્થાનું અંગ બની રહે તે માટે તેની દરકાર રાખનાર વ્યક્તિ પાસે કેટલીક સહજ અપેક્ષા હોય છે. પરંતુ આ અપેક્ષાઓને ઘસી-માંજી, કેટલાક બાળશિક્ષણકારોએ બાળકમાં ઈશ્વરનું દર્શન આપ્યું અને સામા પક્ષે, તેના ઉછેર કરનાર વાલીઓમાં પાર વિનાની અણઆવડત રહી છે તેવું કહેવામાં આવ્યું. બાળશિક્ષણકારો તો ત્યાં સુધી કહે છે કે બાળક એક માટીના પિંડ જેવો છે અને મા-બાપ અને શિક્ષક એક કુશળ કારીગર માફક તેના જીવનને ઘાટ આપી શકે છે. આ વિચાર માટી અને કુંભારી કામ માટે સહસંબંધ રજૂ કરે છે. પણ માણસ જેવી જૈવિક રાસાયણિક પ્રક્રિયા પર આધાર રાખતા તેમજ જ અનેક અનુભવોનો સંચય કરીને કાર્યાન્વિત થતા દેહ માટે વાપરી શકાય નહીં. જેના પ્રમાણરૂપે આજે આપણા દેશના ઈતિહાસમાં અનેક તેજસ્વી વ્યક્તિઓનું જીવનકાર્ય મોજૂદ છે, જેમનો ઉછેર અત્યંત પ્રતિકૂળ સ્થિતિમાં થયેલો. બાળક અને વાલીઓના વર્તનનો સહસંબંધ હોત તો આજે યુરોપ અને અમેરિકાની સામાજિક વ્યવસ્થા તૂટી પડી હોત.

વિકાસ અને વિકલ્પ
-ડૉ. નાનક ભટ્ટ

શરીરવિજ્ઞાન સંબંધે તાજેતરના સંશોધનથી ફલિત થઈ રહ્યું છે કે શરીરનો પોતાનો રસાયણ ધર્મ હોય છે તે, તેનો આણવિક ધર્મ પણ હોય છે. જે બાબતો માણસના વર્તનને નક્કી કરવામાં મહત્વનો ફાળો ભજવે છે. આ સામે આપણે માતાપિતા કે બાળકની સંભાળ રાખનાર વ્યક્તિ પાસે જે વર્તન ગુણવત્તાની અપેક્ષા રાખીએ છીએ તેનું, બાળકના જીવન માટે તો અનુકરણથી કંઈ વધુ મહત્વનું નથી. આ વાત એક જૈવિક વર્તન સ્વરૂપે બાળ પ્રદર્શનમાં પોપટે પણ રજૂ કરી.

આપણે સહુ આપણા બાળપણને મળેલા વાર્તાઓના વારસાથી જ બાંધ-તત્વની વંછના કરતા હોઈએ છીએ. વાર્તાઓનાં અંત ભાગે પ્રસ્તુત થતું બોધ-તત્વ અને અનુકૂલનનો ભાગ હોય છે અને કંઈક અંશે સુખદ પરિણામલક્ષીય હોય છે. પરંતુ સમગ્ર સૃષ્ટિ ઉપર નિવાસ કરતા જીવનસમૂહના પરિપ્રેક્ષ્યમાં બાંધતત્ત્વમાં કંઈ સાર હોતો નથી અને આથી પાંજરામાં પણ સિંહ સુખી હોઈ શકે છે તે વાતનો સ્વીકાર કરવામાં કશું ખોટું નથી....

બાળશિક્ષણ સંબંધે ચિંતન કરનાર લોકોએ બાળકના ઉછેરને મા-બાપના પરિપ્રેક્ષ્યમાં વિચારનો એકાંગી પ્રયત્ન બદલવો જોઈએ અને આજે તો શહેરી સમાજ-વ્યવસ્થાની દોડધામમાં વાલીઓ બાળઉછેરના કાર્યમાં વધુ સમય વિતાવી શકે તેવી સામાજિક અનુકૂળતા પણ નથી. શહેરીકરણની આડઅસર સાથે આજે અનેક લોકો વહેલી સવારે ટ્રેન કે બસ માર્ગે મુસાફરી કરી પોતાના નિવાસથી ૫૦-૭૫ માઈલ દૂરના સ્થળે વ્યવસાય કરવા જાય છે. વીજળી, આવાસ અને પાણી તથા આરોગ્ય પ્રશ્નોનાં કારણો કુટુંબના અસ્તિત્વને ટકાવી રાખવાનું કામ પણ મા-બાપ માટે અનિવાર્ય બની રહે છે. સાથોસાથ દિન-પ્રતિદિન વધતી મોંઘવારીના કારણે ઘરની એક કરતાં વધુ વ્યક્તિઓએ અર્થ ઉપાર્જનમાં રહેવું પડે છે. આ સ્થિતિમાં મા-બાપ ઉપર દોષનો ટોપલો ઓઢાડી દેવા કરતાં બાળકોના ઉછેરની વાત સમગ્ર રીતે વિચારવી પડશે અને સ્વસ્થ વ્યક્તિઘડતર માટે સ્વયંભૂ વાતાવરણ તૈયાર કરવા વિચાર મૂકવો પડશે.

શહેરીકરણ આસપાસ ઊભી થયેલ સ્થિતિ જોતાં જણાય છે કે શહેરોની ઝૂંપડપટ્ટીમાં વસતાં બાળકો તેમજ શહેરોમાં સ્થળાંતર કરી કામચલાઉ નિવાસ કરતા શ્રમિકોનાં બાળકો કે જેઓને શિક્ષણ સાથે આર્થિક પ્રવૃત્તિઓ આપવી અનિવાર્ય બને છે તેમના ઉછેર માટે સમાજ અને સરકાર વિચારાશે નહીં, તો મોન્ટેસારી પદ્ધતિની હિમાયત સૈદ્ધાંતિક રહી જશે અને બાળકોના ઉછેરમાં જોવાતું રાષ્ટ્રનું ભવિષ્ય ધૂંધળું બની જશે.

ભગવાન નારાયણના વિરાટ સ્વરૂપનું વર્ણન

ભગવાન વિષ્ણુનાં નેત્રો અંતરિક્ષ છે, તેમની જોવાની શક્તિ સૂર્ય છે, બંને પોપચાં રાત અને દિવસ છે, એમનો ભ્રૂકુટિવિલાસ બ્રહ્મલોક છે

શ્રીમદ્ ભાગવતજીના દ્વિતિય સ્કંધના પ્રથમ અધ્યાયમાં ભગવાન નારાયણના વિરાટ સ્વરૂપનું વર્ણન શુકદેવજી મહારાજ કરે છે. આ વિશ્વ એ જ ભગવાનની મૂર્તિ છે એવો ભાવ આ પ્રસંગ દ્વારા ચરિતાર્થ થાય છે.

શ્રીશુકદેવજી મહારાજ બોલ્યા કે, 'હે પરિક્ષિત ! આસન, શ્વાસ, આસક્તિ અને ઈન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરીને, પછી બુદ્ધિ વડે મનને ભગવાનના સ્થૂળ રૂપમાં પરોવવું જોઈએ. મોટામાં મોટું આ જે વિશેષરૂપે દૃશ્યમાન સ્થૂળ વિરાટ બ્રહ્માંડ છે, તે જ વિશ્વરૂપમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાન સમયમાં દેખાઈ રહ્યું છે એવું અનંતકોટિનું બ્રહ્માંડ જ વિરાટપુરુષનો સ્થૂળ દેહ છે. આ વિશ્વબ્રહ્માંડના રૂપમાં રહેનારો વિરાટ પુરુષ પૃથ્વીના જળ, અગ્નિ, વાયુ, આકાશ, અહંકાર, મહત્તત્ત્વ અને પ્રકૃતિ - આ સાત આવરણોથી ઘેરાયેલો છે એને વિરાટ પુરુષ કહે છે, તેમાં જ ભગવાનના સમસ્ત અંગોની ધારણા કરવામાં આવે છે. તત્ત્વજ્ઞાની મનુષ્યો તે વિરાટ પુરુષનું વર્ણન કરતાં કહે છે કે, એ વિરાટ પુરુષનાં તળિયા પાતાળ છે, તેમની એડીઓ અને પંજા રસાતલ છે, બંને ઘૂંટીઓ તેમના પગની પીડીઓ તલાતલ છે. વિશ્વ-મૂર્તિ ભગવાનના બંને ગોઠણ સુતલ છે, જાંઘો વિતલ અને અતલ છે, પેડું ભૂતલ છે અને હે પરીક્ષિત ! તેમના નાભિરૂપી સરોવરને જ આકાશ કહે છે. આદિપુરુષ પરમાત્માની છાતીને સ્વર્ગલોક, ગળાને મહર્લોક, મુખને જનલોક અને લલાટને તપોલોક કહે છે. તે સહસ્ત્ર શિરવાળા ભગવાનના મસ્તક-સમૂહને સત્યલોક કહે છે. ઈન્દ્ર વગેરે દેવતાઓ તેમની ભુજાઓ છે. દિશાઓ કાન અને શબ્દ શ્રવણેન્દ્રિય છે. બંને અશ્વિનીકુમારો તેમની નાસિકા છે; ગંધ ઘ્રાણેન્દ્રિય છે અને પ્રજ્વલિત અગ્નિ તેમનું મુખ છે. ભગવાન વિષ્ણુનાં નેત્રો અંતરિક્ષ છે, તેમની જોવાની શક્તિ સૂર્ય છે, બંને પોપચાં રાત અને દિવસ છે, એમનો ભ્રૂકુટિવિલાસ બ્રહ્મલોક છે; તાળવું જળ અને જીભ રસ છે. વેદોને ભગવાનનું બ્રહ્મરંધ્ર અને યમને દાઢો કહે છે. બધી જાતના સ્નેહ દાંત છે અને તેમની જગન્મોહિની માયાને જ તેમનું સ્મિત કહે છે. લજ્જા એ ઉપરનો હોઠ અને લોભ એ નીચેનો હોઠ છે. ધર્મ સ્તન અને અધર્મ પીઠ છે. સમુદ્ર પેટ છે અને મોટા-મોટા પર્વતો તેમનાં અસ્થિસમૂહ છે.

હે રાજન ! નદીઓ વિશ્વમૂર્તિ વિરાટ પુરુષની નાડીઓ છે, વૃક્ષો રુવાંટાં છે, પરમ પ્રબળ વાયુ શ્વાસ છે, કાળ તેમની ચાલ છે અને ગુણોનું ચક્કર ચલાવ્યે રાખવું એ તેમનું કર્મ છે. હે પરીક્ષિત ! વાદળો તેમનાં કેશ મનાય છે, સંધ્યા તે અનંતનું વસ્ત્ર છે. મહાત્માઓએ અવ્યક્ત ને જ તેમનું હૃદય કહ્યું છે અને બધા વિકારોનો ખજાનો એવા ચંદ્રમાને તેમનું મન કહેવામાં આવ્યો છે. મહત્તત્ત્વને સર્વાત્મા ભગવાનનું ચિત્ત કહે છે અને રુદ્ર તેમનો અહંકાર છે. ઘોડા, ખચ્ચર, ઉંટ અને હાથી તેમના નખ છે. વનમાં રહેનારાં બધાં મૃગો અને પશુઓ તેમના કટિપ્રદેશમાં સ્થિત છે. જાત-જાતનાં પક્ષીઓની રચના તેમની અદ્ભુત શિલ્પકળા છે. મનુ તેમની બુદ્ધિ છે અને મનુનાં સંતાનો મનુષ્યો તેમનાં નિવાસસ્થાન છે. ગંધર્વ, વિદ્યાધર, ચારણો અને અપ્સરાઓ તેમના ષડ્જ વગેરે સ્મૃતિ છે. બ્રાહ્મણ મુખ છે, ક્ષત્રિય ભુજાઓ છે, વૈશ્ય જાંઘો છે અને શુદ્ર તે વિરાટ પુરુષનાં ચરણ છે. વિવિધ દેવતાઓના નામે જે મોટા-મોટા દ્રવ્યયજ્ઞો કરવામાં આવે છે તે તેમનાં કર્મો છે.

હે પરીક્ષિત ! વિરાટ ભગવાનના સ્થૂળ શરીરનું આ જ સ્વરૂપ છે. તે સ્વરૂપમાં મુમુક્ષુ મનુષ્ય બુદ્ધિ વડે મનને સ્થિર કરે છે. કારણ કે, એનાથી ભિન્ન અન્ય કોઈ વસ્તુ નથી. તે ભગવાન જ જગતમાં જેટલા પણ પ્રાણીઓ છે તે બધાંની બુદ્ધિઓ દ્વારા તમામ રૂપોમાં થઈને તે જ બધા પદાર્થોનો અને વિષયોનો અનુભવ કરે છે. તે ભગવાન બધા પ્રાણીઓના આત્મા છે. મોહનિન્દ્રાથી જાગેલો મનુષ્ય એક પરમાત્માનું જ દર્શન કરે છે. સત્ય તત્ત્વ એક જ છે, તે આનંદનો સાગર છે, તેમની ભક્તિ કરવી જોઈએ. ક્યાંય પણ આસક્ત ન થવું જોઈએ.

આ પ્રમાણે શુકદેવજી મહારાજે પરીક્ષિત રાજાને ભગવાનના વિરાટ સ્વરૂપનું વર્ણન કર્યું અને ભગવાનના ગુણગાન ગાયા. તો આવો આપણે સૌ ભગવાનના આ વિરાટ સ્વરૂપનું ધ્યાન ધરીએ એ જ ભાવ સહ અસ્તુ...

સત્યનો સ્વીકારને અસત્યનો નાશ એજ ધર્મ

માનવ જીવનમાં અનેક પ્રકારના સંસ્કારો પડેલા હોય છે. તે બધાને પરિણામે ટેવનું રૂપ ધારણ કરે છે. આમ ટેવ એ માણસનો સ્વભાવ બને છે. માણસ આજે જે કઈ છે, તે તેમની ટેવનું જ પરિણામ છે. માનવ જીવનમાં માણસ જ્યારે પોતાના આત્મિક સત્યનો, સ્વસ્થ ચિત્તે પ્રસન્ન અને સમતા યુક્ત સંતુલિત મનથી હૃદયપૂર્વક સ્વીકાર કરે છે ને મનમાંથી અસત્યનું નિવારણ, નાશ કરે છે, એટલે કે નિવૃત્તિ ધારણ કરે છે, ત્યારે જ તે અનુભૂતિ જન્ય સત્ય ધર્મનો સત્ય સ્વરૂપ ઉપાસક છે, તેમ સાબિત થાય, આવો સત્ય ધર્મનો ઉપાસક નિત્ય મુક્ત, નિત્ય આનંદ, નિત્ય શાંતિ ધારણ કરીને પરમ સત્યનું લક્ષ સિધ્ધ કરવા માટે દ્રઢ સંકલ્પ યુક્ત જીવન જીવતો હોય છે, આવા સત્ય સ્વરૂપ ધર્મના ઉપાસકને કોઇપણ પ્રકારની આસક્તિ મોહ, ભય ભ્રમ કે કોઇ સ્વાસ્થ યુક્ત પ્રલોભનકદી પણ કોઇપણ પરિસ્થિતિમાં વિચલિત કરી શકે જ નહી, આમ આવા ઉપાસકનું મન નિર્મળ શુભ અને તર્ક શુધ્ધ હોય છે. માણસ આજે જે કઇ છે, તે તેમની ટેવનું જ- પરિણામ છે. એથી તો માણસને એક પ્રકારનું આશ્વાસન મળે છે, કે જો આવો ફેરફાર યુક્ત સ્વભાવ જ હોય તો ટેવ ગમે ત્યારે બદલીએ એટલે સ્વભાવ બદલી શકીએ છીએ. દરેકે સંસ્કાર પોતાનો ડાઘ મનમાં મૂકતો જ જાય છે. તેને કાઢવા ધ્યાનનો અભ્યાસ કરવો પડે છે, એટલે આંતર ધ્યાનની સાધના કરવી જ પડે તે દ્વારા જ આ ડાઘ નાબૂદ થાય છે. આમ સમગ્ર ચરિત્ર એ બધા જ ડાઘ સરવાળો છે, અને જો શુભ સંસ્કાર તેનામાં પ્રબળ બને તો જ માણસ સારો અને સત્યવાદી થાય છે, અને જો ખરાબ સંસ્કાર પ્રબળ થાય તો માણસ, દુષ્ટ બને છે. જેનું પરિણામ ખતરનાક હોય છે. અને તે તેને ભોગવવું જ- પડતું હોય છે, તે છે જીવન ભર દુખ, ચિંતા અને તનાવગ્રસ્ત જીવન. જો માણસના જીવનમાં આત્મિક સત્યના આનંદ સ્વરૂપ સંસ્કારો પ્રબળ બને તો જ જીવનમાં પરમ આનંદ અને પરમ શાંતિ ધારણ કરી જીવન જીવી શકાય છે, એટલે જીવનમાં ખરાબ ટેવો છોડવાનો એક માત્ર ઉપાય છે, તેનાથી ઊલટી સારી સત્ય સ્વરૂપ ટેવો ધારણ કરો, અને તેનું આચરણ આત્મિક સત્ય સ્વરૂપ થઈને કરવા જ માંડો એજ સર્વ શ્રેષ્ઠ ઉપાય છે, એને જે જે- ખરાબ ટેવોના સંસ્કારો મન પર પડેલા છે, તેમને બધાને સારી ટેવોથી અને ધ્યાનની આંતર સાધનાથી ભૂસી નાખીને તેને કાબુમાં લેવાનું રાખવું જોઈએ.

વૃક્ષથી વેપાર સુધી: કાર્બન ક્રેડિટની નવી હરિયાળી અર્થવ્યવસ્થા

કાર્બન ક્રેડિટ એ આજના સમયનું એક એવું નાણાકીય સાધન છે જેણે પર્યાવરણની સુરક્ષા અને અર્થવ્યવસ્થાને એક જ દોરીમાં પરોવી દીધી છે. સરળ શબ્દોમાં કહીએ તો એક કાર્બન ક્રેડિટ એટલે એક ટન કાર્બન ડાયોક્સાઇડ અથવા તેના સમકક્ષ અન્ય ગ્રીનહાઉસ વાયુઓને વાતાવરણમાંથી દૂર કરવાનો અથવા તેના ઉત્સર્જનને અટકાવવાનો પ્રમાણિત અધિકાર. જ્યારે કોઈ કંપની, ફેક્ટરી કે દેશ પોતાની નિર્ધારિત મર્યાદા કરતાં વધુ પ્રદૂષણ ફેલાવે છે, ત્યારે તેણે આ ક્રેડિટ ખરીદવી પડે છે. આ ખરીદી તેની પાસેથી થાય છે જેણે વાતાવરણને શુદ્ધ કરવાનું કામ કર્યું હોય, જેમ કે વૃક્ષો વાવ્યા હોય, સૌર ઉર્જા ઉત્પન્ન કરી હોય કે મિથેન ગેસને પકડી લીધો હોય. આ આખો વ્યાપાર બે મોટા બજારમાં ચાલે છે. એક છે ફરજિયાત બજાર જે ક્યોટો પ્રોટોકોલ અને પેરિસ કરાર હેઠળ સરકારો દ્વારા બનાવવામાં આવ્યું છે, જ્યાં મોટા ઉદ્યોગો માટે કાર્બન ઉત્સર્જનની મર્યાદા નક્કી છે, અને બીજું છે સ્વૈચ્છિક બજાર જ્યાં ગૂગલ, માઇક્રોસોફ્ટ, એપલ જેવી મોટી કંપનીઓ પોતાની સામાજિક જવાબદારી અને નેટ ઝીરોના લક્ષ્યને પૂરું કરવા માટે સ્વેચ્છાએ ક્રેડિટ ખરીદે છે. આજે આ વૈશ્વિક બજારનું કદ અબજો ડોલર સુધી પહોંચી ગયું છે અને તે સતત વધી રહ્યું છે. લંડન, સિંગાપોર અને ન્યૂયોર્ક જેવા શહેરોમાં તેના મોટા એક્સચેન્જ કાર્યરત છે.

આપણે બાળપણથી એક જ સૂત્ર સાંભળતા આવ્યા છીએ કે વૃક્ષો વાવો અને વરસાદ લાવો. આ સૂત્રએ આપણને પર્યાવરણ પ્રત્યે લાગણીશીલ બનાવ્યા, પરંતુ હવે સમય બદલાયો છે અને લાગણીની સાથે આર્થિક સમજણ પણ જોડાઈ છે. નવું સૂત્ર છે વૃક્ષો વાવો અને કાર્બન ક્રેડિટ મેળવો, એટલે કે વૃક્ષો વાવીને પૈસા કમાઓ. આ વિચાર પહેલા થોડો અજુગતો લાગે છે કારણ કે આપણે વૃક્ષને હંમેશા પુણ્યના કામ તરીકે જોયું છે, વેપાર તરીકે નહીં. પરંતુ જ્યારે વિજ્ઞાને એ સાબિત કર્યું કે એક મોટું વૃક્ષ તેના જીવનકાળ દરમિયાન વીસ ટનથી વધુ કાર્બન શોષી શકે છે, ત્યારે પર્યાવરણની આ સેવાનું આર્થિક મૂલ્ય આંકવાનું શરૂ થયું. કહેવાય છે કે કાર્બન ક્રેડિટ મેળવવાના એકસો સિત્તેરથી વધુ રસ્તા છે, જેમાં રિન્યુએબલ એનર્જી, એનર્જી એફિશિયન્સી, કચરામાંથી ગેસ બનાવવો, જંગલોનું સંરક્ષણ જેવા અનેક માર્ગો સામેલ છે, પરંતુ તેમાં સૌથી સરળ, સૌથી ટકાઉ અને સૌથી વધુ લોકો સુધી પહોંચી શકે તેવો રસ્તો છે વનીકરણ અને પુનઃવનીકરણ. કારણ કે વૃક્ષ વાવવું એ ટેકનોલોજી નથી, એ સંસ્કૃતિ છે અને ભારતના ખેડૂતને તે આવડે છે. આ વ્યવસ્થા ખેડૂત માટે કેવી રીતે કામ કરે છે તે સમજવું ખૂબ રસપ્રદ છે. ધારો કે ગુજરાતના એક ખેડૂતે પોતાની પડતર જમીનમાં પાંચસો વૃક્ષો વાવ્યા. હવે તે વૃક્ષો કેટલો કાર્બન શોષે છે તેનું માપન કરવા માટે એક એજન્સી આવે છે. આ એજન્સી વૈશ્વિક ધોરણ જેમ કે વેરા અથવા ગોલ્ડ સ્ટાન્ડર્ડ પ્રમાણે તે વૃક્ષોની પ્રજાતિ, તેની ઉંમર, તેની ઊંચાઈ, જમીનનો પ્રકાર બધું નોંધે છે અને સેટેલાઇટ ઇમેજથી તેની દેખરેખ રાખે છે. ત્યારબાદ ગણતરી થાય છે કે આ પાંચસો વૃક્ષો એક વર્ષમાં કેટલા ટન કાર્બન શોષશે. તે ગણતરીના આધારે ખેડૂતને કાર્બન ક્રેડિટ આપવામાં આવે છે. એક ક્રેડિટ એક ટન બરાબર. આ ક્રેડિટ પછી એક ડિજિટલ રજિસ્ટ્રીમાં નોંધાય છે અને આંતરરાષ્ટ્રીય બજારમાં વેચવા માટે મૂકવામાં આવે છે. યુરોપની કોઈ કંપની જે પોતાનું કાર્બન લક્ષ્ય પૂરું નથી કરી શકી તે આ ક્રેડિટ ખરીદે છે. પૈસા સીધા ખેડૂતના ખાતામાં અથવા તેની સાથે જોડાયેલી સહકારી સંસ્થા દ્વારા આવે છે. આમ ખેડૂતને લાકડા વગર, ફળ વગર, માત્ર વૃક્ષને જીવતું રાખવા બદલ પૈસા મળે છે. આ એક એવી આવક છે જે પાક નિષ્ફળ જાય તો પણ ચાલુ રહે છે. ભારતમાં આ મોડેલ ખૂબ ઝડપથી આગળ વધી રહ્યું છે. ખાસ કરીને ગુજરાત આ ક્ષેત્રમાં અગ્રેસર બન્યું છે તેનું કારણ અહીંની ભૌગોલિક અને સામાજિક પરિસ્થિતિ છે. ગુજરાતમાં કચ્છ અને સૌરાષ્ટ્ર જેવા વિસ્તારોમાં મોટા પ્રમાણમાં પડતર જમીન છે, જ્યાં ખેતી મુશ્કેલ છે પરંતુ બાવળ, લીમડો, ખીજડો જેવા સ્થાનિક વૃક્ષો સરળતાથી ઉગી શકે છે. બીજું, અહીં સહકારી માળખું ખૂબ મજબૂત છે. અમૂલની જેમ જ હવે અનેક ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઇઝેશન ખેડૂતોને ભેગા કરી તેમની નાની નાની જમીનને એક મોટા કાર્બન પ્રોજેક્ટમાં ફેરવી રહ્યા છે. એકલો ખેડૂત બે વીઘામાં વૃક્ષ વાવીને આંતરરાષ્ટ્રીય બજારમાં ન જઈ શકે, પરંતુ પાંચસો ખેડૂતો ભેગા થઈ પાંચ હજાર હેક્ટરનો પ્રોજેક્ટ બનાવે તો તેમની સોદાશક્તિ વધી જાય છે. ત્રીજું કારણ છે ઉદ્યોગોની હાજરી. ગુજરાતમાં રાસાયણિક અને સિમેન્ટ ઉદ્યોગો મોટા પ્રમાણમાં છે જેમને કાર્બન ઓફસેટની જરૂર છે, એટલે ખરીદનાર અને વેચનાર બંને એક જ રાજ્યમાં મળી રહે છે.

આપણે વૃક્ષને હંમેશા પુણ્યના કામ તરીકે જોયું છે, વેપાર તરીકે નહીં. પરંતુ જ્યારે વિજ્ઞાને એ સાબિત કર્યું કે એક મોટું વૃક્ષ તેના જીવનકાળ દરમિયાન વીસ ટનથી વધુ કાર્બન શોષી શકે છે, ત્યારે પર્યાવરણની આ સેવાનું આર્થિક મૂલ્ય આંકવાનું શરૂ થયું.

આસપાસ યોપાસ
સુરેશ ભટ્ટ



આ વાત માત્ર પૈસાની નથી, તેની પાછળ એક મોટું પર્યાવરણીય ચક્ર પણ છે. જ્યારે ખેડૂતને ખબર પડે છે કે વૃક્ષ જીવતું રહેશે તો જ પૈસા મળશે, ત્યારે તે વૃક્ષ કાપવાનું ટાળે છે. વૃક્ષો વધે

કરણ જોહર, સારા અલી ખાનથી લઈને શિલ્પા શેટ્ટી જેવા મોટા સેલેબ્સની આયુષ્માન ખુરાના અને તાહિરા કશ્યપની દિવાળી પાર્ટીમાં હાજરી

મુંબઈ,

દિવાળીને હવે ગણતરીના દિવસો જ બાકી છે, ત્યારે બોલિવૂડ સેલિબ્રિટીઓએ તહેવારની ઉજવણી શરૂ કરી દીધી છે. આ ઉત્સાહમાં વધારો કરતા, આયુષ્માન ખુરાના અને તાહિરા કશ્યપે શનિવારે (૨૪ ઓક્ટોબર) મુંબઈ સ્થિત તેમના નિવાસસ્થાને દિવાળી પાર્ટીનું આયોજન કર્યું હતું.

આ પાર્ટીમાં ફિલ્મ નિર્માતા કરણ જોહર, સારા અલી ખાન, શિલ્પા શેટ્ટી, રાજકુમાર રાવ, સાન્યા મલ્હોત્રા, ટ્વિંકલ ખન્ના અને અન્ય ઘણી હસ્તીઓ સામેલ થઈ હતી. આ કાર્યક્રમની તસવીરો અને વીડિયો ઓનલાઈન સામે આવ્યા છે.

આયુષ્માન ખુરાના અને તાહિરા કશ્યપની દિવાળી પાર્ટીમાં પહોંચ્યા સેલેબ્સ

મહેમાનોની યાદીમાં નિર્માતા ભૂષણ કુમાર, અપૂર્વ મહેતા, ગુનીત મોંગા, ફિલ્મ નિર્માતા અમર કૌશિક, 'ઉડતા તીર'ના દિગ્દર્શક આકાશ કૌશિક, અપારશક્તિ ખુરાના અને તેમની પત્ની આકૃતિ, રાજકુમાર રાવ, રકુલ પ્રીત સિંહ અને જેકી ભગનાનીનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત, ફેશન ડિઝાઈનર મનીષ મલ્હોત્રા, શ્રેયા ચૌધરી અને રાજ કુન્દ્રા પણ આ ઉજવણીનો ભાગ બન્યા હતા.

તાહિરાએ તેના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરીને ચાહકોને આ દિવાળી પાર્ટીની ઝલક બતાવી. આ વીડિયોમાં મહેમાનો તસવીરો માટે પોઝ આપતા અને મિત્રો સાથે ડાન્સ કરતા જોવા મળે છે.

કેપ્શનમાં તેમણે લખ્યું, "પ્રેમ અને પ્રકાશ ફેલાવો... મારા અને @ayushmannk માટે દિવાળીની ઉજવણી હંમેશા અમારા પરિવાર અને મિત્રો સાથે જ રહી છે! મુંબઈ હવે અમારું ઘર બની ગયું છે, તેથી અહીંના મિત્રો જ અમારો વિસ્તૃત પરિવાર છે! અમે સવારે ૫ વાગ્યે સૂવા ગયા અને ત્યાં સુધી ડાન્સ કર્યો જ્યાં સુધી અમારા પગ દુખવા ન



લાગ્યા... આ શ્રેષ્ઠ અનુભવ છે!"

આયુષ્માન ખુરાનાની તાજેતરની ફિલ્મ

વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, આયુષ્માન ખુરાના તાજેતરમાં સારા અલી ખાન સાથે 'ઉડતા તીર'માં જોવા મળ્યા હતા. મુખ્ય કલાકારો ઉપરાંત, આ ફિલ્મમાં રામ કપૂર, રાહુલ બોઝ, ગુલશન ગ્રોવર, સુહેલ નૈયર, પારુલ ગુલાટી, બ્રિજેન્દ્ર કાલા અને મુકુલ દેવ પણ મહત્વની ભૂમિકાઓમાં છે. આ ફિલ્મનું નિર્દેશન આકાશ કૌશિકે કર્યું છે, જેઓ 'ભૂલ ભુલૈયા ૨'ના લેખક તરીકે જાણીતા છે. તેનું નિર્માણ કરણ જોહર, અદાર પૂનાવાલા, અપૂર્વ મહેતા, ગુનીત મોંગા કપૂર અને અચિન જૈન દ્વારા 'ધર્મા પ્રોડક્શન્સ' અને 'સિક્કચા એન્ટરટેઈનમેન્ટ'ના બેનર હેઠળ કરવામાં આવ્યું છે.ટ્રેડ ટ્રેકર 'સેકનિલ્ક' અનુસાર, આ સ્પાય-કોમેડી (જાસૂસી-કોમેડી) ફિલ્મે ભારતીય બોક્સ ઓફિસ પર સામાન્ય શરૂઆત કરી હતી અને પ્રથમ દિવસે ૪.૮૩ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. બીજા દિવસે ફિલ્મની કમાણીમાં વધારો જોવા મળ્યો અને તેણે ૮.૭૦ કરોડ રૂપિયાની કમાણી કરી. 'સેકનિલ્ક'ના જણાવ્યા અનુસાર, ફિલ્મની કુલ નેટ કમાણી ૧૧.૩૫ કરોડ રૂપિયા સુધી પહોંચી છે.

ટી૨૦ ક્રિકેટમાં તિલક વર્મા બન્યો વિશ્વનો નંબર વન મેચ ફિનિશર

કાઈસ્ટચર્ચ

મિડલ-ઑર્ડરના ભરોસાપાત્ર તિલક વર્મા શનિવારે ૨૬મી વખત ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ફોર્મેટમાં લક્ષ્યાંકનો પીછો કરતી વખતે અણનમ રહ્યો અને એ તમામ ૨૬ મેચમાં ભારતે વિજય મેળવ્યો છે. એ રીતે, ૨૩ વર્ષીય તિલક લક્ષ્યાંક ચેઝ કરતી વખતે આઉટ ન થયો હોય એવી મેચોમાં ભારતનો ૧૦૦ ટકા વિન-રેકોર્ડ છે. ઈંગ્લેન્ડનો ૩૫ વર્ષની ઉંમરનો જેમ્સ વિન્સ ટી-૨૦માં લક્ષ્યાંક ચેઝ કરતી વખત ૩૧ વખત અણનમ રહ્યો છે, પરંતુ એમાંથી એક મેચ અનિર્ણિત રહી હતી એટલે વિન્સનો વિન-રેકોર્ડ ૧૦૦ ટકા નથી.

ન્યૂ ઝીલેન્ડનો બ્રેન્ડન મૅક્લમ એવી બાવીસ ટી-૨૦ મૅચમાં અણનમ રહ્યો હતો જેમાં



કિવીઓની ટીમ જીતી હતી. જોકે તેની તુલનામાં તિલક વર્માની ૨૬ સફળ ચેઝવાળી મેચ છે.ન્યૂ ઝીલેન્ડનો જ માર્ટિન ગપ્ટિલ પણ બાવીસ ટી-૨૦ મૅચમાં ટાર્ગેટ ચેઝ કરતી વખતે અણનમ રહ્યો હતો અને એ દરેક મૅચમાં ન્યૂ ઝીલેન્ડનો વિજય થયો હતો.

શનિવારે ભારતે પોતાની ૩૦૦મી ટી-૨૦ મૅચમાં ૨૦૦મો વિજય મેળવ્યો હતો. તિલક વર્મા ૨૬ બૉલમાં એક છગ્ગો અને છ ચોગ્ગાની મદદથી બનેલા ૫૧ રન પર અણનમ રહ્યો હતો. તેણે નીતીશ રેડ્ડી (૧૩ બૉલમાં ૨૬ અણનમ) સાથેની જોડીમાં સાતમી વિકેટ માટે ૬૯ રનની અતૂટ ભાગીદારી કરી હતી.

ગોવાના શાંત અને પ્રાકૃતિક વાતાવરણમાં બનાવ્યું છે સમીરા રેડ્ડીએ નિવાસસ્થાન

મુંબઈ

બોલીવૂડમાં પોતાની બોલ્ડ અને ગ્લેમરસ અદાઓથી જાણીતી બનેલી એક્ટ્રેસ સમીરા રેડ્ડી છેલ્લાં પાંચ વર્ષથી મુંબઈની ભાગદોડ અને ઝગમગાટ ભરેલી દુનિયાને અલવિદા કહી પોતાના પરિવાર સાથે ગોવાના શાંત અને પ્રકૃતિથી ભરપૂર વાતાવરણમાં વસી ગઈ છે. મુંબઈ છોડ્યા પછી સમીરાએ માત્ર શહેર જ નથી બદલ્યું, પરંતુ પોતાની સંપૂર્ણ જીવનશૈલી પણ બદલી નાખી છે અને હાલમાં જ સમીરાએ પોતાની હોમ ટૂરના વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતા.

તાજેતરમાં પીઢ એક્ટ્રેસ અર્ચના પૂરણ સિંહ પોતાના પરિવાર સાથે સમીરાના ગોવા



સ્થિત ઘરે પહોંચ્યા હતા, જ્યાં સમીરાએ પોતાના ૪૦૦૦ સ્ક્વેર ફીટમાં ફેલાયેલા આલીશાન વિલા અને હરિયાળા બગીચાનો ખાસ 'હોમ ટૂર' કરાવ્યો હતો.

સમીરાએ અર્ચના પૂરણ સિંહ સાથેની વાતચીતમાં ખુલાસો કર્યો હતો કે તે શરૂઆતમાં માત્ર ૧૦ દિવસના વેકેશન માટે ગોવા આવી હતી. પરંતુ અહીંની કુદરતી સુંદરતા અને શાંતિએ તેનું દિલ જીતી લીધું અને તેણે મુંબઈ ક્યારેય પાછા ન ફરવાનો અને ગોવામાં જ સ્થાયી થવાનો નિર્ણય કરી લીધો. સમીરાનું ઘર ઊંચા તાડ, વાંસ, લીમડો, ચીકુ, નારિયેળ, કાજુ અને એવોકાડો જેવા અસંખ્ય દેશી અને ટ્રોપિકલ વૃક્ષોથી ઘેરાયેલું છે. અભિનેત્રી પોતાના આ વિશાળ બગીચામાં ઊગતાં તાજાં ફળો અને શાકભાજીનો ઘરના વપરાશમાં નિયમિત ઉપયોગ કરે છે.સમીરા હંમેશાં મુંબઈ જેવા ધમધમતા શહેરમાં રહી હોવાથી શરૂઆતમાં આસપાસ કોઈ વસ્તી કે દુકાનો ન હોવાથી મુશ્કેલી પડી હતી.

એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ વન-ડે ટુર્નામેન્ટમાં ફરી ભારત અને પાકિસ્તાની ટીમ વચ્ચે થશે ટક્કર

દોહા

કતારના દોહામાં આગામી ૧૯મી નવેમ્બરે એશિયન ક્રિકેટ કાઉન્સિલના બૅનર હેઠળ એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ વન-ડે ટૂર્નામેન્ટ શરૂ થશે જેમાં બાવીસમી નવેમ્બરે ઇન્ડિયા-એ

આભાર - નિહારીકા રવિયા

ટીમનો પાકિસ્તાન-એ ટીમ સામે મુકાબલો થશે અને મુખ્ય મુદ્દો એ છે કે જો ભારતની ટીમ આ ટૂર્નામેન્ટ જીતશે તો ટ્રોફીના મુદ્દે ફરી ડખ્ખો થઈ શકે.

૫૦-૫૦ ઓવરની આ ટૂર્નામેન્ટમાં આઠ દેશ ભાગ લેશે. એમાંથી ભારત, પાકિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાન પોતાની 'એ' ટીમ ઊતારશે, જ્યારે નેપાળ, યુનાઇટેડ આરબ એમિરેટ્સ (યુએઈ) અને હૉન્ગ કૉન્ગ પોતાની સૌથી મજબૂત ટીમ મોકલશે. ઇન્ડિયા-એના ગ્રૂપ-બીમાં પાકિસ્તાન-એ, નેપાળ તથા યુએઈ છે. ગ્રૂપ-એમાં શ્રીલંકા-એ, બાંગ્લાદેશ-એ, અફઘાનિસ્તાન-એ તેમ જ હૉન્ગ કૉન્ગ સામેલ છે. ભારતની પ્રથમ મૅચ ૨૦મી નવેમ્બરે નેપાળ સામે રમાશે અને ત્યાર બાદ પાકિસ્તાન-એ સામે (બાવીસમી નવેમ્બરે) તથા યુએઈ સામે (૨૪મી નવેમ્બરે) મુકાબલો થશે.

બન્ને ગ્રૂપની ટોચની બે-બે ટીમ સેમિ ફાઇનલમાં પહોંચશે. આ સાત ટૂર્નામેન્ટમાંથી ફક્ત એક વખત ભારત ચૅમ્પિયન બન્યું છે. ૨૦૧૩માં ભારતે એસીસી ઇમર્જિંગ ટીમ્સ એશિયા કપ ટૂર્નામેન્ટમાં ચૅમ્પિયનપદ મેળવ્યું હતું. આઠમી નવેમ્બરે પણ ભારત-પાકિસ્તાન વચ્ચે ટક્કર થવાની છે. એ દિવસે બન્ને દેશની ટીમ ઓમાનના અન્ડર-૧૯ એશિયા કપમાં રમશે.

એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ વન-ડે ટૂર્નામેન્ટની ફરી વાત કરીએ તો જો ઇન્ડિયા-એ ટીમ ચૅમ્પિયન બનશે તો ટ્રોફી તો મોટા ભાગે એસીસીના ચીફ મોહસિન નકવીના હાથે જ આપવામાં આવશે. ગયા વર્ષે સૂર્યકુમાર યાદવના સુકાનમાં ભારતે એશિયા કપ જીતી લીધો ત્યારે નકવીના હાથે ટ્રોફી નહોતી લીધી અને પછીથી નકવીએ એ ટ્રોફી ગાયબ કરી નાખી હતી. ભારતીય ટીમને હજી સુધી એ ટ્રોફી નથી મળી. તાજેતરમાં મહિલાઓએ એશિયા કપ જીતી લીધો ત્યારે પણ નકવીના હાથે ટ્રોફી નહોતી સ્વીકારી અને એ ટ્રોફી પણ હજી ભારત પાસે નથી પહોંચી શકી. નકવીની એસીસી-ચીફ તરીકેની મુદત એપ્રિલ-૨૦૨૭માં પૂરી થાય છે.

આઈપીએલમાં રમવું કે નહીં તે અંગે ડિસેમ્બરમાં નક્કી કરીશ : એમએસ ધોની

બેંગલુરુ

ભારતના પૂર્વ કેપ્ટન એમ.એસ. ધોનીએ આઈપીએલમાં પોતાની રમત ચાલુ રાખવા અંગે ચાલી રહેલી અટકળો પર મૌન તોડ્યું છે. બેંગલુરુમાં આયોજિત એક હેલ્થકેર ઈવેન્ટ દરમિયાન જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ આગામી આઈપીએલ સિઝનમાં પણ રમતા જોવા મળશે કે કેમ, ત્યારે ધોનીએ હસતાં-હસતાં વિન્ટેજ કારનું ઉદાહરણ આપ્યું હતું. તેમણે મજાકમાં કહ્યું, "ડૉક્ટર, મારે ટેસ્ટમાંથી પસાર થવું પડશે.. તમારે મને રિપોર્ટ આપવો પડશે, અને પછી ડિસેમ્બર પહેલાં મારે જોવું પડશે કે હું વધુ એક સિઝન રમવા માટે કેટલો ફિટ છું."

તેમણે ઉમેર્યું કે જો તેઓ ફિટ નહીં રહી શકે તો ડૉક્ટરોએ એ સુનિશ્ચિત કરવું પડશે કે આ 'જૂની વિન્ટેજ ગાડી' રસ્તા પર સારી રીતે દોડતી રહે, જેથી તમામ દબાણ ડૉક્ટરો પર જ રહે. ઉલ્લેખનીય છે કે ૪૫ વર્ષીય ધોની ફિટનેસ સમસ્યાઓના કારણે આઈપીએલની પૂરી સિઝન રમી શક્યા ન હતા, અને હવે તેઓ આગામી મહિને એટલે કે ડિસેમ્બર પહેલા પોતાના ભવિષ્ય અંગે અંતિમ નિર્ણય લેશે.

કાર્યક્રમમાં વાતચીત દરમિયાન એમ.એસ. ધોનીએ ચેન્નઈ સુપર કિંગ્સના તાજેતરના પ્રદર્શન અંગે પણ નિખાલસતાથી ચર્ચા કરી હતી. તેમણે સ્વીકાર્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં ટીમ માટે સમય મુશ્કેલ રહ્યો છે અને સીએસકેએ ઘણો સંઘર્ષ કરવો પડ્યો છે. ધોનીએ કહ્યું કે કાગળ પર તમારી ટીમ ગમે તેટલી મજબૂત હોય તેનાથી ખાસ ફરક નથી પડતો, પરંતુ મેદાન પર તે ચોક્કસ દિવસે તમે કેવું પ્રદર્શન કરો છો તે સૌથી મહત્ત્વનું છે. રમતનું ફોર્મેટ જેટલું નાનું હોય છે, તેટલું જ ઉત્કૃષ્ટ ટીમો વચ્ચેનું અંતર ઘટતું જાય છે. સીએસકેના સંઘર્ષ વિશે વાત કરતા તેમણે કહ્યું કે આ એક વાસ્તવિકતા છે અને તેનાથી મોં ફેરવવાનો કોઈ અર્થ નથી.

ધોનીએ પોતાના પ્રતિસ્પર્ધી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુના પ્રદર્શનની પણ ખુલ્લેઆમ પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું કે જિંદગી આવી જ હોય છે, જેમાં ક્યારેક સારા તો ક્યારેક ખરાબ દિવસો આવે છે, પરંતુ મુશ્કેલ સમયમાંથી બહાર નીકળીને ટીમ તરીકે આગળ વધવું સૌથી મહત્વનું છે.

પહેલાના ગીત,સંગીતકાર અને ગાયકોમાં પ્રત્યેક ગીત પ્રત્યે એક પ્રકારનું કમિટમેન્ટ હતું : કુમાર સાનુ

મુંબઈ

સંગીતના સૂરમયી દરિયામાં કેટકેટલાય સાહસિકોની સફર યાદગાર સાબિત થઈ છે. સોનુ નિગમથી લઈને શ્રેયા ઘોષાલ સુધી એકથી એક ચડિયાતા ગાયકો-ગાયિકાઓ, સંગીતકારો અને ઈન્સ્ટ્રુમેન્ટાલિસ્ટ આવ્યા અને માઈલસ્ટોન ઊભો કરી ગયા. આ સંગીતની દુનિયામાં જેની સૌથી વધારે ચર્ચા થઈ એ ગાયક એટલે કુમાર સાનુ. પોતાની અલગ અલગ ગાયિકીના કારણે સૌના ફેવરિટ થયેલા કુમાર સાનુએ પોતાના પરિવાર સાથે પોતાનો જન્મદિવસ મનાવ્યો છે. હાલમાં તે મ્યુઝિક રિયાલિટી શો સારેગામાપામાં જજની ખુરશી પર પોતાનું મંતવ્ય આપીને નવી પેઢીને સૂરની વિશાળ સમજ આપી રહ્યા છે. એક ખાસ મુલાકાતમાં કુમાર સાનુએ જણાવ્યું હતું કે લોકોમાં હવે



પોતાના કામ પ્રત્યેનું જે કમિટમેન્ટ અગાઉ હતું એ ઘટી રહ્યું છે. પહેલા સંગીતકાર, ગીતકાર, ગાયક દરેક વ્યક્તિમાં એક-એક ગીત પ્રત્યે એક કમિટમેન્ટ હતું, સમર્પણ હતું. આ તમામ લોકોમાં સમર્પણ સાથે એક ડર નામની વસ્તુઓ પણ હતી. જેમ કે, મેં કોઈ ગીત ગાવાનું ચાલું કર્યું તો એ ગીતના ટ્રેકનું બાહરનું મારા ન ગવાઈ જાય કે સૂર ઉપર-નીચે ન થઈ જાય એનો ડર રહેતો. મારે એક જ વારમાં યોગ્ય રીતે ગાવાનું રહેશે. એવો ભાવ હતો. આ જ ડરને કારણે એક સમર્પણનો ભાવ આવતો કે, આપણે જ બેસ્ટ આપવાનું છે અને એ જ બેસ્ટ માટે આપણે મહેનત કરવાની છે.

જો મેં કોઈ ભૂલ કરી તો મારે તો ભોગવવી જ પડશે પણ સંગીતકાર હસી કાઢશે એ અલગ. હવે તો લોકોને ખબર છે કે, તે કોઈ પણ ગીતને ટ્રેકનું ધ્યાન રાખ્યા વગર ગાઈ દે તો પણ ટેક્નોલોજીની મદદથી બધુ વ્યવસ્થિત થઈ જાય. ટેક્નોલોજીની મદદથી નાના-નાના ટુકડામાં પણ ગીતને રેકોર્ડ કરી શકાય છે. આનાથી તેઓ નિશ્ચિત થઈ જાય છે, બસ અહીંયાથી જ ગીતની ગુણવત્તામાં ઓટ આવે છે.

હું એટલું જ કહીશ કે તમે જે કોઈ કામ કરવા માટે જાવ છો એમાં પર્ફેક્ટ થઈને જાવ. અન્યથા માથાભેર એવા પડશો કે, પીછેહઠ કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નહીં બચે. એટલી તૈયારીઓ કરીને જાવ કે સામેવાળી વ્યક્તિ તમારો વિકલ્પ શોધી જ ન શકે. તમને હટાવી ન શકે. હવે તો હું જોવ છું કે, લોકો પર્ફેક્ટ ના પણ હોય તો પણ ગમે ત્યાં સંગીત પીરસવા નીકળી પડે છે. કોઈ પ્રોફેશનલ સિંગર ન હોય તો પણ તેઓ ગમે તે ગીતને ગમે તે સ્કેલમાં લલકારે છે. હવે તો એઆઈ આવી ગયું છે, જે ખરેખર આ ફિલ્ડ માટે ખૂબ જ ખતરનાક છે. હવે તમે વિચારો મશીન પાસેથી ગીત લખાવવા અને એની જ પાસે ગવડાવી લેવા કેટલું ચોંકાવનારૂ સાબિત થાય?

શબ્દ શોધો

બ	ફ	શ	ધ	ફ	કા	બ	ન	જ્ઞા	ભ	લ	રા
ણા	રા	ર	ભ	મ	રો	ન	એ	ઐ	ત	દ	સ
ઓ	ભા	બ	જ	સ	આ	ળ	ભો	રા	રો	બ	બૂ
ગ	તી	ળ	ર	ડી	કા	ર	વ	કા	ગ	સા	ઓ
રા	ગ	પ્ર	લી	ણે	લ	દ	ક	બં	તી	દા	શિ
કા	ળ	ગ	ગ	ગ	ન	લા	પ્ર	સા	દ	ગ	બા
કા	પ્રા	ગ	ત	અઃ	ણે	મો	બા	આ	સ	દ	ર
ઓ	મા	ડો	મા	ક	સ	ણિ	ધ	કા	બા	ર	પ્ર
સા	ણિ	મ	બં	ગ	પ્ર	સ	મા	કી	ઊ	મા	વા
બિ	ક	ગં	ળ	લ	બં	લી	મ	ર	દ	કા	બૂ
ન	ર	લ	રો	આ	વિ	હિ	અ	લ	ક	દ	ગી
કા	મા	જ	ન	ડો	મા	સા	બં	ર	મા	ભા	ગ

શબ્દ શોધો પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

મેન્સ ટી૨૦ ઈન્ટરનેશનલમાં ભારતીય ટીમનો ૩૦૦ મેચનો માઈલ સ્ટોન : ૨૦૦ મેચમાં મેળવી જીત

મુંબઈ

ભારત મેન્સ ટી૨૦ ઈન્ટરનેશનલમાં ૩૦૦ મુકાબલા રમનારી વિશ્વની બીજી ટીમ બની ગઈ છે. એટલું જ નહીં, ટીમ ઇન્ડિયાએ મેન્સ ટી૨૦ ઈન્ટરનેશનલમાં પોતાની ૨૦૦મી જીત પણ નોંધાવી છે, જે પોતાનામાં એક વર્લ્ડ રેકોર્ડ છે.

૧૮૧ રનના પડકારજનક લક્ષ્યાંકનો પીછો કરતાં ભારતીય ટીમ એક સમયે માત્ર ૭૦ રનના સ્કોર પર પોતાની ૫ વિકેટ ગુમાવીને ભારે મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી. પરંતુ આવા નાજુક સમયે તિલક વર્મા અને નીતીશ કુમાર રેડ્ડીએ દબાણમાં શાનદાર બેટિંગ કરીને આખી મેચનું પાસું જ પલટી નાખ્યું હતું. બંને ખેલાડીઓએ ૭મી વિકેટ માટે માત્ર ૩૦ બોલમાં ૬૯ રનની અણનમ ભાગીદારી નોંધાવી હતી અને ભારતને ૧૯.૫ ઓવરમાં ૧૮૧/૬ના સ્કોર સુધી પહોંચાડીને યાદગાર જીત અપાવી હતી.

મેન્સ ટી૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટના



આંકડાઓ પર નજર કરીએ તો ભારતીય ટીમનો કોઈ જવાબ નથી. વર્ષ ૨૦૦૬થી ૨૦૨૬ દરમિયાન ભારતના પ્રદર્શન અને વિશ્વની અન્ય ટીમોના રેકોર્ડ્સની સ્થિતિ નીચે મુજબ છે:

ભારતીય ટીમે અત્યાર સુધીમાં કુલ ૩૦૦ મેન્સ ૨૦ ઈન્ટરનેશનલ મેચ રમી છે, જેમાંથી તેણે રેકોર્ડ ૨૦૦ મેચોમાં જીત મેળવી છે, જ્યારે ૮૩ મુકાબલામાં તેને હારનો સામનો કરવો પડ્યો છે. આ ઉપરાંત ૭ મુકાબલા ટાઈ રહ્યા છે અને ૧૦ મેચોનું કોઈ પરિણામ આવ્યું નથી, જેનાથી ભારતનો જીત-હારનો રેશિયો ૨.૪૦૯ રહ્યો છે.

પાકિસ્તાને ભારત કરતાં વધુ ૩૦૪ ૨૦ ઈન્ટરનેશનલ મુકાબલા રમ્યા છે, પરંતુ તેની કુલ જીતની સંખ્યા ૧૭૬ જ છે, એટલે કે તે જીતના મામલે ભારતથી ઘણું પાછળ છે. સૌથી વધુ જીત નોંધાવનારી ટીમોની આ યાદીમાં ન્યૂઝીલેન્ડ ૧૩૫ જીત સાથે ત્રીજા, સાઉથ આફ્રિકા ૧૨૯ જીત સાથે ચોથા અને ઈંગ્લેન્ડ ૧૨૮ જીત સાથે પમા સ્થાને છે, જ્યારે ઓસ્ટ્રેલિયાએ ૧૨૭ મુકાબલા જીત્યા છે.

અન્ય ટીમોમાં યુગાન્ડાનો રેકોર્ડ પણ ઘણો નોંધપાત્ર રહ્યો છે, જેણે ૧૩૧ મેચોમાં ૧૦૧ જીત મેળવી છે, જ્યારે અફઘાનિસ્તાનના નામે ૯૯ જીત નોંધાયેલી છે, પરંતુ કુલ જીતના મામલે ભારત સૌથી આગળ છે.

ઈ-પ્રમાણપત્ર પોર્ટલ પરથી સિનેમાનો ડેટા લીક થતા ફિલ્મજગતમાં મચ્યો ખળભળાટ

મુંબઈ

ફિલ્મ રિલીઝ થાય તે પહેલાં તેની વાર્તા અને માહિતી ગુપ્ત રાખવા માટે ફિલ્મ નિર્માતાઓ ખૂબ જ તકેદારી રાખતા હોય છે, કેમ કે જો કોઈપણ કારણસર ફિલ્મની વિગતો કે આખેઆખી ફિલ્મની પ્રિન્ટ ઈન્ટરનેટ પર લીક થઈ જાય તો નિર્માતાને કરોડોની ખોટ જાય. ૨૫ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ ભારતીય ફિલ્મ ઉદ્યોગને લગતો એક ખૂબ જ મોટો અને ચોંકાવનારો ડેટા લીક સામે આવ્યો છે, જેણે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશનની સુરક્ષા વ્યવસ્થા પર મોટા સવાલો ઊભા કર્યા છે.

CBFC ના સત્તાવાર ઓનલાઈન પોર્ટલ 'ઈ-સિનેપ્રમાણ' પરથી ૫૦૦ થી વધુ ફિલ્મોના અત્યંત ગુપ્ત દસ્તાવેજો લીક થઈ ગયા છે. આ એ જ પોર્ટલ છે જેના



દ્વારા દેશભરની ફિલ્મોને સેન્સર સર્ટિફિકેટ આપવાની પ્રક્રિયા પૂરી કરવામાં આવે છે. અહેવાલો મુજબ, આ પોર્ટલની સુરક્ષા તોડીને કોઈએ આ દસ્તાવેજો ગેરકાયદેસર રીતે મેળવ્યા હતા અને તેને 'ઈન્ટરનેટ આર્કાઈવ' પર ડાઉનલોડ કરવા માટે મૂકી દીધા હતા. આ લીક ટેકનિકલ ખામીને કારણે થયો છે કે પછી કોઈ મોટા સાયબર હુમલાનો ભાગ છે, તે તપાસનો વિષય છે.આ ડેટા લીકમાં ફિલ્મો આખી લીક નથી થઈ, પરંતુ તેમની સાથે જોડાયેલા મહત્ત્વપૂર્ણ દસ્તાવેજો લીક થયા છે. જેમાં નીચેની વિગતો સામેલ છે.

રાજકોટમાં 'થાઈલેન્ડ શોપિંગ ફેસ્ટ અને ઈન્ડિયા ઈન્ટરનેશનલ બિગેસ્ટ એક્સ્પો'નો ભવ્ય પ્રારંભ

ભાજપ અગ્રણી પ્રદેશ ભાજપ કારોબારી સભ્ય શ્રી રાજુભાઈ ધ્રુવના વરદ હસ્તે અમૃત સાગર પાર્ટી પ્લોટ ખાતે ઉદ્ઘાટન; 'આત્મનિર્ભર ભારત, સ્વદેશીનો સ્વીકાર અને સ્થાનિક વેપારનો વિકાસ'ના સંકલ્પ સાથે દિવાળીના પર્વમાં ખરીદીની રોનક વધારતો આ એક્સ્પો રાજકોટવાસીઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે:રાજુભાઈ ધ્રુવ

રાજકોટ,

રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલા અમૃત સાગર પાર્ટી પ્લોટ ખાતે જીએમ ઈવેન્ટ્સ એન્ડ સર્વિસીસ દ્વારા પ્રસ્તુત ૧૧ દિવસીય 'થાઈલેન્ડ શોપિંગ ફેસ્ટ અને ઈન્ડિયા ઈન્ટરનેશનલ બિગેસ્ટ એક્સ્પો'નો ભવ્ય પ્રારંભ ભાજપ અગ્રણી શ્રી રાજુભાઈ ધ્રુવના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો. આ એક્સ્પોમાં થાઈલેન્ડ, અફઘાનિસ્તાન, કોરિયા, દુબઈ, ઈરાન સહિતના દેશોની વિવિધ પ્રોડક્ટ્સ અને આકર્ષક ચીજવસ્તુઓ એક જ સ્થળે ઉપલબ્ધ બનતાં રાજકોટવાસીઓ માટે દિવાળીના તહેવારની ખરીદીનું વિશેષ આકર્ષણ ઊભું થયું છે.

ઉદ્ઘાટન પ્રસંગે શ્રી રાજુભાઈ ધ્રુવે ભારતીય સંસ્કૃતિમાં તહેવારો, વેપાર-વાણિજ્ય અને સ્થાનિક ઉદ્યોગોના મહત્ત્વ પર ભાર મૂકતાં આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવામાં સ્વદેશી ચીજવસ્તુઓના ઉપયોગ, સ્થાનિક ઉત્પાદકોને પ્રોત્સાહન અને નાના વેપારીઓના આર્થિક સશક્તિકરણની ભૂમિકા મહત્ત્વપૂર્ણ હોવાનું જણાવ્યું હતું.

કેન્દ્રની પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી ભાજપ સરકાર તેમજ રાજ્યની મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ



સંઘવી ના નેતૃત્વવાળી ભાજપ સરકાર દ્વારા 'આત્મનિર્ભર ભારત'ના વિઝન હેઠળ સ્થાનિક ઉત્પાદન, સ્વદેશી ઉદ્યોગો, કૌશલ્ય વિકાસ, ગ્રામ્ય અર્થતંત્રની મજબૂતી અને નાના-મધ્યમ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. 'વોકલ ફોર લોકલ'ના મંત્ર સાથે ભારતીય ઉત્પાદનોને પ્રોત્સાહિત કરવું અને સ્થાનિક કારીગરો, મહિલા સ્વસહાય જૂથો તથા નાના વ્યવસાયકારોને બજારની વધુ તકો ઉપલબ્ધ કરાવવી એ વિકસિત ભારતના નિર્માણ તરફનું મહત્ત્વપૂર્ણ પગલું છે.

આવા શોપિંગ ફેસ્ટ અને એક્સ્પો ગ્રાહકોને વિવિધ પ્રકારની ચીજવસ્તુઓથી પરિચિત કરાવવાની સાથે વેપાર-વાણિજ્ય માટે પણ એક વિશાળ મંચ પૂરો પાડે છે. ખાસ કરીને દિવાળી જેવા તહેવારોના સમયે સ્થાનિક બજારની રોનક વધે, વેપારીઓને ગ્રાહકો સુધી પહોંચવાની તક મળે અને નાગરિકોને ખરીદીના નવા વિકલ્પો મળે તે દૃષ્ટિએ આવા આયોજનોનું વિશેષ મહત્ત્વ છે.

જીએમ ઈવેન્ટ્સ એન્ડ સર્વિસીસ દ્વારા આયોજિત આ ૧૧ દિવસીય એક્સ્પોમાં ગ્રાહકો માટે વિવિધ દેશોની વિશિષ્ટ પ્રોડક્ટ્સ રજૂ કરવામાં આવી છે. જેમાં મહિલાઓ માટેની આકર્ષક એસેસરીઝ, થાઈ બામ, થાઈ સ્પા પ્રોડક્ટ્સ, કોરિયન એસેસરીઝ અને હેર એસેસરીઝ, અફઘાનિસ્તાનના ડ્રાયફ્રૂટ્સ, શીરયાખ, કાવા અને બેરી જામ, દુબઈના અત્તર અને પરફ્યુમ, બકલાવા તથા ચોકલેટ, મોતીની જ્વેલરી સહિતની અનેક ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે.

રાજકોટની મેટોડા જી.આઈ.ડી.સી. ખાતે ૨૭મીએ ઉદ્યોગોના વિકાસ માટે મહત્વપૂર્ણ માર્ગદર્શન સેમિનાર યોજાશે

નિ:શુલ્ક સેમિનાર માટે સીટો મર્યાદિત હોવાથી અગાઉથી રજિસ્ટ્રેશન અનિવાર્ય

રાજકોટ,

ગુજરાત સરકારના ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન (સી.ઈ.ડી) રાજકોટ દ્વારા એમ.એસ.એમ.ઈ. ઉદ્યોગોના સર્વાંગી વિકાસ માટે તા.૨૭ ઓક્ટોબર ને મંગળવારે સાંજે ૪ થી ૭:૩૦ દરમિયાન મહત્વપૂર્ણ માર્ગદર્શન અને ખાસ પ્રેરણાદાયી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

મેટોડા જી.આઈ.ડી.સી. ખાતેના ઓડિટોરિયમ, સેન્ટર ઓફ એક્સલન્સ, ઓલમાઈટી ગેટ નંબર ૨, કાલાવડ રોડ ખાતે આ સેમિનાર યોજાશે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક ઉદ્યોગસાહસિકોને સરકારી યોજનાઓ, નવીનતમ ઔદ્યોગિક નીતિઓ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલના અમલીકરણ અને લાભો દ્વારા ગ્રોથ સ્ટ્રેટેજીથી માહિતગાર કરવાનો છે.

આ સેમિનારમાં ઉદ્યોગના વિકાસ માટે વિવિધ પાંસાઓ પર મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવશે. જેમ કે, અન્ય ઉદ્યોગસાહસિકો અને વિષય નિષ્ણાંતો સાથે સીધો સંપર્ક અને નેટવર્કિંગની ઉત્તમ તક, ગુજરાત સરકારની નવીનતમ ઔદ્યોગિક નીતિ ૨૦૨૬ અંગેનું વિગતવાર અને ઉપયોગી માર્ગદર્શન. નવો ધંધો શરુ કરવો અને હાલના ધંધાને વિકસાવવા માટેની યોજનાઓ, ઉદ્યોગોને પ્રોત્સાહન આપતી વિવિધ સરકારી અને નાણાંકીય સહાયક યોજનાઓની માહિતી, જેમાં પ્રોજેક્ટ ફાઈનાન્સ, રીન્યુએબલ એનર્જી, ગ્રીન એનર્જી, જેવી યોજનાઓનો સમાવેશ કરવામાં આવશે. ગ્રોથ માટે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સનું અમલીકરણ અને તેનાથી થતા પ્રત્યક્ષ લાભો અંગે વિસ્તૃત માર્ગદર્શન અપાશે. આ સાથે ક્ષેત્રના તજજ્ઞો સાથે ચર્ચા અને પ્રશ્નોત્તરી દ્વારા ઉદ્યોગકારોની મૂંઝવણોનું સચોટ નિવારણ પણ કરવામાં આવશે.

આ સેમિનાર સંપૂર્ણપણે નિ:શુલ્ક છે. પરંતુ બેઠક વ્યવસ્થા મર્યાદિત હોવાથી અગાઉથી રજિસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય છે. નીચેની લિંક પર વિગતો ભરીને રજીસ્ટ્રેશન કરી શકાશે. વધુ માહિતી માટે સી.ઈ.ડી.ના સંપર્ક અધિકારી પ્રકાશભાઈ ગોહેલ - ૯૩૧૩૩ ૫૭૮૧૩, કોમલબેન મહેતા - ૯૮૨૪૭ ૧૫૫૩૪, સિરાજભાઈ બગથરીયા - ૮૩૨૦૭ ૯૨૯૬૪નો સંપર્ક કરવા સી.ઈ.ડી.-રાજકોટની યાદીમાં જણાવાયું છે.

રાજકોટમાં માત્ર લાઈસન્સ ધરાવતા વેપારીઓ જ ફટાકડાનું વેચાણ કરી શકશે

નિયમો તોડનાર સામે ગુનો નોંધાશે પોલીસ : કમિશનરનું જાહેરનામું પ્રસિધ્ધ

રાજકોટ,રાજકોટમાં દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને ફટાકડાના વેચાણ અંગે પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. ફટાકડાના વેપારીઓ માટે ખાસ સૂચનાઓ જાહેર કરીને સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબ જ ફટાકડાનું વેચાણ કરવા આદેશ આપવામાં આવ્યો છે. જાહેરનામા મુજબ, માત્ર લાઈસન્સ ધરાવતા વેપારીઓ જ ફટાકડાનું વેચાણ કરી શકશે અને નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે ગુનો નોંધવામાં આવશે. આ ઉપરાંત ભારે ઘોંઘાટ કરતા ફટાકડા અને સિરીઝવાળા ફટાકડાના વેચાણ તથા ઉપયોગ પર



સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

પોલીસ દ્વારા વેપારીઓને જાહેરનામાનું ચુસ્તપણે પાલન કરવા સૂચના આપવામાં આવી છે. આ જાહેરનામું ૨૯ ઓક્ટોબરથી ૨૫ નવેમ્બર સુધી અમલી રહેશે. તહેવાર દરમિયાન ધ્વનિ પ્રદૂષણ નિયંત્રિત કરવા અને જાહેર સલામતી જાળવવાના હેતુથી આ કાર્યવાહી કરવામાં આવી છે.

રાજકોટના મેયર નેહલ શુકલ ભુવનેશ્વરમાં રાષ્ટ્રીય કક્ષાના શહેરી સંમેલનમાં વકતવ્ય આપશે

રાજકોટ,

ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા ઓડિશાના ભુવનેશ્વર ખાતે આયોજિત 'નેશનલ અર્બન કોન્લેન વ-૨૦૨૬'માં રાજકોટના મેયર ડો. નેહલ શુક્લને વિશેષ વક્તો તરીકે આમંત્રિત કરવામાં આવ્યા છે. દેશભરમાંથી પસંદગી પામેલી મહાનગરપાલિકાઓના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં યોજાનારી આ ત્રિદિવસીય રાષ્ટ્રીય શિબિરમાં ડો. નેહલ શુક્લ 'મોડલ મ્યુનિસિપલ લો' વિષય ઉપર વક્તવ્ય આપશે.

ભારત સરકાર દ્વારા આયોજિત આ રાષ્ટ્રીય કોન્લેવમાં ગુજરાતમાંથી અમદાવાદ, સુરત અને રાજકોટ એમ



માત્ર ત્રણ મહાનગરપાલિકાઓની પસંદગી કરવામાં આવી છે. તેમાં પણ 'મોડલ મ્યુનિસિપલ લો' વિષય ઉપર વક્તવ્ય આપવા માટે ડો. નેહલ શુક્લ ને આમંત્રણ મળ્યું છે.

શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના સંચાલન, મ્યુનિસિપલ કાયદાઓમાં સુધારા, વહીવટી વ્યવસ્થાનમાં પારદર્શિતા તથા બદલાતા સમયની જરૂરિયાતોને અનુરૂપ શહેરી શાસન વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા જેવા મુદ્દાઓની ચર્ચા માટે આ કોન્લેનવનું આયોજન કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, ભારત સરકાર દ્વારા આયોજિત આ પ્રકારના રાષ્ટ્રીય કોન્લેવમાં દેશના શહેરોના આયોજનબદ્ધ વિકાસ, સ્થ નિક સ્વરાજ્યની સંસ્થાઓને વધુ સક્ષમ બનાવવા તથા આગામી વર્ષોમાં શહેરી વિકાસ માટે જરૂરી નીતિગત અને વહીવટી સુધારાઓ અંગે વિચારવિમર્શ કરવામાં આવે છે.

રાષ્ટ્રીયકક્ષાના આ મંચ ઉપર રાજકોટના મેયરને વક્તવ્ય માટે મળેલા આમંત્રણથી શહેરી વહીવટ અને મ્યુનિસિપલ કાયદાઓ અંગે ગુજરાતનો અભિગમ રજૂ કરવાની તક મળશે.

રાજકોટમાં બજરંગ ગ્રુપના કાર્યાલય દ્વારા જરૂરિયાતમંદોને તહેવારોમાં રાશન કીટ વિતરણ



રાજકોટ:રાજકોટમાં બજરંગ ગ્રુપના કાર્યાલય, ગરેડીયા કુવા રોડ ખાતે દશેરા નિમિતે જરૂરિયાતમંદ ૫૦ પરિવારોને રાશનની કીટ વિતરણ કરવાનો એક કાર્યક્રમ યોજાય ગયો,વિજયભાઈ સોમૈયા, પૂજાબેન ઠકરાર અને પ્રિયાબેન કોટેચા પરિવારના સહયોગ થી રાશનની કિટ જેમાં ૫-કિલો ઘઉંનો લોટ, ૨-કિલો ખીચડી, ૧-કિલો ચોખા, ૫૦૦ ગ્રામ ચણાના લોટ, ૧-કિલો ખાંડ, ૨૫૦ ગ્રામ ચાની ભૂકી, હળદર, ધાણાજીરૂ, મરચુ-મીઠું આપવામાં આવેલ સંસ્થાના સંસ્થાપક કિશોરભાઈ ધનજીભાઈ કારીયા, ગ્રુપના પ્રમુખ હસુભાઈ ગણાત્રા, ગૃપના પ્રોજેકટ ડાયરેકટર જતીનભાઈ ભીંડોરા, ખજાનચી હિતેશભાઈ તન્ના ખ, બટુકભાઈ રાચ્છ , જયોતિબેન તથા વિજયભાઈ ભટ્ટ તથા અનિતાબેન પાઊં જહેમત ઉઠાવી હતી.

જૂનાગઢમાં પતિના ત્રાસથી કંટાળીને ઘરેથી નીકળી ગયેલી બે બાળકો સહિત માતાની વ્હારે આવી કેશોદ ૧૮૧ અભયમ ટીમ

૧૮૧ અભયમ ટીમની સુઝબુઝ અને કુશળ કાઉન્સિલિંગ દ્વારા ઘરેથી નીકળી ગયેલી મહિલાને સુરક્ષા અને આશ્રય મળ્યો

જૂનાગઢ,

રાજકોટમાં પતિ અને નણંદના ત્રાસથી કંટાળી બે બાળકો સાથે માંગરોળ બસ સ્ટેન્ડે અસહાય બેઠેલી મહિલાની મદદે કેશોદ ૧૮૧ અભયમની ટીમ પહોચી હતી. પતિને કાયદાકીય પાઠ ભણાવી મહિલાની સુરક્ષા માટે જૂનાગઢ સખી વન સ્ટોપ સેન્ટર ખાતે આશ્રય અપાવ્યો હતો.

કેશોદ ૧૮૧ અભયમને કોલ મળતાની સાથે જ કેશોદ ૧૮૧ કાઉન્સેલર ડાયબેન માવદીયા અને કોન્સ્ટેબલ કાજલબેન રામ સહિત ટીમ તુરંત ઘટના સ્થળે પહોંચી અને મહિલાને આશ્વાસન આપી સમસ્યા જાણતા મહિલાએ જણાવ્યું હતું કે મહિલાનુ સાસરું રાજકોટ છે અને ઘણા સમયથી તેમના પતિ અને નણંદ મહિલા પર શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા તેથી મહિલા કંટાળીને ઘરેથી નીકળી ગયેલી ૧૮૧ કાઉન્સેલર દ્વારા મહિલાના પતિનાં કોન્ટેક્ટ નંબર મેળવવા પ્રયાસ કર્યો પરંતુ મહિલા પાસે પતિના કોન્ટેક્ટ નંબર ન હોવાથી મહિલાના પિયરમાં ફોન કરી સમગ્ર ઘટનાની જાણ કરી મહિલાના માતા પાસેથી નંબર મેળવી મહિલાના પતિને ફોન કરી જાણ કરી મહિલાના પતિએ જણાવ્યું કે મારી પત્નીને અમે સવારથી શોધી રહ્યા છીએ તેમને તમારી પાસે જ રાખજો હું એમને લેવા માટે આવું છું. પરંતુ મહિલા પતિના ત્રાસથી બચવા માટે આવું પગલું ભર્યું હતું અને મહિલા પતિના ત્રાસથી ડર લાગતો હોય તેથી પતિ સાથે જવા તૈયાર ન હોય તેથી મહિલાના પતિને કાયદાકીય માહિતી આપી સમજાવ્યા કે મહિલા પર શારીરિક અને માનસિક ત્રાસ એ કાયદાકીય ગુનો બને છે અને ભવિષ્યમાં મહિલા પર શારીરિક અને માનસિક ત્રાસ ના આપવા સુચના આપી સમજાવ્યા હતા અને પતિને પોતાની ભૂલ સમજાઈ હતી અને માફી માંગી હતી પરંતુ મહિલાની સુરક્ષા અને સલામતી ધ્યાનમાં રાખીને મહિલાને લાંબા ગાળાના કાઉન્સેલિંગ અને આશ્રય માટે જુનાગઢ સખી વન સ્ટોપ સેન્ટર ખાતે આશ્રય અપાવ્યો હતો.

રાજકોટના સરગમી હસાયરામાં સાંઈરામ દવે, ધીરુભાઈ સરવૈયાએ જમાવટ કરી

રાજકોટ,

રાજકોટ સરગમ કલબ દ્વારા ડી.એચ. કોલેજને મેદાનમાં ચાલી રહેલા પંચામૃત મહોત્સવ અંતર્ગત યોજાયેલા હસાયરાના કાર્યક્રમમાં લોકોએ જાણીતા હાસ્ય કલાકારો સાંઈરામ દવે, ધીરુભાઈ સરવૈયા, અવનીબેન વ્યૂસ અને ગુણવંતભાઈ ચુડાસમાએ હાસ્યના ફૂવ્વારા ઉડતા હોય તેવો માહોલ સર્જાયો હતો.

સરગમ કલબ, એચ.પી. રાજયગુરૂ કું.નાં હેતલભાઈ રાજગુરુ અને કેર ફોર હોમ ના એમ.જે. સોલંકીના સહયોગથી જાહેર જનતા માટે વિનામુલ્યે આયોજીત કાર્યક્રમમાં વજુભાઈ



વાળા, ઉદયભાઈ કાનગડ, ભાનુબેન બાબરીયા, રાજદીપસીંહ જાડેજા, હેતલભાઈ રાજયરગુરુ, રામભાઈ મોકરીયા, તુષાર સુમેરા (મહાનગર પાલીકા કમીશ્નર), હરેશભાઈ લાખાણી, દિવ્યેશભાઈ રાયઠઠ્ઠા, હરદેવસીંહ જાડેજા, દીપકભાઈ કારીયા, તેજશભાઈ ભટ્ટી, પ્રભુદાસભાઈ પારેખ, સહીતના ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનુ સંચાલન અને કાર્યક્રમ અંગે માહિતી સરગમ ક્લાબના પ્રમુખ ગુણવતભાઈ ડેલાવાળાએ તેમજ આભાર વીધી તેજશભાઈ ભટ્ટી દ્વારા કરવામાં આવી.

આ કાર્યક્રમને સફળ બનાવવા ગુણવંતભાઈ ડેલાવાળાના માર્ગદર્શન હેઠળ મૌલેશભાઈ પટેલ, હરેશભાઈ લાખાણી, સ્મિતભાઈ પટેલ, પ્રભુદાસભાઈ પારેખ, અલ્કા બેન કામદાર, ગીતાબેન હિરાણી, ભરતભાઈ સોલંકી, રાજેન્દ્રભાઈ શેઠ, જયસુખભાઈ ડાભી, સુનિલભાઈ દેત્રોજા, અનવરભાઈ ઠેબા, જયરાજસિંહ ઝાલા, ધનશ્યામભાઈ પરસાણા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

રાજકોટ બી. એચ. ગાર્ડી કોલેજ ખાતે સાયબર ક્રાઈમ - ડિજિટલ સુરક્ષા અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

રાજકોટ:

ગાર્ડી વિદ્યાપીઠ કેમ્પસ સ્થિત બી. એચ. ગાર્ડી કોલેજ ઑફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી, રાજકોટ ખાતે ગુજરાત સાયબર ક્રાઈમ સેલ અને સીઆઈડી ક્રાઈમ, ગુજરાત રાજ્ય દ્વારા વિદ્યાર્થીઓમાં સાયબર ક્રાઈમ અને સાયબર સુરક્ષા અંગે જાગૃતિ લાવવાના હેતુથી સાયબર ક્રાઈમ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ડિજિટલ સુરક્ષા, ઑનલાઈન છેતરપિંડીથી બચવા તથા સાયબર ગુનાઓ અંગે જાગૃત રહેવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને ઑનલાઈન



છેતરપિંડી, ફિશિંગ, સોશિયલ મીડિયા સુરક્ષા, ડિજિટલ વ્યવહારોમાં સાવચેતી, વ્યક્તિગત માહિતીની ગોપનીયતા અને સાયબર ગુનાઓથી બચવાના વિવિધ ઉપાયો અંગે માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ ડૉ. વિમલકુમાર પટેલે જણાવ્યું હતું કે, "આજના ટેક્નોલોજીના યુગમાં વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક જ્ઞાનની સાથે સાયબર સુરક્ષાનું જ્ઞાન પણ અત્યંત જરૂરી છે. આવા જાગૃતિ કાર્યક્રમો વિદ્યાર્થીઓને ડિજિટલ દુનિયામાં સુરક્ષિત, સાવચેત અને જવાબદાર નાગરિક બનવામાં મદદરૂપ થાય છે."

ગાર્ડી વિદ્યાપીઠના મેનેજિંગ ડિરેક્ટર શ્રી જયભાઈ મહેતાએ જણાવ્યું હતું કે, "વિદ્યાર્થીઓમાં ટેક્નોલોજીના સુરક્ષિત ઉપયોગ અંગે જાગૃતિ કેળવવી સમયની માંગ છે. સંસ્થા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ સાથે તેમને ડિજિટલ પડકારોનો સામનો કરવા સક્ષમ બનાવવા માટે આવા ઉપયોગી કાર્યક્રમોને પ્રોત્સાહન આપે છે." કાર્યક્રમનું સંકલન ડૉ. રિયા કાકુના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. ગુજરાત સાયબર ક્રાઈમ સેલ અને સીઆઈડી ક્રાઈમના પ્રતિનિધિઓ દ્વારા વિદ્યાર્થીઓને સાયબર સુરક્ષા સંબંધિત વ્યવહારુ અને ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને સાયબર સુરક્ષા અંગેની માહિતી મેળવી હતી.

રાજકોટમાં શ્રી બાલાજી હનુમાનજી મંદિરે દાદાને ચાંદીના વસ્ત્રોનો શણગાર

રાજકોટ,

કરણસિંહજી હાઈસ્કૂલ, ભૂપેન્દ્ર રોડ ઉપર આવેલ શ્રી બાલાજી મંદિરે આજના વિશેષ દિવસે શ્રી બાલાજી દાદાને શુદ્ધ ચાંદીના અતિ કિંમતી અને નયનરમ્યદ વસ્ત્રો (રજત વાઘા) અર્પણ કરવામાં આવ્યા હતા. ચાંદીના વસ્ત્રોની સાથે સાથે દાદાના સુવર્ણ સિંહાસન ફરતે રંગબેરંગી ગુલાબ સહિતના દેશી-વિદેશી પુષ્પો ની મનોહર સુગંધિત સજાવટ પણ કરવામાં આવી હતી. ચાંદીના વસ્ત્રોના ઝળહળાટ અને પુષ્પોવના સંયોજનથી શોભતા બાલાજી મહારાજના આ અલૌકિક સ્વરૂપના દર્શનનો લ્હાવો લેવા વહેલી સવારથી ભાવિક ભક્તો મોટી સંખ્યા માં ઉમટી પડ્યાવ હતા. આ વિશેષ શણગાર દર્શનનું આયોજન મંદિરના મહંત વિવેકસાગરદાસજી સ્વામી, સ્વામિનારાયણ મુખ્ય મંદિરના મહંત શાસ્ત્રી શ્રી રાધારમણદાસજી સ્વામી અને કોઠારી શ્રી મુનિવત્સલદાસજી સ્વામીની પાવન નિશ્રા હેઠળ સંપન્ન થયું હતું.



મન કી બાત કાર્યક્રમે મને દેશભરના દરેક પરિવાર સાથે જોડાવાની અમૂલ્ય તક આપી : પીએમ મોદી

પીએમ મોદીએ લોકોને તહેવારોની મોસમમાં સ્થાનિક કારીગરોને ટેકો આપવા વિનંતી કરીને મન કી બાતના ૧૨ વર્ષના સફરની ચર્ચા કરી



નવી દિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે તેમના માસિક રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'ને એક 'તીર્થયાત્રા' સમાન ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે, આ મંચે તેમને સામાજિક વિકાસ માટે કાર્યરત લોકોના પ્રયાસોને સમજવાની તક આપી છે. આ સાથે તેમણે 'વોકલ ફોર લોકલ' (સ્થાનિક માટે અવાજ ઉઠાવવો) અને 'આત્મનિર્ભર ભારત' પહેલને પ્રોત્સાહન આપવાના તેમના આહ્વાનનો પુનરોચ્ચાર કર્યો.

પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું કે, વિજયાદશમીના દિવસે ૧૨ વર્ષ પહેલાં શરૂ થયેલી 'મન કી બાત'ની આ યાત્રાએ તેમને એવા લોકોના સમર્પણ અને સખત પરિશ્રમને બિરદાવવાની તક આપી છે, જેમણે પોતાનું જીવન ભારત માટે સમર્પિત કરી દીધું છે.

તેમણે કહ્યું, "'મન કી બાત'ના માધ્યમથી હું આપણા રાષ્ટ્રની સામૂહિક શક્તિ — 'લોક-શક્તિ'ને નમન કરું છું. આ કાર્યક્રમ મને દેશભરના દરેક પરિવાર સાથે જોડાવાની તક આપે છે. ઘણા શ્રોતાઓ જણાવે છે કે તેમને એવું લાગે છે જાણે હું તેમની વચ્ચે જ હોઉં, તેમના પરિવારના જ એક સભ્યની જેમ તેમની સાથે વાતચીત કરી રહ્યો હોઉં. આ ગાઢ જોડાણ અને તમારો સ્નેહ મારા માટે અમૂલ્ય ખજાનો છે."

'મન કી બાત'ના ૧૩૯મા એપિસોડ દ્વારા રાષ્ટ્રને સંબોધતા પ્રધાનમંત્રીએ પંજાબના 'ખેતી વિરાસત મિશન'નો ઉલ્લેખ કર્યો, જે જૈવિક ખેતી (ઓર્ગેનિક ફાર્મિંગ) અને પરંપરાગત કૃષિ પદ્ધતિઓને પ્રોત્સાહન આપવામાં મદદ કરી રહ્યું છે. તેમણે 'નવ-ત્રિંજન' પહેલની પણ પ્રશંસા કરી અને કહ્યું કે તે પંજાબના માલવા ક્ષેત્રમાં કુદરતી કપાસની ખેતીને પ્રોત્સાહન આપી રહી છે.

પ્રધાનમંત્રી મોદીએ લોકોને અંગદાન (ઓર્ગન ડોનેશન)ને પ્રોત્સાહન આપવા માટે પણ અનુરોધ કર્યો. તેમણે ભારપૂર્વક કહ્યું કે, અંગદાનથી લોકોના જીવ બચાવી શકાય છે અને તબીબી સંશોધનને આગળ વધારી શકાય છે. તેમણે આઈઆઈટી (IIT) મદ્રાસના પ્રયાસોને પણ બિરદાવ્યા, જેમણે 'પરમ શક્તિ' સુપર કોમ્પ્યુટરનો ઉપયોગ કરીને વિશ્વસ્તરીય 'બ્રેઈન-ઈમેજિંગ' (મગજની છબી લેતી) ટેક્નોલોજી વિકસાવી છે. આ ટેક્નોલોજી ઉચ્ચ-રિઝોલ્યુશનવાળી ડિજિટલ ૩ડ છબીઓ બનાવી શકે છે અને ૧૦૦ માનવ મગજનો અત્યંત ઝીણવટભર્યો અભ્યાસ કરવામાં મદદરૂપ થઈ શકે છે.

જર્મનીના મ્યુનિકમાં ભારતીય પ્રવાસી સમુદાયે 'ભારત ફર્સ્ટ' કાર્યક્રમ યોજ્યો

ભારતની મોદી સરકારના જનાદેશનું સમર્થન અને ભારત વિરોધી પ્રચારોને વળતો જવાબ

મ્યુનિક,

જર્મનીમાં રહેતા ભારતીય ડાયસ્પોરાના સભ્યો મ્યુનિકના રિન્ડરમાર્કેટ ખાતે 'ભારત ફર્સ્ટ' નામના શાંતિપૂર્ણ પ્રદર્શન માટે એકઠા થયા હતા, જેનું આયોજન નોન-રેસિડેન્ટ ઈન્ડિયન (NRI) ફોર ભારત રાઇઝ દ્વારા ભારતના લોકશાહી આદેશને સમર્થન આપવા અને વિદેશમાં આયોજકો દ્વારા ભારત વિરોધી કથાઓ તરીકે વર્ણવવામાં આવેલા વિરોધ માટે કરવામાં આવ્યું હતું.

શનિવારે યોજાયેલા આ મેળાવડામાં જર્મનીભરના ભારતીય વ્યાવસાયિકો, વિદ્યાર્થીઓ અને પરિવારો એકઠા થયા હતા. સહભાગીઓએ ૧.૪ અબજ ભારતીયો અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારના આદેશનું સન્માન કરવા હાકલ કરી હતી.

આયોજકોના જણાવ્યા મુજબ, તેમણે એ વાત પર ભાર મૂક્યો હતો કે કેટલાક નકારાત્મક તત્વો અને રાજકીય રીતે પ્રેરિત ઝુંબેશ વિદેશમાં ભારતની લોકશાહી છબીને નબળી પાડવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ડાયસ્પોરાએ આ વિભાજનકારી વિરોધ પ્રદર્શનોને સક્રિયપણે બંધ કરવાનો અને તથ્યપૂર્ણ, દેશભક્તિપૂર્ણ વાર્તા-નિર્માણ દ્વારા ભારતની વૈશ્વિક સ્થિતિનો બચાવ કરવાનો સંકલ્પ કર્યો હતો. મેળાવડામાં વ્યાપક ચર્ચા દરમિયાન, સહભાગીઓએ સીધા જ જર્મની સ્થિત વિવેચકો - ખાસ કરીને યુટ્યુબર ધ્રુવ રાઠી - ના મુદ્દા પર ચર્ચા કરી હતી. ડાયસ્પોરાના નેતાઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે જર્મનીમાં રહેતા સ્વ-શૈલીવાળા ઓનલાઈન ટીકાકારો યુરોપમાં રહેતા વ્યાપક ભારતીય સમુદાય માટે બોલતા નથી, જેઓ ભારતના લોકશાહી વિકલ્પો, આર્થિક પ્રગતિ અને રાષ્ટ્રીય સાર્વભૌમત્વને મોટા પાયે સમર્થન આપે છે. આ મેળાવડામાં સ્થાનિક જર્મન સમુદાય સાથે જોડાવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

તમિલનાડુ અને પુડુચેરીના ૯ બંદરો પર ચક્રવાતની ચેતવણી

બંગાળની ખાડી પરનું ડિપ્રેશન વધુ તીવ્ર બન્યું

બંગાળ

બંગાળની ખાડીમાં સર્જાયેલું લો-પ્રેશર (હવાનું ઓછું દબાણ) તીવ્ર બનીને 'ડિપ્રેશન'માં ફેરવાઈ ગયું છે, જેના પગલે તમિલનાડુ અને પુડુચેરીના નવ બંદરો પર ચક્રવાતની ચેતવણીના સંકેતો લગાવી દેવામાં આવ્યા છે. ભારતીય હવામાન વિભાગ (IMD) ના જણાવ્યા અનુસાર, આ હવામાન પ્રણાલી વધુ શક્તિશાળી બનીને 'અતિ ગંભીર ચક્રવાતી વાવાઝોડા' નું સ્વરૂપ ધારણ કરશે અને ૨૮ ઓક્ટોબરે આંધ્રપ્રદેશના કિનારે ત્રાટકશે. હવામાનની સ્થિતિ વધુ બગડવાની શક્યતાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે અને ચેન્નાઈ, નાગપટ્ટિનમ, કુડ્ડલોર, કરાઈકલ, પમ્બન અને થૂથુકુડી સહિતના બંદરો પર ચેતવણીના સંકેતો લગાવી દેવામાં આવ્યા છે. દરમિયાન, પુડુચેરી અને તેની આસપાસના વિસ્તારોમાં શનિવાર રાતથી સતત વરસાદ પડી રહ્યો છે, કારણ કે આ ક્ષેત્રમાં ઈશાન ચોમાસું સક્રિય છે. હાલમાં આ 'ડિપ્રેશન' ક્યાં સ્થિત છે? IMD ના તાજેતરના બુલેટિન મુજબ, પૂર્વ-મધ્ય અને તેને અડીને આવેલા દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડી પર સર્જાયેલું આ ડિપ્રેશન છેલ્લા છ કલાક દરમિયાન ૫ કિમી પ્રતિ કલાકની ઝડપે દક્ષિણ-પૂર્વ દિશામાં આગળ વધ્યું છે. રવિવારની સ્થિતિએ, આ હવામાન પ્રણાલી આંદામાન ટાપુઓમાં શ્રી વિજય પુરમથી લગભગ ૪૪૦ કિમી ઉત્તર-ઉત્તરપશ્ચિમમાં અને આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમથી ૮૮૦ કિમી પૂર્વ-દક્ષિણપૂર્વમાં કેન્દ્રિત હતી.

ફ્રાન્સમાં વિરોધ પ્રદર્શનો; સમગ્ર દેશમાં ઘર્ષણ ફાટી નીકળતાં ૧૦૦૦ લોકોની કરાઈ ધરપકડ

રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા માટે સરકારે દેશભરમાં ૭૦,૦૦૦ સુરક્ષા કર્મચારીઓ તૈનાત કર્યા

પેરિસ,

ફ્રાન્સમાં નવા વિરોધ પ્રદર્શનો શરૂ થયા, જેમાં જીવનનિર્વાહના વધતા ખર્ચ, શિક્ષણ ભંડોળ અને અસમાનતાને લઈને પ્રદર્શનકારીઓ રસ્તા પર પાછા ફર્યા. પેરિસ અને અન્ય કેટલાક શહેરોમાં અથડામણો ફાટી નીકળી, જેના કારણે પોલીસે ટીયર ગેસ છોડવા અને પાણીના તોપ તૈનાત કરવા પડ્યા કારણ કે અધિકારીઓએ એક અઠવાડિયા પહેલા થયેલી હિંસાનું પુનરાવર્તન અટકાવવાનો પ્રયાસ કર્યો.

ગૃહમંત્રી લોરેન્ટ નુનેઝે જણાવ્યું હતું કે તાજેતરના પ્રદર્શનો દરમિયાન ફ્રેન્ચ પોલીસે લગભગ ૧,૦૦૦ લોકોની ધરપકડ કરી હતી. રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન પર છ મહિનામાં યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા માટે વધતા દબાણનો સામનો કરવો પડ્યો હોવાથી સરકારે દેશભરમાં ૭૦,૦૦૦ સુરક્ષા કર્મચારીઓ તૈનાત કર્યા હતા. નવીનતમ વિકાસ પર ૧૦ મુખ્ય મુદ્દાઓ અહીં છે.

શનિવારે ફ્રાન્સમાં સેંકડો પ્રદર્શનો થયા, જેમાં લોકો જીવનનિર્વાહના વધતા ખર્ચ અને શિક્ષણ ભંડોળ અંગેની ચિંતાઓને લઈને રસ્તા પર ઉતરી આવ્યા. શાળાની સ્થિતિ અંગે વિદ્યાર્થીઓના વિરોધથી શરૂ થયેલ આ આંદોલન, સરકાર સામે જાહેર ગુસ્સાની વ્યાપક અભિવ્યક્તિમાં વિસ્તર્યું છે.

ગૃહ પ્રધાન લોરેન્ટ નુનેઝના જણાવ્યા અનુસાર, ફ્રેન્ચ પોલીસે પ્રદર્શનો દરમિયાન લગભગ ૧,૦૦૦ લોકોની ધરપકડ કરી. તેમણે કહ્યું કે અધિકારીઓએ કાળા વસ્ત્રો પહેરેલા જૂથો દ્વારા "હિંસાનું ખૂબ જ ઊંચું સ્તર" સહન કર્યું જેને તેમણે અતિ-ડાબેરી ઉગ્રવાદીઓ તરીકે ઓળખાવ્યું હતું.

અધિકારીઓએ પાછલા સપ્તાહના હિંસાનું પુનરાવર્તન અટકાવવા માટે દેશભરમાં લગભગ ૭૦,૦૦૦ પોલીસ અધિકારીઓ અને અન્ય સુરક્ષા કર્મચારીઓને તૈનાત કર્યા.

વારાણસીમાં ગંગા નદી પર વડાપ્રધાન મોદીએ ભારતીય વાયુસેનાની આકાશી તાકાત નિહાળી

સુખોઈ, રાફેલ અને તેજસ મુખ્ય આકર્ષણના કેન્દ્રમાં રહ્યા

વારાણસી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે ઉત્તર પ્રદેશના વારાણસીમાં ગંગા નદીના કિનારે એક ભવ્ય એર શો (હવાઈ પ્રદર્શન) નિહાળ્યો, જેમાં ભારતીય વાયુસેના (IAF)ની તાકાત અને યુદ્ધ ક્ષમતાઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. 'નમો ઘાટ' ખાતે યોજાયેલો આ એર શો ભારતીય વાયુસેનાના 'વિંગ્સ ઓવર ગંગેસ' (Wings Over Ganges) કાર્યક્રમનો એક ભાગ હતો, જે વાયુસેનાની સેવાના ૯૪ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષમાં આ ગુરુવારે શરૂ થયો હતો. આ પ્રસંગે વડાપ્રધાનની સાથે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, રાજ્યપાલ આનંદીબેન પટેલ, વાયુસેના પ્રમુખ (CAS) એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ એર શોમાં ભારતીય વાયુસેનાની હવાઈ તાકાતની ઝલક જોવા મળી હતી, તેમજ ડ્રોન અને માનવરહિત હવાઈ વાહનો (UAVs)ના યુગમાં વાયુસેના યુદ્ધક્ષેત્રો માટે કેવી રીતે તૈયારી કરી રહી છે, તે પણ દર્શાવવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ફાઈટર જેટ્સના વિશેષ ફોર્મેશન (રચનાઓ), કાલ્પનિક હવાઈ યુદ્ધનું પ્રદર્શન, અદ્યતન સેન્સર ટેકનોલોજી અને એરોબેટિક દાવપેચ રજૂ કરવામાં આવ્યા હતા.

હુથીઓ દ્વારા છોડવામાં આવેલી ૧૦ બેલેસ્ટિક મિસાઈલોને આંતરી લેવામાં આવી

હુથીઓ દ્વારા દાવો કરાયેલા હુમલામાં ૧૩ લોકોના મોત બાદ એરપોર્ટ કામગીરી સ્થગિત કરવામાં આવી

રિયાધ,

સાઉદીની આગેવાની હેઠળના ગઠબંધને જણાવ્યું છે કે તેણે હુથીઓ દ્વારા રાજ્યના દક્ષિણ પ્રદેશ તરફ છોડવામાં આવેલી ૧૦ બેલિસ્ટિક મિસાઈલોને અટકાવી દીધી છે.

"આતંકવાદી હુથી લશ્કર દ્વારા દક્ષિણ પ્રદેશ તરફ છોડવામાં આવેલી ૧૦ બેલિસ્ટિક મિસાઈલોને અટકાવવામાં આવી હતી અને તેનો નાશ કરવામાં આવ્યો હતો," ગઠબંધનના પ્રવક્તા મેજર જનરલ તુર્કી અલ-મલ્કીએ ૠ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું.

રવિવારે સાઉદી રાજધાની રિયાધમાં પણ વિસ્ફોટો સંભળાયા હોવાના અહેવાલ છે, કારણ કે યમનના હુથીઓ દ્વારા વારંવાર કરવામાં આવેલા હુમલાઓ છતાં રાજ્ય રિયાધ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ફરીથી ખોલવાનું હતું.

દિવસની શરૂઆતમાં, સાઉદી નાગરિક સંરક્ષણ અધિકારીઓએ રિયાધ, અભા અને ખામિસ મુશૈત માટે કટોકટી ચેતવણીઓ જારી કરી હતી. થોડીવાર પછી, અધિકારીઓએ જાહેરાત કરી હતી કે ભય ટળી ગયો છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે રિયાધ તરફ બે ડ્રોન અને એક બેલિસ્ટિક મિસાઈલ પણ છોડવામાં આવી હતી, અને દક્ષિણ શહેર ખામિસ મુશૈત તરફ એક ક્રુઝ મિસાઈલ છોડવામાં આવી હતી.

રિયાધનું કિંગ ખાલિદ આંતરરાષ્ટ્રીય વિમાનમથક, જે છેલ્લા કેટલાક અઠવાડિયાથી હુથીઓના હુમલા હેઠળ આવ્યું છે, તેણે રવિવારે બે ટર્મિનલ પર કામગીરી ફરી શરૂ કરી.

જોકે, હુથીઓનો ખતરો મંડરાઈ રહ્યો છે કારણ કે તેના લશ્કરી પ્રવક્તા યાહ્યા સાડીએ જણાવ્યું હતું કે એરપોર્ટ "લશ્કરી લક્ષ્ય" રહ્યું છે અને તમામ એરલાઇન્સ, એરપોર્ટ સ્ટાફ અને મુસાફરોને તેનો ઉપયોગ ન કરવા ચેતવણી આપી હતી.

એક સપ્તાહ સુધી વેપાર બંધ રહ્યા બાદ પાકિસ્તાને ઈરાન સાથેની ફરી ખોલી

ઈસ્લામાબાદ,

પાકિસ્તાને ઈરાન સાથેનો એક મુખ્ય સરહદ ક્રોસિંગ ફરીથી ખોલ્યો જેથી દ્વિપક્ષીય વેપાર અને સરહદ પારની અવરજવર ફરી શરૂ થાય, જેના કારણે માલવાહક વાહનો ફસાયા, પુરવઠો ખોરવાઈ ગયો અને શિયાળા પહેલા ન્યની અછત અંગે ચિંતા વધી ગઈ.

મીડિયા સૂત્રોના અહેવાલ મુજબ, બલુચિસ્તાનના ગ્વાદર જિલ્લામાં ગબ્દ-રિમદાન ક્રોસિંગ પર શનિવારે વેપાર કામગીરી ફરી શરૂ થઈ, જેમાં સરહદ અધિકારીઓએ ૧૬ ઓક્ટોબર કે તે પહેલાંની તારીખની કન્સાઇનમેન્ટ નોટ્સ સાથે વાણિજ્યિક કન્સાઈનમેન્ટને પાર કરવાની મંજૂરી આપી.

આ અઠવાડિયાની શરૂઆતમાં પાકિસ્તાનના આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીરની ઈરાનની મુલાકાતના થોડા દિવસો પછી સરહદ ફરીથી ખોલવામાં આવી છે, જે દરમિયાન તેમણે દ્વિપક્ષીય સંબંધો અને પ્રાદેશિક મુદ્દાઓ પર ઈરાની નેતૃત્વ સાથે વાતચીત કરી હતી.

પાકિસ્તાનના વાણિજ્ય મંત્રાલયે ૧૭ ઓક્ટોબરે સરહદ બંધ કરી દીધી હતી અને સરહદ પારની અવરજવર બંધ કરી દીધી હતી. જોકે મંત્રાલયે આ નિર્ણયનું કારણ સ્પષ્ટ કર્યું ન હતું, પરંતુ આ સસ્પેન્શન સુરક્ષા ચિંતાઓ સાથે જોડાયેલું હોવાનું માનવામાં આવે છે.

સરહદ બંધ થવાથી પાકિસ્તાનમાં LPG પુરવઠા પર અસર પડી હતી, જેની માંગ શિયાળાની શરૂઆત સાથે વધે છે.

મત બચાવો, દેશ બચાવોઃ ૧લી નવેમ્બરની વિપક્ષની મહા રેલી માટે રાહુલ ગાંધીનું આહ્વાન

નવી દિલ્હી,

કોંગ્રેસના વરિષ્ઠ સાંસદ રાહુલ ગાંધીએ કથિત 'મત ચોરી' મુદ્દે કેન્દ્ર સરકાર પર ફરી પ્રહાર કર્યા છે. તેમણે તમામ લોકોને, ખાસ કરીને યુવાનોને, ભારતમાં 'લોકશાહી બચાવવા' માટે ૧લી નવેમ્બરે દિલ્હીના રામલીલા મેદાનમાં 'ઈન્ડિયા' (INDIA) ગઠબંધન દ્વારા આયોજિત મેગા રેલીમાં જોડાવા આહ્વાન કર્યું છે.

લોકસભામાં વિરોધ પક્ષના નેતાએ ભારતીય જનતા પાર્ટી (ભાજપ) અને તેના સહયોગી પક્ષોનો આભાર માન્યો કે તેમણે આ કૂચનો 'ઉત્સાહપૂર્વક' પ્રચાર કર્યો અને ખાતરી કરી કે લોકો તેના વિશે જાણી શકે.

ઉત્તર પ્રદેશના રાયબરેલીથી લોકસભા સાંસદ રાહુલ ગાંધીએ 'ઠ' (અગાઉનું ટ્વિટર) પર હિન્દીમાં એક પોસ્ટમાં કહ્યું, "આપણા મતોની ચોરી થઈ રહી છે અને આપણે કોઈપણ સંજોગોમાં તેને મૂંગા રહીને સહન કરીશું નહીં."

તેમણે વધુમાં કહ્યું, "મતદાર યાદીમાંથી નામો કાઢી નાખવામાં આવ્યા છે. નિયમો અને કાયદાઓનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. અને જેમણે પ્રશ્નો ઉઠાવ્યા, તેમને લાઠીઓનો સામનો કરવો પડ્યો. હવે દેશ જવાબ આપશે. ૧લી નવેમ્બરઃ ચાલો દિલ્હી! મત બચાવો, દેશ બચાવોઃ જન કૂચ અને મેગા રેલી. વિદ્યાર્થીઓ, ખેડૂતો, કામદારો, મહિલાઓ, યુવાનો અને વેપારીઓ — જેમને લોકશાહીની ચિંતા છે તે દરેક વ્યક્તિએ આમાં સામેલ થવું જોઈએ. મત તમારો છે. લડાઈ પણ તમારી જ છે."

'ઈન્ડિયા' ગઠબંધને ૧લી નવેમ્બરે દિલ્હીના રામલીલા મેદાનમાં એક મેગા રેલીનું આયોજન કર્યું છે. વિરોધ પક્ષના નેતાઓના મતે, આ રેલી 'દિલ્હી ચલો' કૂચનું પરાકાષ્ઠા સ્વરૂપ છે, જે કથિત 'મત ચોરી' અને ભારતીય ચૂંટણી પંચ (ECI) દ્વારા મતદાર યાદીઓની 'સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન' (SIR) પ્રક્રિયામાં થયેલી અનિયમિતતાઓના વિરોધમાં યોજાઈ રહી છે. 'ઈન્ડિયા' ગઠબંધનનું નેતૃત્વ કરતી કોંગ્રેસે દાવો કર્યો છે કે આ રેલીમાં ઓછામાં ઓછા એક લાખ લોકો ભાગ લેશે.

એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસે ૭ નવેમ્બર સુધી રિયાધ અને દમ્મામની ફ્લાઈટ્સ રદ કરી

ઈન્ડિગો અને આકાસા એરે સાઉદી અરેબિયા માટેની સેવાઓ રદ કરી : એરલાઇન્સ મુસાફરો માટે એડવાઈઝરી જાહેર

રિયાધ

એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસે રિયાધ અને દમ્મામને જોડતી તેમની ફ્લાઈટ્સ રદ કરવાની મુદત ૭ નવેમ્બર સુધી લંબાવી છે, જ્યારે જેદ્દાહ માટેની સેવાઓ ૩૧ ઓક્ટોબર સુધી સ્થગિત રહેશે.

આ ઉપરાંત, આ પ્રદેશમાં વધી રહેલા ભૌગોલિક-રાજકીય તણાવ અને ગલ્ફ દેશના એરપોર્ટ પર થયેલા હુમલાઓને ધ્યાનમાં રાખીને, ઈન્ડિગો અને આકાસા એરે પણ સાઉદી અરેબિયાના શહેરો માટેની તેમની સેવાઓ રદ કરી દીધી છે. એર ઈન્ડિયાએ 'ઠ' (ટ્વિટર) પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "પ્રદેશમાં પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, રિયાધ અને દમ્મામ આવતી-જતી એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ્સ ૭ નવેમ્બર ૨૦૨૬ સુધી સ્થગિત રહેશે, જ્યારે જેદ્દાહ આવતી-જતી સેવાઓ ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ સુધી સ્થગિત રહેશે."

એરલાઈને જણાવ્યું હતું કે જે મુસાફરો પાસે ૨૪ ઓક્ટોબર કે તે પહેલાંની કન્ફર્મ બુકિંગ છે, તેઓ ફ્લેક્સિબલ રીબુકિંગ (ફરીથી બુકિંગ) વિકલ્પોનો લાભ લઈ શકે છે અથવા બુકિંગ રદ કરવા પર સંપૂર્ણ રિફંડ મેળવવાનો વિકલ્પ પસંદ કરી શકે છે. અગાઉ, આ બંને એરલાઈન્સે સાઉદી અરેબિયા માટેની તેમની સેવાઓ ૨૪ ઓક્ટોબર સુધી રદ કરી હતી.

ઈન્ડિગોએ શનિવારે જણાવ્યું હતું કે, પરિસ્થિતિનું ઝીણવટભર્યું મૂલ્યાંકન કર્યા બાદ, જેદ્દાહ, દમ્મામ અને મદીના આવતી-જતી ફ્લાઈટ્સ પણ ૩૧ ઓક્ટોબર સુધી રદ રહેશે. શુક્રવારે, એરલાઈને રિયાધ માટેની સેવાઓ ૩૧ ઓક્ટોબર સુધી રદ કરવાની જાહેરાત કરી હતી, જ્યારે અન્ય ત્રણ શહેરો માટે ફ્લાઈટ્સ રદ કરવાની મુદત ૨૭ ઓક્ટોબર સુધી હતી. આકાસા એરે શુક્રવારે જણાવ્યું હતું કે તેમણે રિયાધ માટેની ફ્લાઈટ્સ સ્થગિત રાખવાની મુદત ૩૦ નવેમ્બર સુધી અને જેદ્દાહ માટેની મુદત ૧૦ નવેમ્બર સુધી લંબાવી છે.

એર ઈન્ડિયાએ જણાવ્યું કે, જે મુસાફરો પાસે ૨૪ ઓક્ટોબર ૨૦૨૬ કે તે પહેલાંની કન્ફર્મ બુકિંગ છે, તેઓ ફ્લેક્સિબલ રીબુકિંગ વિકલ્પોનો લાભ લઈ શકે છે અથવા બુકિંગ રદ કરવા પર સંપૂર્ણ રિફંડ મેળવવાનો વિકલ્પ પસંદ કરી શકે છે. ફ્લાઇટ વિક્ષેપોથી પ્રભાવિત મુસાફરોને સુવિધા આપવા માટે, એર ઈન્ડિયા ૨૪ ઓક્ટોબર અથવા તે પહેલાં કરવામાં આવેલા બુકિંગ માટે એક વખત મફત તારીખમાં ફેરફારની મંજૂરી આપી રહી છે.

ઓપરેશન ટ્રાઈડેન્ટઃ ઉત્તર-પૂર્વમાં આંતરરાષ્ટ્રીય ડ્રગ કાર્ટેલનો પર્દાફાશઃ ૧૮ની ધરપકડ

અમિત શાહે નશીલા પદાર્થોને ભારત સામેના સૌથી મોટા પડકારોમાંના એક ગણાવ્યા

નવી દિલ્હી,

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, એક આંતરરાષ્ટ્રીય માદક પદાર્થ તસ્કરી નેટવર્ક (નાર્કોટિક્સ કાર્ટેલ)નો પર્દાફાશ કરવામાં આવ્યો છે અને સુરક્ષા દળોએ આસામ, મિઝોરમ અને મણિપુરથી ૧૮ લોકોની ધરપકડ કરી છે. તેમણે આ કામગીરી કરનાર ટીમને અભિનંદન પાઠવ્યા હતા, જેમાં કેન્દ્રીય એજન્સીઓના સભ્યો અને ત્રણેય રાજ્યોના પોલીસ કર્મચારીઓ સામેલ હતા.

માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ 'ઠ' (અગાઉનું ટ્વિટર) પર 'ઓપરેશન ટ્રાઈડેન્ટ' નામની આ કાર્યવાહી વિશે વિગતો આપતા, ભારતીય જનતા પાર્ટી ભાજપના નેતાએ જણાવ્યું હતું કે આ નેટવર્ક 'ગોલ્ડન ટ્રાયએંગલ કોરિડોર' મારફતે ભારત, મ્યાનમાર અને બાંગ્લાદેશની સરહદો પર માદક પદાર્થોની તસ્કરી કરતું હતું.

તેમણે કહ્યું કે આ ઓપરેશન ૩૧ ડિસેમ્બર, ૨૦૨૯ સુધીમાં ભારતને નશામુક્ત બનાવવાની કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતાને સાબિત કરે છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે દેશ માદક પદાર્થોના આ નેટવર્ક્સ (કાર્ટેલ્સ) સામે ત્યાં સુધી પ્રહાર કરતો રહેશે જ્યાં સુધી તેમનો સંપૂર્ણ સફાયો ન થઈ જાય.



કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું, "અમારી એજન્સીઓએ ૨૩ ઓક્ટોબરે આસામ, મિઝોરમ અને મણિપુરમાં ૩૮ સ્થળોએ એકસાથે દરોડા પાડીને એક આંતરરાષ્ટ્રીય માદક પદાર્થ તસ્કરી નેટવર્કનો પર્દાફાશ કર્યો છે." તેમણે વધુમાં જણાવ્યું કે, "આ ઓપરેશન દરમિયાન ૧૦૦ કરોડ રૂપિયાના હવાલા વ્યવહારોનો ખુલાસો થયો છે, ૧,૪૨૪ બેંક ખાતાઓ ફ્રીઝ કરવામાં આવ્યા છે, ૧૭.૮૨ કરોડ રૂપિયાની સંપત્તિ જમ કરવામાં આવી છે, ૫૦૦ ડેટોનેટર અને ૧૨ લાખ રૂપિયા રોકડા જમ કરાયા છે, તેમજ ૧૮ લોકોની ધરપકડ કરવામાં આવી છે."

આ પહેલાં અમિત શાહે નશીલા પદાર્થોને ભારત સામેના સૌથી મોટા પડકારોમાંના એક ગણાવ્યા હતા અને કહ્યું હતું કે જો તેના પર નિયંત્રણ ન મૂકવામાં આવે તો તે દેશના વિકાસને નુકસાન પહોંચાડી શકે છે. તેમણે જાહેરાત કરી હતી કે કેન્દ્ર સરકાર ડિસેમ્બર ૨૦૨૯ સુધીમાં દેશને નશામુક્ત બનાવશે.

૨૧ ઓક્ટોબરે નવી દિલ્હીમાં નેશનલ પોલીસ મેમોરિયલ (રાષ્ટ્રીય પોલીસ સ્મારક) ખાતેથી આપેલા સંદેશમાં, તેમણે દેશભરના પોલીસ દળોને ભારતને નશામુક્ત બનાવવામાં મદદ કરવા અને આ ખતરાને કાયમ માટે નાબૂદ કરવા માટે પ્રતિબદ્ધ થવા આહ્વાન કર્યું હતું.

અમરેલીના સાવરકુંડલા રોડ પર પીપાવાવ હાઈવે પર LPG ભરેલું ટેન્કર પલટી જતાં અફડાતફડી!

બાઢડા ગામ નજીક સર્જાયેલી ઘટનાથી તંત્ર દોડતું થયું ફાયર બ્રિગેડની ટીમોએ પાણીનો છંટકાવ શરૂ કર્યો

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

અમરેલી-પીપાવાવ નેશનલ હાઈવે પર ગેસ ભરેલાં ટેન્કરો પલટી ખાવાની ઘટનાઓ અટકવાનું નામ લેતી નથી. સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામ નજીક પીપાવાવ પોર્ટથી LPG ગેસ ભરીને બાબરા તરફ જઈ રહેલું ટેન્કર ગઈકાલે બપોરે અચાનક પલટી જતાં હાઈવે પર અફડા તફડી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ સાવરકુંડલા અને અમરેલીની ફાયર બ્રિગેડની ટીમો તેમજ પોલીસ અને વહીવટી તંત્ર તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયાં હતાં.



સુત્રોમાંથી મળતી પ્રાથમિક વિગતો અનુસાર, LPG ગેસ ભરેલું ટેન્કર બાઢડા ગામ નજીકથી પસાર થઈ રહ્યું હતું. ત્યારે અચાનક પલટી ખાઈ ગયું હતું. આ બનાવમાં ટેન્કરના ડ્રાઈવરને સામાન્ય ઈજાઓ થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. ગેસ ભરેલા ટેન્કરની ઘટનાને પગલે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તંત્ર દ્વારા તાત્કાલિક સુરક્ષાનાં પગલાં લેવામાં આવ્યાં હતાં.

પોલીસ દ્વારા માર્ગ પર વાહનવ્યવહાર અટકાવી દેવામાં આવ્યો હતો, જ્યારે ફાયર બ્રિગેડની ટીમોએ ટેન્કર આસપાસ પાણીનો છંટકાવ શરૂ કર્યો હતો. સાવરકુંડલા પોલીસ અને વહીવટી તંત્રની ટીમોએ સ્થળ પર પહોંચી પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. સુરક્ષાનાં કારણોસર અમરેલી-રાજુલા માર્ગ પરનો વાહનવ્યવહાર થોડા સમય માટે બંધ કરવામાં આવતાં વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

જોકે, જરૂરી કાર્યવાહી બાદ માર્ગ પર વાહનવ્યવહાર ફરી શરૂ કરવામાં આવતાં વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો હતો. ટેન્કર કયા સંજોગોમાં પલટી ખાઈ ગયું તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

ધારીની 'કૃષિ ખેડૂત ઉત્પાદક અને પ્રોસેસિંગ સહકારી મંડળી'ને રાષ્ટ્રીય કક્ષાનો 'CII FPO એક્સેલન્સ એવોર્ડ' એનાયત

અમરેલી જિલ્લાનું ગૌરવ સંસ્થાના પ્રમુખ ભાવનાબેન ગોંડલીયાએ રાષ્ટ્રીય સ્વીકાર્યો એવોર્ડ

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી તથા CII ફૂડ એન્ડ એગ્રીકલ્ચર સેન્ટર ઓફ એક્સેલન્સ દ્વારા ગત ૨૩ ઓક્ટો.ના રોજ નવી દિલ્હી ખાતે આયોજિત રાષ્ટ્રીય પરિષદ 'CII FPO સમિટ એન્ડ FPO એક્સેલન્સ એવોર્ડ્સ'માં અમરેલી જિલ્લાના ધારી સ્થિત 'ધારી કૃષિ ખેડૂત ઉત્પાદક અને પ્રોસેસિંગ સહકારી મંડળી'ને પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. આ ગૌરવપૂર્ણ એવોર્ડ સંસ્થાના પ્રમુખ ભાવના ગોંડલીયાએ ઉપસ્થિત મહાનુભાવો અને કૃષિ ક્ષેત્રના અગ્રણીઓની ઉપસ્થિતિમાં સ્વીકાર્યો હતો.



અમરેલી જિલ્લાના ધારી પંથકમાં કાર્યરત આ સહકારી મંડળી છેલ્લા ઘણા સમયથી સ્થાનિક ખેડૂતોના આર્થિક ઉત્થાન અને સશક્તિકરણ માટે સતત કાર્યરત છે. ખેત પેદાશોનું મૂલ્યવર્ધન (વેલ્યુ એડિશન), પ્રોસેસિંગ, સંગ્રહ વ્યવસ્થા અને ખેડૂતોને સીધા યોગ્ય બજાર ભાવો અપાવવા જેવી કામગીરીમાં મંડળીએ ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ખાસ કરીને મહિલા ખેડૂતોની ભાગીદારી અને ટકાઉ કૃષિ પદ્ધતિઓને પ્રોત્સાહન આપીને મંડળીએ ગ્રામીણ અર્થતંત્રને નવી દિશા આપી છે.

રાષ્ટ્રીય સન્માન અંગે પ્રમુખ ભાવના ગોંડલીયાએ જણાવ્યું હતું કે "આ પુરસ્કાર માત્ર મંડળીનો નથી, પરંતુ ધારી અને સમગ્ર અમરેલી જિલ્લાના મહેનતુ ખેડૂત ભાઈ-બહેનોના પરસેવાનું પરિણામ છે. ખેડૂતો સંગઠિત થઈને પ્રોસેસિંગ અને વેલ્યુ એડિશન તરફ વળે તો ખેતી પણ નફાકારક ઉદ્યોગ બની શકે છે. આ એવોર્ડથી અમને ખેડૂતોના હિતમાં હજુ વધુ ઉત્સાહ અને નવી ટેક્નોલોજી સાથે કામ કરવાની નવી પ્રેરણા મળી છે."

રાષ્ટ્રીય કક્ષાએ ધારીની મંડળીની નોંધ લેવાતાં સમગ્ર અમરેલી જિલ્લાના સહકારી જગત, ખેડૂત સમુદાય અને સ્થાનિક આગેવાનોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે અને મંડળીના સંચાલકો તથા ખેડૂત સભાસદો પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

દિલીપભાઈ સંઘાણી ICA ગ્લોબલ બોર્ડમાં ડિરેક્ટર બનતા ડોલરભાઈ કોટેચાએ પાઠવ્યા અભિનંદન



(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

ખેતી બેંકના અધ્યક્ષશ્રી ડોલરભાઈ કોટેચાએ ICA ગ્લોબલ બોર્ડમાં ડિરેક્ટર તરીકે ચૂંટાવા બદલ ઈફ્કોના ચેરમેન અને સહકારી અગ્રણી શ્રી દિલીપભાઈ સાંઘાણીની રૂબરૂ મુલાકાત લઈ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

આ તકે તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના "સહકારથી સમૃદ્ધિ"ના વિઝન અને કેન્દ્રીય સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વ હેઠળ ભારતીય સહકારી ક્ષેત્ર નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. આ વૈશ્વિક પ્રતિનિધિત્વ સમગ્ર દેશના સહકારી ક્ષેત્ર માટે ગૌરવની બાબત છે. વિશ્વભરમાં ભારતીય સહકાર ક્ષેત્રની ઓળખ વધુ મજબૂત બને તેવી શુભકામનાઓ પણ તેમણે વ્યક્ત કરી હતી

અમરેલી-ખીજડિયા સેક્શનમાં બ્રોડગેજ નિર્માણ કાર્યોનું વિસ્તૃત સુરક્ષા અંગે નિરીક્ષણ કરતાં રેલ પ્રબંધક

નિર્માણ કાર્યોની પ્રગતિ, રેલવે સંરક્ષા અને મુસાફર સુવિધાઓની વ્યવસ્થાઓની સમીક્ષા કરી

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળના રેલ પ્રબંધક દિનેશ વર્માએ ગત તા. ૨૩ ના રોજ ખીજડિયા અને અમરેલી સેક્શનમાં બ્રોડગેજ) નિર્માણ કાર્યોનું વિસ્તૃત સંરક્ષા નિરીક્ષણ કર્યું હતું. આ નિરીક્ષણનો હેતુ નિર્માણ કાર્યોની પ્રગતિની સમીક્ષા કરવાની સાથે રેલવે સંરક્ષા, નિર્માણની ગુણવત્તા અને મુસાફર સુવિધાઓ સંબંધિત વ્યવસ્થાઓની સમીક્ષા કરવાનો હતો.



ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક ત્રિપાઠીએ અમારા પ્રતિનિધિ મિલાપ રૂપારેલને માહિતી આપતાં જણાવ્યું હતું કે, નિરીક્ષણ દરમિયાન ડિવિઝનલ રેલવે મેનેજરે રેલવે સેક્શનમાં ચાલી રહેલાં વિવિધ નિર્માણ કાર્યોની પ્રગતિનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કર્યું હતું. તેમણે રેલવે અંડર બ્રિજ, પુલો, સમપાર ફાટકો (લેવલ ક્રોસિંગ ગેટ્સ), વળાંકો (કર્વ), ઈન્ટરલોકિંગ સિસ્ટમ અને પોઈન્ટ્સનું નિરીક્ષણ કરીને સંબંધિત કાર્યોની વર્તમાન સ્થિતિની સમીક્ષા કરી હતી.

નિરીક્ષણ દરમિયાન રેલવે સંરક્ષા સાથે સંકળાયેલા વિવિધ તકનીકી પાસાઓ તેમજ નિર્માણ કાર્યોની ગુણવત્તા પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંબંધિત અધિકારીઓ પાસેથી નિર્માણ કાર્યોની પ્રગતિ અને તકનીકી વ્યવસ્થાઓ અંગેની માહિતી પણ મેળવવામાં આવી હતી.

આ ઉપરાંત, ડિવિજનલ રેલવે મેનેજરે અમરેલી રેલવે સ્ટેશન પર મુસાફરોને પૂરી પાડવામાં આવતી વિવિધ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે સ્ટેશન પર ઉપલબ્ધ સુવિધાઓ અને સંબંધિત વ્યવસ્થાઓની સમીક્ષા કરીને મુસાફર સુવિધાઓની યોગ્ય જાળવણી અને વધુ સારી વ્યવસ્થાપન વ્યવસ્થાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો.

પશ્ચિમ રેલવેનું ભાવનગર મંડળ રેલવે સંરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને માળખાકીય સુવિધાઓના વિકાસ, નિર્માણ કાર્યોની ગુણવત્તા અને મુસાફર સુવિધાઓના સતત વિકાસ તથા ઉન્નતીકરણ માટે પ્રતિબદ્ધ છે. આ સંરક્ષા નિરીક્ષણ દરમિયાન મંડળના વરિષ્ઠ શાખા અધિકારીઓ અને સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

લીલીયા પંથકમાં ઘરની બહાર વીજ મીટર લગાવવાની કામગીરી સામે ઉઠ્યો વિરોધનો સૂર

મીટર ચોરી અને શોર્ટ સર્કિટના ભય વચ્ચે સુરક્ષા સામે સવાલ,મીટર મૂકવાની સુરક્ષિત વ્યવસ્થા કરવા માંગ

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

લીલીયા તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારોમાં PGVCLદ્વારા વીજ ગ્રાહકોનાં ઘરની બહાર કે જાહેર શેરીઓમાં વીજ મીટર લગાવવાની કામગીરી સામે વિરોધ ઊઠ્યો છે. ખુલ્લામાં લગાવવામાં આવતા વીજ મીટરની સુરક્ષા, ચોરી અને વરસાદી પાણીથી શોર્ટ સર્કિટ થવાના સંભવિત જોખમો અંગે ચિંતા વ્યક્ત કરતાં લીલીયા તાલુકા પંચાયતના પ્રમુખ જગદીશભાઈ દેથલિયાએ વીજતંત્રને લેખિત રજૂઆત કરી છે અને ગ્રાહકોના હિતમાં યોગ્ય નિર્ણય લેવા માંગ કરી છે.



પ્રાપ્ત વિગતો મુજબ, લીલીયા તાલુકાનાં વિવિધ ગામોમાં વીજ ગ્રાહકોનાં ઘરની બહાર, શેરીઓમાં થાંભલા ઉપર અથવા ખુલ્લી જગ્યાએ વીજ મીટર લગાવવાની કામગીરી ચાલી રહી છે. આવી જગ્યાએ મીટર લગાવવાથી તેની ચોરી થવાની કે અસામાજિક તત્ત્વો દ્વારા નુકસાન પહોંચાડવામાં આવે તેવી શક્યતાઓને લઈને સવાલો ઊભા થયા છે.

ખાસ કરીને રાત્રિના સમયે મીટરની ચોરી કે તોડફોડ થાય તો તેની જવાબદારી કોની રહેશે ? તેવો પ્રશ્ન પણ રજૂઆતમાં ઉઠાવવામાં આવ્યો છે.

હવે લીલીયા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વીજ મીટર લગાવવાની કામગીરી અંગે PGVCLતંત્ર કેવો નિર્ણય લે છે અને ગ્રાહકોની સુરક્ષા તથા જવાબદારીના મુદ્દે કેવો અભિગમ અપનાવે છે તેના પર ગ્રામજનોની નજર મંડાઈ છે.

ખુલ્લી જગ્યાએ લગાવવામાં આવતા વીજ મીટર પર વરસાદી પાણી પડવાથી શોર્ટ સર્કિટ થવાની કે અન્ય વીજ અકસ્માત સર્જાવાની સંભાવના અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. વીજ મીટર ઘરની બહાર લગાવાયા બાદ તેમાં ચોરી, નુકસાન કે કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની આર્થિક જવાબદારી સામાન્ય વીજ ગ્રાહક પર ન પડે તે માટે સ્પષ્ટ નીતિ અને જવાબદારી નક્કી કરવાની માંગ કરવામાં આવી છે.

તાલુકા પંચાયત પ્રમુખ જગદીશભાઈ દેથલિયાએ રજૂઆતમાં માંગ કરી છે કે વીજ ગ્રાહકોનાં મીટર ઘરની અંદર અથવા અન્ય સુરક્ષિત અને યોગ્ય જગ્યાએ લગાવવામાં આવે. જો PGVCL દ્વારા મીટર ઘરની બહાર જાહેર શેરીમાં લગાવવામાં આવે તો મીટરની ચોરી, તોડફોડ કે અન્ય નુકસાનના કિસ્સામાં જવાબદારી કોની રહેશે? તે અંગે વીજતંત્રએ સ્પષ્ટતા કરવી જોઈએ.

અમરેલીમાં દુષ્કાળના મુદ્દે રાજકારણ ગરમાયું

પ્રતાપ દુધાતે કહ્યું, 'કુંવરજીભાઈ, દુષ્કાળ જાહેર કરાવી ખેડૂતોનાં દેવા માફ કરાવશો તો સાવરકુંડલામાં ભવ્ય સન્માન કરીશ'

અમરેલી:અમરેલી જિલ્લામાં સાવરકુંડલા ખાતે SIR મુદ્દે કોંગ્રેસની બેઠક યોજાઈ હતી. 'વોટ બચાવો, દેશ બચાવો' અભિયાન અંતર્ગત યોજાયેલી આ બેઠકમાં મતદાર યાદી સુધારણા પ્રક્રિયા, મતાધિકાર અને લોકશાહીના મહત્વ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ દરમિયાન કોંગ્રેસના આગેવાનોએ ભાજપ પર વોટ ચોરીના આક્ષેપો કર્યા હતા. બીજી તરફ, ખેડૂતોની સમસ્યાઓ અને ગુજરાતમાં દુષ્કાળ જાહેર કરવાની માગને લઈને કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે મંત્રી કુંવરજી બાવળિયાના નિવેદન સામે વળતો જવાબ આપતાં રાજકીય નિવેદનબાજી તેજ બની છે.સાવરકુંડલામાં યોજાયેલી બેઠકમાં અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતે ભાજપ પર નિશાન સાધ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે રાહુલ ગાંધી દ્વારા જ્ઞાનેશ કુમારના મુદ્દાઓને લઈને 'વોટ બચાવો, દેશ બચાવો' અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. પ્રતાપ દુધાતે આક્ષેપ કર્યો હતો કે ભાજપે વોટ ચોરી કરીને સત્તાની ગાદી સુધી પહોંચવાનું કામ કર્યું છે.

મધ્યપ્રદેશના પૂર્વ મંત્રી અને અમરેલી જિલ્લાના કોંગ્રેસ પ્રભારી સુખદેવ પાંચેએ પણ બેઠક દરમિયાન ભાજપ પર પ્રહાર કર્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે ભાજપ પોતાની નબળાઈઓ છુપાવવા માટે આગામી દિવસોમાં રેલીઓ યોજી રહી છે. બેઠકમાં SIR મુદ્દે લોકોમાં જાગૃતિ લાવવા અને આગામી દિવસોમાં જનજાગૃતિ તથા રાજકીય કાર્યક્રમોને વધુ વેગ આપવાની દિશામાં ચર્ચા કરવામાં આવી હતી.મંત્રી કુંવરજી બાવળિયાના દુષ્કાળ અંગેના નિવેદન સામે પ્રતાપ દુધાતે વળતો જવાબ આપતાં જણાવ્યું હતું કે, "કુંવરજીભાઈ કહે છે કે જરૂર પડશે તો દુષ્કાળ જાહેર કરવામાં આવશે. હું તેમની આ વાતને આવકારું છું, પરંતુ દુષ્કાળ જાહેર કરવાની જરૂર પડશે એવું નથી, અત્યારે જ તેની જરૂર છે."

તેમણે વધુમાં જણાવ્યું હતું કે બે દિવસ પહેલાં મોરબીમાં ખેડૂતોની વ્યથા અને વેદનાને લઈને યોજાયેલા સંમેલનમાં હજારો લોકો એકત્ર થયા હતા. તેમના મતે, ખેડૂતોની હાલત મુશ્કેલ બની રહી છે અને તેમને માત્ર આશ્વાસન આપવાને બદલે સરકાર દ્વારા નક્કર પગલાં લેવામાં આવે તે જરૂરી છે.



પ્રતાપ દુધાતે સરકાર સમક્ષ ખેડૂતોનાં દેવા માફ કરવા, દુષ્કાળ જાહેર કરવા અને લોકોને તાત્કાલિક સિંચાઈ યોજનાઓનો લાભ આપવા સહિતની માગણીઓ રજૂ કરી હતી. આ ઉપરાંત માલધારીઓનાં પશુધન માટે ઘાસની વ્યવસ્થા કરવા અને ગરીબ તથા મજૂર વર્ગના લોકોને રોજગારીની તકો પૂરી પાડવા પણ તેમણે માગ કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે ખેડૂતોની સમસ્યાઓના ઉકેલ માટે માત્ર આશ્વાસનો પૂરતાં નથી, પરંતુ સરકારની કામગીરીમાં નક્કરતા અને મક્કમતા દેખાવી જોઈએ. આ મુદ્દાઓને લઈને આગામી દિવસોમાં કોંગ્રેસ ભાજપને ઘેરશે તેવી પણ તેમણે વાત કરી હતી.

મંત્રી કુંવરજી બાવળિયાને સંબોધીને પ્રતાપ દુધાતે કહ્યું હતું કે, "કુંવરજીભાઈ, તમે કોંગ્રેસમાં પણ કામ કર્યું છે અને ભાજપમાં પણ કામ કરો છો. તમારી શું મજબૂરી છે તે મને ખબર નથી, પરંતુ જો તમે સાચા ખેડૂત નેતા હો અને ખેડૂતોનાં દેવા માફ કરાવીને સૌરાષ્ટ્ર તથા ગુજરાતને દુષ્કાળગ્રસ્ત જાહેર કરાવશો તો સાવરકુંડલાની બજારમાં તમારું ખૂબ ભવ્ય સન્માન કરીશ. મારા તરફથી ભારતીય જનતા પાર્ટીના મંત્રીનું સન્માન કરવામાં આવશે."

પ્રતાપ દુધાતના આ નિવેદનથી અમરેલી જિલ્લામાં ખેડૂતોના પ્રશ્નો અને દુષ્કાળ જાહેર કરવાની માગને લઈને રાજકીય ચર્ચા તેજ બની છે. એક તરફ કોંગ્રેસ SIRમુદ્દે 'વોટ બચાવો, દેશ બચાવો' અભિયાન ચલાવી રહી છે, તો બીજી તરફ ખેડૂતોનાં દેવા માફી, સિંચાઈ, પશુઓ માટે ઘાસ અને રોજગારી જેવા મુદ્દાઓ પર સરકારને ઘેરવાની તૈયારી કરી રહી છે.

ઉનાના ભીંગરણ ગામે ધોળા દિવસે લૂંટ વિથ મર્ડર!

૮૫ વર્ષીય વૃદ્ધાના ગળે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી ઘરેણાંની લૂંટ,ઘરમાં લોહીથી લથપથ મળ્યો મૃતદેહ

(કૈલેશ ભટ્ટ દ્વારા) ઉના:

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના ભીંગરણ ગામમાં ધોળા દિવસે લૂંટ વિથ મર્ડરની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આજે બપોર બાદ ૪:૩૦ વાગ્યે ગામમાં આંગણવાડી નજીક રહેતાં ૮૫ વર્ષીય વૃદ્ધા રખમાંઈબેન પીઠાભાઈ બાંભણીયાની લૂંટના ઈરાદે હત્યા કરવામાં આવી હોવાની આશંકા છે. વૃદ્ધાના ગળા પર તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી તેમની હત્યા કરવામાં આવી હોવાનું પ્રાથમિક વિગતોમાં સામે આવ્યું છે. આ દરમિયાન વૃદ્ધાએ પહેરેલાં ઘરેણાં પણ લૂંટી લેવામાં આવ્યાં હતાં.



પ્રાથમિક વિગતો મુજબ, ભીંગરણ ગામમાં આંગણવાડી નજીક રહેતાં ૮૦ વર્ષીય રખમાંઈબેન ઘરે એકલાં રહેતાં હતાં, જ્યારે તેમનો પરિવાર વાડીએ રહેતો હતો. વૃદ્ધા એકલાં હોવાનો લાભલઈ અજાણ્યા શખસોએ લૂંટના ઈરાદે તેમના પર હુમલો કર્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ગળે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી ઘરેણાંની લૂંટ વૃદ્ધા રખમાંઈબેનના ગળા પર તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકીને તેમની હત્યા કરવામાં આવી હોવાની વિગતો સામે આવી છે. હત્યા બાદ વૃદ્ધાએ પહેરેલાં ઘરેણાં લૂંટી લેવામાં આવ્યાં હોવાની પણ આશંકા છે. જોકે, લૂંટ અને હત્યા પાછળનું ચોક્કસ કારણ તેમજ ઘટનામાં સંડોવાયેલા શખસો અંગેની વિગતો પોલીસ તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

ઘટનાની જાણ થતાં નવા બંદર પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને તપાસ હાથ ધરી હતી. વૃદ્ધાની હત્યા લૂંટના ઈરાદે કરવામાં આવી છે કે કેમ, તેમજ આરોપીઓ કોણ છે અને ઘટનામાં કેટલાં શખસો સંડોવાયેલા છે તે સહિતના મુદ્દાઓને લઈને પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

માણાવદર હાઈવે પરથી ૮.૬૨ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

જૂનાગઢ ડીઆઈજી સ્ટાફે ૧૨.૬૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

જૂનાગઢ:જૂનાગઢ ડીઆઈજી સ્ટાફે માણાવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન દારૂની હેરાફેરી ઝડપી પાડી. વાડાસડા ગામની સીમમાં નેશનલ હાઈવે ૨૭ પર વોચ ગોઠવી શંકાસ્પદ વાહનને રોકવામાં આવ્યું.અશોક લેલેન્ડના 'બડા દોસ્ત' વાહન (GJ-37-T-7291) માંથી ૭૫૦ એમ.એલ.ની ૧૦૫ પેટીઓ (કુલ ૧,૨૬૦ બોટલો) વિદેશી દારૂ મળ્યો. પોલીસે ૮.૬૨ લાખનો દારૂ, ૪ લાખનું વાહન, ૫ હજારનો મોબાઈલ અને ૫૦૦ રૂપિયાની તાડપત્રી સહિત કુલ ૧૨.૬૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો.રેઇડમાં રાજકોટના જંગલેશ્વરના ઈમરાન આરીફભાઇ સોલંકી (ઉ.વ. ૩૯) ઝડપાયો. વાહનનો ચાલક ફેઝલ (રહે. રેલનગર જંકશન, રાજકોટ) નાસી છૂટ્યો. રાજકોટના મહેબૂબ મીરે દારૂ મોકલ્યો હતો અને તે સફેદ સ્વિફ્ટ કાર (GJ-03-NB-0119) થી પાયલોટિંગ કરી રહ્યો હતો.

ધારીના જીરાસીમ વિસ્તારમાં જુગાર રમતા છ ઈસમો ઝડપાયા

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

અમરેલી એલ.સી.બી.પોલીસ ઈન્સ.ની રાહબરી હેઠળ એલ.સી.બી.ટીમે બાતમી હકિકત આધારે ધારી પોલીસ સ્ટેશન વિસ્તારમાં જીરા—મુંજીયાસર ગામ જતા રોડ ઉપર આવેલ સીમ વિસ્તારમાં જાહેરમાં જુગાર અંગે રેઈડ દરમિયાન ધારી તાલુકાના માણાવાવ ગામે રહેતા મંગળુભાઈ કાળુભાઈ વાળા, સાવરકુંડલા ગામે પારેખવાડી વિસ્તારમાં રહેતા જોરૂભાઈ ઓઢાભાઈ વિકમા, ધારી તાલુકાના વિરપુર ગામે રહેતા અશોકભાઈ અમકુભાઈ વાળા, ધારી તાલુકાના જીરા ગામે રહેતા રણજીતભાઈ બાબાભાઈ જેબલીયા, ધારી તાલુકાના ગઢીયા ગામે રહેતા નિર્મળભાઈ ઘોહાભાઈ વાળા તથા અનકભાઈ કથુભાઈ માંજરીયા સહીત ૬ ઈસમોને જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા રોકડ રકમ રૂપિયા ૪૦,૯૦૦ તથા જુગાર સાહિત્ય સાથે પકડી પાડી, આરોપીઓ વિરૂઘ્ધ જુગાર ધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા ધારી પોલીસ સ્ટેશનમાં સોંપી આપવામાં આવેલ છે.